અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

01 APRIL-2026 WEDNESDAY | Vol. : 17 | Issue : 268 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad


તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 
ગેસની અછતને પહોંચી વળવા સરકારનો નવો પ્લાન: જહાજોને હોર્મુઝમાંથી નહીં પસાર થવું પડે, અંગોલા પાસેથી LPG.....

4 

મધ્ય-પૂર્વ યુદ્ધને કારણે જીડીપી પર તાણ વધી

6 
સંજુ સેમસન ફ્લોપ અને રવિન્દ્ર જાડેજા હિટ, CSKને એક જ મેચમાં 2.58 કરોડનું નુકસાન!

7 
આજથી ટેક્સના નિયમોમાં થશે મોટો ફેરફાર: ટોલ પ્લાઝા કેશલેસ થશે, બદલાશે આ 10 નિયમ, તમારા ખિસ્સાં પર....

### ડિસાના લોકો સાથે મને વિશેષ લગાવ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

# વાવ-થરાદમાં PM મોદીનું સંબોધન, ₹19,800 કરોડના વિકાસકાર્યોની ભેટ

## લાંબા સમય સુધી ડીસા એરબેઝની ફાઈલ દબાઈ ગઈ હતી, તે મેં ખોલી કરાવી અને આજે આ ક્ષેત્રના વિકાસથી ડીસાનો વિકાસ થયો છે

**વાવ-થરાદ,તા.31**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ૩૧મી માર્ચે ગુજરાતના પ્રવાસે આવ્યા છે. આજે તેઓએ ગાંધીનગરના કોબામાં જૈન હેરિટેઝ મ્યુઝિયમ અને સાણંદમાં સેમિકન્ડક્ટર પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યા બાદ હાલ તેઓ ગુજરાતના નવરચિત જિલ્લા વાવ-થરાદની મુલાકાતે પહોંચ્યા . વડાપ્રધાન મોદીને સાંભળવા મોટી સંખ્યામાં લોકોનો જમાવડો જામ્યો છે. ત્યારે PM મોદીએ રૂ. ૧૯,૮૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું છે.



PM મોદીએ કહ્યું કે, થોડા દિવસ પહેલા જ ચૈત્રી નવરાત્રિ પૂર્ણ થઈ, જેથી મા અંબાની કૃપાથી અહીં આવવાનો મોકો મળ્યો અને આજે પવિત્ર મહાવીર કલ્યાણક દિવસની શુભકામના. પહેલીવાર મારું વિમાન સીધું ડીસા એરબેઝ પર લેન્ડ થયું એ ગર્વની વાત છે. આ એરપોર્ટ આંતરરાષ્ટ્રીય સરહદથી ૧૩૦ કિમી દૂર છે, જે દેશની સુરક્ષા માટે મહત્ત્વનો ભાગ ભજવે છે. ડીસામાં એરબેઝ હોવું જરૂરી હતું પરંતુ, તે સમયે દિલ્હીમાં રાજ કરનારાઓને ગુજરાતીઓ સાથે નફરત હતી, જેથી લાંબા સમય સુધી ડીસા એરબેઝની ફાઈલ દબાઈ ગઈ હતી. તે મેં ખોલી કરાવી અને આજે આ ક્ષેત્રના વિકાસથી ડીસાનો વિકાસ થયો છે.

વધુમાં તેઓએ ઉમેર્યું કે, આ વિસ્તારમાં એક સમયે પાણીની અછતને કારણે દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાતી હતી. મા-બહેન-દીકરીઓને ૪-૫ કિમી દૂર જઈને પાણી લેવા જવું પડતું હતું, પરંતુ અમે નર્મદાનું પાણી ગામ ગામ સુધી પહોંચ્યું. જેના કારણે ખેડૂતોનો વિકાસ થયો છે, જેથી જ ડીસાના બટેટા દેશમાં વખણાય છે. અમદાવાદ ધોલેરા એક્સપ્રેસ વે કોરિડોર આ ક્ષેત્રને સમર્પિત છે. આ વિકાસથી ઉદ્યોગ અને રોકાણ વધ્યું, રોજગારી વધી છે. હિંમતનગર-ખેડબ્રહ્મા ગેસ કન્વર્ઝન અને આજે હિંમતનગર-અસરવા ટ્રેન સેવા શરૂ થઈ આ બધો વિકાસ ૨૦૧૪ બાદ ડબલ એન્જીનની સરકારે કરી છે.

નોંધનીય છે કે, વાવ-થરાદમાં આજે PM મોદીએ કેન્દ્ર સરકારના ઊર્જા, માર્ગ પરિવહન અને હાઈવે તેમજ રેલવેના વિકાસ કાર્યોની ભેટ આપી, વડાપ્રધાન આવાસ યોજનાના ૩૪ જિલ્લાઓમાં ૩૮,૯૪૯ મકાનોમાં લાભાર્થીઓનો ગૃહપ્રવેશ કરાવ્યો છે. પ્રવાસન, પરિવાર કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના રૂ.૮,૮૮૬ના કાર્યોની ભેટ આપી વડાપ્રધાન મોદીએ વાવ-થરાદમાં બે બાયોગેસ CNG સ્ટેશનનું લોકાર્પણ પણ કર્યું છે. ભીલડીમાં રૂ.૩૭૫ કરોડના ખર્ચે ૧૨૫ એકરમાં ફેલાયેલા પશુ સંવર્ધન કેન્દ્રનું લોકાર્પણ કર્યું છે.

# ઇઝરાયલમાં પેલેસ્ટિનિયન ગુનેગારોને સુનાવણી વિના મોતની સજા: બિલ પાસ, 90 દિવસમાં ફાંસી થશે

**તેલ અવીવ, તા.31**

ઈઝરાયલની સંસદ (નેસેટ) એ સોમવારે પેલેસ્ટાઈની ગુનેગારોને સજા આપતું બિલ પસાર કર્યું છે. આ અંતર્ગત વેસ્ટ બેંકના પેલેસ્ટાઈનીઓને ઈઝરાયલી નાગરિકોની હત્યા કરવા અથવા આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ થવા બદલ સીધી મૃત્યુદંડની સજા આપી શકાશે.

આમાં અપીલનો પણ કોઈ અધિકાર રહેશે નહીં. સજા સંભળાવ્યાના 90 દિવસની અંદર ફાંસી આપવામાં આવશે. આ કાયદો રાષ્ટ્રવાદી અથવા આતંકવાદી ઈરાદાથી કરવામાં આવેલી હત્યાઓ પર લાગુ પડશે. જોકે, અદાલતને વિશેષ કારણો હેઠળ આજીવન કેદની સજા આપવાનો પણ અધિકાર હશે.

આ બિલ રાષ્ટ્રીય સુરક્ષા મંત્રી ઈત્તમાર બેન ગ્વિરે આગળ વધાર્યું હતું. બિલ પસાર થયા પછી બેન ગ્વિર અને અન્ય સાંસદોએ સંસદમાં જ શેમ્પેનની બોટલ ખોલીને ઉજવણી કરી. તેમણે કહ્યું, "આજે ઈઝરાયલ રમતના નિયમો બદલી રહ્યું છે, જે યહૂદીઓની હત્યા કરશે, તે શ્વાસ લઈ શકશે નહીં."

બેન ગ્વિરે અગાઉ ધમકી આપી હતી કે જો બિલ પર મતદાન નહીં કરાવવામાં આવે તો તેમની પાર્ટી સરકારમાંથી સમર્થન પાછું ખેંચી લેશે.



આ બિલની માગ ઈઝરાયલના કટ્ટરપંથી જમણેરી જૂથો લાંબા સમયથી કરી રહ્યા હતા. વેસ્ટ બેંકમાં પેલેસ્ટિનિયનો પર મિલિટરી કાયદો લાગુ પડે છે. આ બિલ દ્વારા મિલિટરી કોર્ટના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે, જેનાથી હવે ન્યાયાધીશો સર્વસંમતિ વિના પણ મૃત્યુદંડની સજા સંભળાવી શકશે.

બીજી તરફ, ઈઝરાયલી યહૂદી વસાહતના રહેવાસીઓ જે વેસ્ટ બેંકમાં રહે છે, તેમના પર ઈઝરાયલી સિવિલિયન કાયદો લાગુ પડે છે. તેનો અર્થ એ છે કે તેમનો કેસ સામાન્ય ઈઝરાયલી નાગરિક અદાલતોમાં ચાલે છે.

આનું પરિણામ એ છે કે એક જ વિસ્તારમાં બે લોકો એક જ પ્રકારનો ગુનો કરે તો તેમને અલગ-અલગ સજા આપવામાં આવશે. આનાથી પેલેસ્ટાઈનીઓ માટે મૃત્યુદંડની આશંકા વધી જશે.

માનવાધિકાર સંગઠનોએ તેને વંશીય ભેદભાવપૂર્ણ અને બદલો લેવાની નીતિ ગણાવી છે. આ બિલનો વિરોધ કરતા ઈઝરાયલના માનવાધિકાર અને નાગરિક સમાજ સંગઠનોએ કહ્યું કે આ કાયદો પેલેસ્ટાઈનીઓ વિરુદ્ધ વંશીય હિંસાને પ્રોત્સાહન આપશે.

સંગઠનોએ તેને પેલેસ્ટાઈનીઓને નિશાન બનાવનાર અને ઈઝરાયલીઓને છૂટ આપનાર ગણાવ્યો. વિપક્ષી નેતા યાયર લાપિડે બિલની ટીકા કરતા તેને હમાસ સમક્ષ આત્મસમર્પણ ગણાવ્યું. તેમણે કહ્યું, "અમે હમાસ જેવા નથી, અમે હમાસથી બિલકુલ વિરુદ્ધ છીએ." બિલ પસાર થયાના તરત જ બાદ આ બિલ વિરુદ્ધ ઈઝરાયલના સિવિલ રાઈટ્સ સંગઠને સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. સાથે જ તેને ગેરબંધારણીય ગણાવીને રદ કરવાની માગ કરી છે. વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ પહેલા આ બિલનો વિરોધ કર્યો હતો, પરંતુ ગાઝા યુદ્ધવિરામ લાગુ થયા પછી તેમણે પોતાનો દૃષ્ટિકોણ બદલ્યો અને અંતિમ વોટમાં તેનું સમર્થન કર્યું. ઈઝરાયલના સમગ્ર ઈતિહાસમાં માત્ર બે વાર જ મૃત્યુદંડની સજા આપવામાં આવી. પ્રથમ કિસ્સો 1948ના આરબ-ઈઝરાયલી યુદ્ધ દરમિયાનનો છે. ઈઝરાયલી સેનાના કેપ્ટન મેયર ટોબિયાન્સ્કીને જાસૂસીના આરોપમાં એક સૈન્ય અદાલતમાં દોષિત ઠેરવવામાં આવ્યા અને તે જ દિવસે ફાયરિંગ સ્ક્વોડ દ્વારા ગોળી મારીને સજા આપવામાં આવી. પાછળથી તપાસમાં જાણવા મળ્યું કે તેઓ નિર્દોષ હતા. 1950ના દાયકામાં તેમને મરણોત્તર નિર્દોષ જાહેર કરવામાં આવ્યા અને સંપૂર્ણ સૈન્ય સન્માન સાથે ફરીથી દફનાવવામાં આવ્યા. બીજો કિસ્સો 1962નો છે, જ્યારે હોલોકોસ્ટના મુખ્ય આર્કિટેક્ટ એડોલ્ફ આઈચમેનને ફાંસી આપવામાં આવી હતી. 1960માં આઈચમેનને ઈઝરાયલી ગુપ્તચર એજન્ટોએ આર્જેન્ટિનાથી પકડ્યો હતો.

# ભારતની જેમ અમને પણ છૂટ આપો...', યુદ્ધ વચ્ચે સંકટમાં ફસાયેલા બાંગ્લાદેશે અમેરિકાને કરી અપીલ

**ઢાકા, તા.31**

બાંગ્લાદેશે દેશમાં સતત વધી રહેલા ઊર્જા સંકટ વચ્ચે અમેરિકા પાસે રશિયન ડીઝલની ખરીદી માટે તેના પર લાગુ પ્રતિબંધોમાં કામચલાઉ છૂટ આપવાની માગ કરી છે. બાંગ્લાદેશે આ છૂટની માગ કરતાં ભારતનો હવાલો આપ્યો છે અને કહ્યું કે, જે રીતે ભારતને રશિયા પાસેથી ઓઈલ ખરીદવાની છૂટ આપવામાં આવી છે, તેવી જ રીતે અમને પણ છૂટ આપો. બાંગ્લાદેશ હાલમાં ઈંધણની ભારે અછત અને વધતા ભાવોનો સામનો કરી રહ્યું છે. ઈરાન યુદ્ધ વચ્ચે ઓઈલ અને ગેસના ભાવમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને અમેરિકાએ ભારતને રશિયન ઓઈલ ખરીદવા માટે 30 દિવસની કામચલાઉ છૂટ આપી હતી. એક સમાચાર એજન્સીના જણાવ્યા પ્રમાણે બાંગ્લાદેશે આ જ છૂટનો હવાલો આપીને અમેરિકાને કહ્યું છે કે, 'અમને બે મહિનાની માગને પહોંચી વળવા માટે પૂરતા ડીઝલની જરૂર છે અને તે અમે રશિયા પાસેથી ખરીદવા માગીએ છીએ.'



બાંગ્લાદેશે ભારતને આપવામાં આવેલી છૂટ જેવી જ વ્યવસ્થાની માગ કરી છે અને પ્રસ્તાવ મૂક્યો છે કે અમે વધુમાં વધુ 6 લાખ મેટ્રિક ટન રશિયન ડીઝલ આયાત કરી શકીએ છીએ. ઊર્જા મંત્રાલયના અધિકારીઓએ આ જાણકારી આપી છે. ઊર્જા અને ખનિજ સંસાધન વિભાગના સંયુક્ત સચિવ મોનીર હુસૈન ચૌધરીએ કહ્યું કે, 'અમેરિકા સમક્ષ પત્ર જમા કરી દેવામાં આવ્યો છે અને અમે હવે જવાબની રાહ જોઈ રહ્યા છીએ.'

લગભગ 17.5 કરોડની વસતી ધરાવતો દેશ બાંગ્લાદેશ પોતાની લગભગ 95% ઊર્જા જરૂરિયાતો માટે આયાત પર નિર્ભર છે. આ અછતને પહોંચી વળવા માટે સરકારી એજન્સીઓ સતત અસ્થિર વૈશ્વિક બજારોનો સહારો લઈ રહી છે. સરકારે ઈંધણ રેશનિંગ પણ લાગુ કર્યું છે, જોકે ઈદના અવસર પર કેટલાક પ્રતિબંધોમાં ઢીલ આપવામાં આવી હતી. ચૌધરીએ આગળ કહ્યું કે, 'અમે અમેરિકા, રશિયા, ઉઝબેકિસ્તાન, કઝાકિસ્તાન, અંગોલા અને ઓસ્ટ્રેલિયા સહિત દરેક શક્ય સ્થળેથી ખરીદી કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.' બાંગ્લાદેશ પોતાના હાલના ભાગીદારો પાસેથી પણ આયાત વધારી રહ્યું છે. બાંગ્લાદેશ પેટ્રોલિયમ કોર્પોરેશન એપ્રિલમાં ભારતની નુમાલીગઢ રિફાઈનરી લિમિટેડ પાસેથી 40,000 મેટ્રિક ટન ડીઝલ આયાત કરવા જઈ રહ્યું છે. આ બાંગ્લાદેશની માર્ચ ખરીદી કરતાં લગભગ બમણી છે. આ પગલું એવા સમયે ભરવામાં આવ્યું છે જ્યારે આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળે ચેતવણી આપી છે કે ઈરાન યુદ્ધ ઊર્જા બજારને વધુ ઝટકો આપશે. ઓઈલ પુરવઠામાં વિક્ષેપોના કારણે ઈંધણના ભાવમાં વધારો થઈ રહ્યો છે અને આયાત પર નિર્ભર દેશો પર ભારે દબાણ પડી રહ્યું છે. 28 ફેબ્રુઆરીથી શરૂ થયેલા અમેરિકા અને ઈઝરાયલી હુમલાઓ બાદ ઈરાને વૈશ્વિક ઊર્જા સપ્લાય માટે મહત્ત્વપૂર્ણ દરિયાઈ માર્ગ હોર્મુઝ સ્ટ્રેટને લગભગ ઠપ કરી રાખ્યો છે અને માત્ર થોડા દેશોના જહાજોને જ ત્યાંથી પસાર થવાની મંજૂરી છે.

# ટ્રમ્પે કહ્યું- અમેરિકા કોઈ દેશની મદદ નહીં કરે: અમારી પાસેથી ઓઈલ ખરીદો, નહીં તો હિંમત બતાવો અને હોર્મુઝ જઈને લઈ લો

**વોશિંગ્ટન, તા.31**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે જણાવ્યું હતું કે હવે અમેરિકા કોઈ દેશની મદદ નહીં કરે. દેશોએ પોતે જ પોતાની પરિસ્થિતિ સંભાળવી પડશે. તેમણે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે બ્રિટન જેવા દેશો જે હોર્મુઝ સ્ટ્રેટથી ઈંધણ મેળવી શકતા નથી, તેમણે અમેરિકા પાસેથી ઓઈલ ખરીદવું જોઈએ કારણ કે અમેરિકા પાસે તેની કોઈ અછત નથી. ટ્રમ્પે કહ્યું કે જો દેશો ઈચ્છે તો હિંમત બતાવે અને પોતે હોર્મુઝ સ્ટ્રેટ જઈને ઓઈલ લઈ લે. અમેરિકા તેમની મદદ માટે નહીં આવે, જેમ તેઓ અમેરિકાની મદદ માટે આવ્યા ન હતા. પોતાના નિવેદનમાં તેમણે એમ પણ કહ્યું કે ઈરાન ઘણી હદ સુધી નબળું પડી ગયું છે અને સૌથી મુશ્કેલ કામ પહેલેથી જ પૂરું થઈ ગયું છે. હવે બાકીના દેશો પોતે જઈને પોતાનું ઓઈલ મેળવી શકે છે. અમેરિકાના રક્ષામંત્રી પીટ હેગસેથે જણાવ્યું છે કે ઈરાન સાથેનું યુદ્ધ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની





શરતો પર જ ખતમ થશે. અમેરિકા અત્યારે આ જ દિશામાં કામ કરી રહ્યું છે. તેમણે એમ પણ કહ્યું કે હોર્મુઝ જેવા દરિયાઈ માર્ગોની સુરક્ષાની જવાબદારી માત્ર અમેરિકાની જ નથી, પરંતુ અન્ય દેશોએ પણ તેમાં સાથ આપવો જોઈએ. તેમણે NATO પર આરોપ લગાવતા કહ્યું કે જ્યારે અમેરિકાએ મદદ માંગી હતી, ત્યારે ઘણા દેશોએ સાથ આપ્યો ન હતો અને ઉલટાનું અમેરિકાની ટીકા કરી હતી. ઈરાન સાથે જોડાયેલો મામલો ઉકેલાયા બાદ NATO સાથે જોડાયેલા મોટા નિર્ણયો લેવામાં આવશે.

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ જણાવ્યું છે કે અમેરિકા એ સુનિશ્ચિત કરશે કે હોર્મુઝ સ્ટ્રેટ ખુલ્લો રહે. તેમણે એવી ચેતવણી પણ આપી હતી કે કેટલાક સાથી દેશોએ અમેરિકાને તેમના હવાઈ ક્ષેત્ર અને સૈન્ય મથકોનો ઉપયોગ કરવાની મંજૂરી આપી નથી, આવી સ્થિતિમાં નાટો (NATO) ની વ્યવસ્થા પર ફરીથી વિચાર કરવો પડી શકે છે. તેમણે કહ્યું, "અમારી પાસે સ્પેન જેવા દેશો છે, જે અમને તેમના હવાઈ ક્ષેત્રનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાનો ઈનકાર કરી રહ્યા છે અને તેના પર ગર્વ પણ અનુભવી રહ્યા છે. જો નાટો ફક્ત એટલા માટે જ હોય કે અમે યુરોપની રક્ષા કરીએ, પરંતુ જ્યારે અમને જરૂર હોય ત્યારે તેઓ અમને તેમના બેઝનો ઉપયોગ કરવાની મંજૂરી ન આપે, તો તે યોગ્ય નથી." અમેરિકાના રક્ષામંત્રી પીટ હેગસેથે જણાવ્યું છે કે અમેરિકા ઈરાન સાથે સમજૂતી ઈચ્છે છે, પરંતુ જો વાત નહીં બને તો 'બોમ્બ દ્વારા વાતચીત' પણ ચાલુ રાખશે.

તેમણે કહ્યું કે ઈરાનને લઈને વાતચીત ચાલી રહી છે, પરંતુ સાથે જ સૈન્ય વિકલ્પો પણ ખુલ્લા છે. હેગસેથે એમ પણ ઉમેર્યું કે જો જરૂર પડશે તો અમેરિકા જમીની હુમલો પણ કરી શકે છે. જોકે, કદાચ તેની જરૂર નહીં પડે. તેમનું કહેવું હતું કે અમેરિકાની રણનીતિ થોડી 'અનપ્રેડિક્ટેબલ' એટલે કે અનિશ્ચિત રહેવાની છે, જેથી દુશ્મનને અંદાજો ન આવી શકે કે આગામી પગલું શું હશે. ઈરાનમાં સુરક્ષા એજન્સીઓએ જાસૂસી અને હુમલાના કાવતરાના આરોપમાં 54 લોકોની ધરપકડ કરી છે. આ લોકો પર આરોપ છે કે તેઓ ઈઝરાયલને માહિતી પૂરી પાડતા હતા અથવા ઈરાન વિરુદ્ધ હુમલાની યોજના બનાવી રહ્યા હતા. રિપોર્ટ અનુસાર, તેમાંથી 41 લોકોની રાજધાની તેહરાનમાંથી ધરપકડ કરવામાં આવી છે. તેમના પર એવો આરોપ છે કે તેમણે અમેરિકા અને ઈઝરાયલના હુમલા સાથે જોડાયેલા સ્થળોની તસવીરો દુશ્મનો સાથે શેર કરી હતી.

કતારે સ્પષ્ટ કર્યું છે કે તે અત્યારે ચાલી રહેલી મધ્યસ્થતાની કોઈ પણ પ્રયાસમાં સામેલ નથી. કતારના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું કે હાલમાં તેમનું ધ્યાન પોતાના દેશની સુરક્ષા પર છે. જોકે, તેમણે એમ પણ જણાવ્યું કે કતાર તમામ પક્ષો સાથે વાતચીત જાળવી રહ્યું છે. તેણે પાકિસ્તાનના પ્રયાસોનું સમર્થન કરતા આશા વ્યક્ત કરી કે તેનાથી ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા આવશે. ઈટાલીએ અમેરિકાને તેના સિગોનેલા મિલિટરી બેઝનો ઉપયોગ કરતા રોકી દીધું છે. આ બેઝ સિસિલી આઈલેન્ડ પર આવેલું છે. અમેરિકી વિમાનો અહીં ઉતરવા માંગતા હતા.



# ચાની ચુસ્કીથી લઈને પંજાબી સબ્જી સુધી બધું જ મોંઘું!

# LPG અછત વચ્ચે સરકાર કાળાબજાર રોકવામાં નિષ્ફળ

**અમદાવાદ, તા.31**

રાંધણ ગેસ મામલે સ્થિતિ કાબૂમાં હોવાના ગાણાં સરકાર ભલે ગાઈ રહી હોય, પરંતુ અમદાવાદ શહેરમાં ખાણી-પીણીના વ્યવસાય સાથે સંકળાયેલા નાના વેપારીઓની કમર ભાંગી ગઈ છે. પરિણામે અનેક નાના વેપારીઓએ ધંધા બંધ કરી દીધા છે અથવા તો ફેરવી નાંખ્યા છે. બીજી તરફ કોમર્શિયલ સિલિન્ડરના કાળાબજારે મોંઘવારી વધારી હોય તેમ ખાણી-પીણીની તમામ વસ્તુઓના ભાવ વધવા માંડ્યા છે. ચાની ચુસ્કીથી લઈને ભોજનની થાળી સુધી ભાવ વધારાનું ભારણ પ્રજા પર આવ્યું છે.



ઈરાન-ઈઝરાયલ અને અમેરિકાના યુદ્ધના કારણે ભારતમાં એલપીજીની અછત શરૂ થઈ છે. જેના પગલે સરકારે ખાણી-પીણીના ક્ષેત્રમાં માત્ર એલપીજીનો 25 ટકા જથ્થો જ સપ્લાય કરવાનો નિર્ણય કર્યો છે. જોકે સરકારના આ નિર્ણય કરતા પણ કાળાબજારના કારણે સ્થિતિ વધારે ખરાબ થઈ છે. અમદાવાદ શહેરમાં ખાણી-પીણીનો વ્યવસાય કરતા લારીવાળા અને નાના વેપારીઓને સત્તાવાર રીતે કમર્શિયલ એલપીજી સિલિન્ડર મળી રહ્યો નથી. પરિણામે રૂ. 4થી 5 હજાર ચૂકવીને કાળા બજારીમાં સિલિન્ડર ખરીદવો પડે છે.

વચેટિયાઓને ચૂકવાયેલી આ વધારાની રકમનો ભાર આખરે તો ગ્રાહકો પર જ આવે છે. નાના રેસ્ટોરન્ટમાં ગુજરાતી-પંજાબી જેવી ભોજનની થાળીઓનો ભાવ વધારી રૂ. 140થી 150 સુધી કરી દેવાયો છે. આવી રીતે જ ફાસ્ટફૂડમાં વડાપાંઉ અને દાબેલી જેવી વસ્તુઓનો ભાવ રૂ. 35થી 40 સુધી પહોંચ્યો છે. સામાન્ય દિવસોમાં આ વસ્તુઓ રૂ. 25થી 30ની સરેરાશ કિંમતે મળતી હતી. આ સિવાય ચાની ચુસ્કી પણ મોંઘી થઈ છે. આખી ચા રૂ. 20થી 30 અને કટિંગ ચાનો સામાન્ય ભાવ રૂ. 15 સુધી પહોંચ્યો છે. એકાદ મહિનો આવી જ સ્થિતિ રહેશે તો આ ભાવ વધારે વધે તેવી પૂરી શક્યતાઓ છે. અબલત, આજે પણ ઘણા નાના વેપારીઓ અગાઉની મૂળ કિંમતે જ ખાણી-પીણીની વસ્તુઓ વેચી રહ્યા છે.

બજારના જાણકારોના મતે ખાણી-પીણીની વસ્તુઓમાં થઈ રહેલા ભાવ વધારા માટે અછત નહીં, પરંતુ અરાજકતા વધારે જવાબદાર છે. સરકાર કોમર્શિયલ એલપીજીની કાળાબજારી ડામવામાં નિષ્ફળ રહી છે. પરિણામે નિયમ મુજબ 25 ટકા જથ્થામાં પણ ખાણી-પીણીવાળાને સિલિન્ડર મળતો નથી. સામાપક્ષે કાળાબજારમાં પાંચ હજારમાં છૂટથી બાટલો મળે છે. આ સ્થિતિના કારણે ભાવ વધ્યા છે.

# વિધવા બહેનો લાભથી વંચિત, નકલી પેન્શન એકાઉન્ટમાં સહાય: ગુજરાતની યોજનાઓમાં લોલમલોમ.....

**અમદાવાદ, તા.31**

રાજકીય નેતાઓ પોતાની રાજકીય પ્રતિષ્ઠા વધારવા ધૂમ પ્રચાર કરી રહ્યાં છે. લાખોનો ધૂમાડો કરી રહ્યાં છે, ખાનગી પીઆર એજન્સી ભાડે કરીને લાખોનો ખર્ચ કરાઈ રહ્યો છે, પરંતુ લોકોને લાભ મળે તે માટે સરકારી યોજનાનું માર્કેટિંગ કરવામાં રસ નથી.

છેવાડાના માનવીને લાભ મળે તેવી સુફિયાણી વાતો કરવામાં આવે છે, પરંતુ ખુદ સરકાર જ સરકારી યોજનાનો પ્રચાર-પ્રસાર કરી નથી પરિણામે લોકોને હજુય સરકારી યોજના વિશે ખબર જ નથી. કેગના રિપોર્ટમાં ખુલાસો થયો છે કે, 28 હજાર વિધવા બહેનોને રાષ્ટ્રીય પરિવાર લાભ યોજના વિશે ખબર જ ન હતી જેના લીધે તેમણે અરજી કરી નહીં. આ કારણોસર આ વિધવા બહેનોને 55 કરોડ રૂપિયા જેટલી માતબરનો લાભ મળી શક્યો નહીં.



કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય પરિવાર લાભયોજના અમલમાં મૂકી છે. આ યોજનામાં જો કુંટુંબનું ભરણપોષણ કરતાં વ્યક્તિનુ આસ્મિક મોત થાય, 60 વર્ષથી ઓછી વય હોય તો તે પરિવારની વિધવા બહેનને એક વખત 20 હજાર રૂપિયાની સહાય મળે છે. આ યોજનાનો લાભમેળવવા માટે નિયત સમય મર્યાદામાં અરજી કરવાની હોય છે.

વિવિધ સરકારી યોજનામાં સબસિડી સહિત અન્ય નાણાંકીય સહાય લાભાર્થીને સીધી બેન્કના ખાતામાં મળે તે હેતુથી ડાયરેક્ટ બેનિફીટ ટ્રાન્સફરમાં ય લોલંલોલ ચાલી રહ્યું છે. કેગના રિપોર્ટમાં એવું બહાર આવ્યું કે, રાજ્યના અમદાવાદ, બનાશકાંઠા, ડાંગ, ભરૂચ, રાજકોટ સહિત નવેક જિલ્લામાં ડોક્યુમેન્ટની તપાસ કરતાં લાભાર્થીઓના બેન્ક એકાઉન્ટ પણ નકલી હતાં. ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વિકલાંગતા યોજના, ઈન્દીરા ગાંધી વિધવા સહાય યોજનામાં કુલ મળીને 1827 નકલી પેન્શન એકાઉન્ટમાં સહાય ચૂકવાઈ હતી.

ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વિકલાંગતા યોજના, ઈન્દીરા ગાંધી વિધવા સહાય યોજનામાં લાભાર્થીની હયાતીની ચકાસણી જ કરાઈ નહીં પરિણામે એવું થયું કે, ઘણાં લાભાર્થીનું મૃત્યુ થયું હતું. આ ઉપરાંત કેટલાંક લાભાર્થીઓએ ગરીબી રેખા પાર કરી લીધા પછી પણ સહાય ચૂકવવામાં આવી હતી. 2017થી માંડી 2021 સુધી 1072 રદ કરાયેલાં લાભાર્થીઓને 32.60 લાખ રૂપિયા ચૂકવાયા હતાં. આ ઉપરાંત 170 લાભાર્થીઓને પેન્શન સહાય આપવાનું બંધ કરવા નક્કી કરાયું છતાં 7 લાખ રૂપિયાની સહાય અપાઈ હતી. આમ, ડાયરેક્ટ બેનિફીટ ટ્રાન્સફરમાં ય લોલંલોલ ચાલ્યું હતું.

# બોરસદમાં ભાજપની સેન્સ પ્રક્રિયા 2,3 એપ્રિલે યોજાશે: નગરપાલિકા અને પંચાયત બેઠકો માટે દાવેદારોને નિરીક્ષકો સાંભળશે

**આણંદ, તા.31**

સ્થાનિક સ્વરાજ્યની આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને ભારતીય જનતા પાર્ટીએ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા ઝડપી બનાવી છે. આ અંતર્ગત બોરસદ નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની બેઠકો માટે 'સેન્સ' પ્રક્રિયાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રક્રિયા દ્વારા યોગ્ય અને જીતવાની ક્ષમતા ધરાવતા ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. બોરસદ નગરપાલિકાની કુલ 36 બેઠક, તાલુકા પંચાયતની 34 બેઠકો અને જિલ્લા પંચાયતની ૯ બેઠકો માટે સેન્સ પ્રક્રિયાનું સમયપત્રક



જાહેર કરાયું છે. આ સમગ્ર કાર્યક્રમ બોરસદ તાલુકાના નાવલી ખાતે આવેલા શ્રી કમલમ ખાતે યોજાશે. જાહેર કરાયેલા સમયપત્રક મુજબ, બોરસદ શહેરના દાવેદારોને તા. 2 એપ્રિલ 2026 (ગુરુવાર)ના રોજ સાંજે 5:30 થી 7:30 દરમિયાન 36 બેઠકો માટે સાંભળવામાં આવશે. જ્યારે બોરસદ તાલુકા તથા જિલ્લા પંચાયતના દાવેદારો માટે તા. 3 એપ્રિલ 2026 (શુક્રવાર)ના રોજ સવારે 10:00 થી 1:00 સુધી પ્રક્રિયા યોજાશે. આ પ્રક્રિયા દરમિયાન પક્ષ દ્વારા નિયુક્ત નિરીક્ષકોની ઉપસ્થિતિમાં દાવેદારો પોતાની રજૂઆત કરશે. પક્ષના શિસ્તબદ્ધ કાર્યકર્તાઓ, લોકપ્રિયતા ધરાવતા અને જીતની સંભાવના ધરાવતા ઉમેદવારોને પ્રાથમિકતા આપવામાં આવશે. બોરસદ તાલુકા ભાજપ પ્રમુખ વિક્રમસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, પાર્ટી દ્વારા પારદર્શક અને લોકશાહી ઢબે ઉમેદવારોની પસંદગી માટે આ સેન્સ પ્રક્રિયા મહત્વપૂર્ણ છે. આનાથી તમામ દાવેદારોને યોગ્ય તક મળશે અને મજબૂત ઉમેદવારોને મેદાનમાં ઉતારવામાં આવશે.

# મહેમદાવાદમાં અજાણ્યા વાહનથી બાઈક સવારનું મોત: વાંઠવાળી ઓવરબ્રિજ પાસે અકસ્માત, પોલીસે ગુનો નોંધ્યો

**નડિયાદ, તા.31**

ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના વાંઠવાળી ગામની સીમમાં ગત રવિવારે સાંજે એક અકસ્માત સર્જાયો હતો. જેમાં અજાણ્યા વાહન ચાલકે મોટરસાઈકલને ટક્કર મારતા બાઈક સવાર યુવકને ગંભીર ઈજાઓ થઈ હતી. સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા બાદ તેનું મોત નીપજ્યું હતું. આ મામલે મહેમદાવાદ પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, કેસરા ગામના ભાદર સીમ વિસ્તારમાં રહેતા વિનુભાઈ પરમારનો પુત્ર જ્યેશભાઈ પરમાર અમદાવાદના વટવા ખાતે આવેલી એક કેમિકલ કંપનીમાં નોકરી કરતો હતો. ગત 29 માર્ચના રોજ સવારે સાત વાગ્યે જ્યેશભાઈ પોતાની મોટરસાઈકલ લઈને નોકરી પર ગયા હતા.

સાંજના સમયે નોકરી પરથી પરત ફરી રહ્યા હતા ત્યારે વાંઠવાળી ગામ પાસેના ઓવરબ્રિજ ચઢતી વખતે તેમને અકસ્માત નડ્યો હતો. સાંજે આશરે છ વાગ્યાના સુમારે કોઈ અજાણ્યા વાહનના ચાલકે પોતાના વાહનથી જ્યેશભાઈની





મોટરસાઈકલને પાછળથી ટક્કર મારી હતી. આ ટક્કરથી જ્યેશભાઈ રોડ પર પટકાતા તેમને માથાના પાછળના ભાગે તેમજ જમણા પગના ઢીંચણના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. અકસ્માત સર્જી અજાણ્યો વાહન ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો.

ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો એકઠા થયા હતા અને ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે ખાત્રજ ચોકડી પાસે આવેલી કાશીબા હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. પરિવારજનોને જાણ થતાં તેઓ પણ હોસ્પિટલ પહોંચ્યા હતા. પ્રાથમિક સારવાર બાદ યુવકની હાલત વધુ ગંભીર જણાતા તેને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

અમદાવાદ સિવિલ હોસ્પિટલના એચડીયુ વોર્ડમાં સારવાર લઈ રહેલા જ્યેશભાઈનું બીજા દિવસે એટલે કે 30 માર્ચના રોજ સવારે સાડા નવ વાગ્યાના સુમારે અવસાન થયું હતું. મૃતક જ્યેશભાઈ પરિવારમાં સૌથી મોટા પુત્ર હતા. તેમના પિતા પણ વટવા જીઆઈડીસીમાં ખાનગી નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.

આ સમગ્ર મામલે મૃતકના પિતા વિનુભાઈ કાળાભાઈ પરમારે મહેમદાવાદ પોલીસ મથકે અજાણ્યા વાહન ચાલક સામે ફરિયાદ નોંધાવી છે.

# ટેન્કરમાંથી નીકળેલા મરેલા ઉંદરની અંતિમ યાત્રા કાઢી!: 'હાય રે સરપંચ હાય હાય'ના નારા સાથે ગ્રામજનોનો વિરોધ

**નડિયાદ, તા.31**

ખેડાના નડિયાદ તાલુકામાં આવેલા પીજ ગામે છેલ્લા પાંચ દિવસથી પીવાના પાણીની સમસ્યા ચાલી રહી છે. ગામના વિવિધ વિસ્તારોમાં પાણી ન મળતા ગ્રામજનો હાલાકી ભોગવી રહ્યા છે. આ વચ્ચે પંચાયત દ્વારા મોકલાયેલા પાણીના ટેન્કરમાંથી મરેલો ઉંદર નીકળ્યો હતો. જેથી લોકોએ હોબાળો મચાવ્યો હતો.

આ ઘટનાથી રોષે ભરાયેલા ગ્રામજનોએ મરેલા ઉંદરની અંતિમ યાત્રા કાઢી હતી. 'હાય રે સરપંચ હાય હાય'ના નારા લગાવી પંચાયત કચેરીએ પહોંચી વિરોધ નોંધાવ્યો હતો. પાણીની સમસ્યા મુદ્દે સવાલો ઉઠાવ્યા હતા.

પીજ ગામમાં છેલ્લા 5 દિવસથી પીવાના પાણીની સમસ્યા જોવા મળી રહી છે, જેના કારણે ખાસ કરીને મહિલાઓને ઘરકામમાં ભારે મુશ્કેલીઓ પડી રહી છે. ગામમાં 4 પાણીની ટાંકીઓ અને 12 પંચાયતી બોર હોવા છતાં ગ્રામજનોને પાણી માટે વલખા મારવા પડી રહ્યા છે. પાણીની તંગી દૂર કરવા માટે ગ્રામજનોએ પંચાયત પાસે ટેન્કરની માંગણી કરી હતી, પરંતુ આ ટેન્કરના પાણીમાં મરેલો ઉંદર નીકળ્યો હતો. જેથી લોકોના આરોગ્ય સામે ખતરો ઊભો થયો હોવાની લાગણી વ્યાપી હતી.



સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર પંચાયત દ્વારા જે ટેન્કર મોકલવામાં આવ્યું હતું, તેમાંથી શરૂઆતમાં અનેક પરિવારોએ પાણી ભરી લીધું હતું અને તેનો ઘર વપરાશમાં ઉપયોગ પણ કર્યો હતો. કેટલાક લોકોએ આ પાણીને પીવા માટે પણ ઉપયોગ કરી લીધો હતો. જોકે, ટેન્કરમાંથી પાણી ખાલી થવા આવ્યું ત્યારે અંદરથી મરેલો ઉંદર બહાર નીકળ્યો હતો. આ દ્રશ્ય જોઈને ગ્રામજનો ચોંકી ઉઠ્યા હતા અને ગંદુ પાણી પીવાના કારણે બીમારી ફેલાવવાની દહેશત વ્યક્ત કરી હતી.

આ મામલે ગામના મહિલા ગૌરીબેન પંચાલે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, છેલ્લા 4 થી 5 દિવસથી પાણીની સમસ્યાને કારણે ભારે હાલાકી વેઠવી પડી રહી છે. ટેન્કરમાં મરેલા ઉંદરવાળા પાણીનો ઉપયોગ કરી લીધા બાદ જો કોઈ ગ્રામજન બીમાર પડશે તો તેની જવાબદારી કોણ લેશે. ઘણી વખત પાણીની આવી સમસ્યા સર્જાઈ છે. અહિં પંચાયતમાં તાળા મારેલા છે કોઈ છે જ નહીં. અન્ય એક મહિલા પ્રેમીલાબેન પંચાલે પંચાયતની કામગીરી સામે રોષ ઠાલવતા કહ્યું હતું કે, પાણી સમયસર મળતું નથી, પરંતુ વેરો ઉઘરાવવા માટે પંચાયતના માણસો સમયસર આવી જાય છે. પાણી મળતું જ નથી, અમે અત્યારે પંચાયત કચેરીમાં આવ્યા છીએ પણ અહિં સરપંચ, તલાટી કે કોઈ હાજર નથી. ગ્રામજન પ્રવિણ પટેલે પણ આ ઘટનાને ગંભીર ગણાવતા કહ્યું હતું કે, પંચાયતે મોકલેલા ટેન્કરમાંથી ઉંદર નીકળ્યો છે. બે ત્રણ લોકોએ પાણી પીધું છે. જો આ દૂષિત પાણીથી કોઈને કંઈ પણ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી પંચાયત તંત્રની રહેશે. એક જ પટ્ટામાં બે ટાંકી બનાવેલી છે.

# મંત્રી રમણભાઈ સોલંકીએ બોદાલ રોડ કામોનું નિરીક્ષણ કર્યું: ગુણવત્તા અને સમયસર પૂર્ણ કરવા અધિકારીઓને સૂચના આપી

**આણંદ, તા.31**

તાજેતરમાં, 31 માર્ચ, 2026ના રોજ કેબિનેટ મંત્રી અને બોરસદના ધારાસભ્ય રમણભાઈ સોલંકીએ બોરસદ તાલુકાના બોદાલ ગામે સત્યનારાયણ મંદિર નજીક ચાલી રહેલા RCC રોડના વિકાસ કાર્યોની રૂબરૂ મુલાકાત લીધી હતી.

મંત્રી સોલંકીએ સ્થળ પર કામની પ્રગતિ અને ગુણવત્તાનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. તેમણે કાર્યરત એજન્સી અને સંબંધિત અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપી હતી કે રોડના



કામોમાં ગુણવત્તા સાથે કોઈ સમાધાન ન થવું જોઈએ અને નિર્ધારિત સમયમર્યાદામાં કામ પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવું.તેમણે વધુમાં જણાવ્યું હતું કે વિકાસ કાર્યોમાં પારદર્શિતા અને ઉચ્ચ ગુણવત્તા જાળવવી અત્યંત આવશ્યક છે, જેથી ગામના લોકોને લાંબા ગાળે તેનો સંપૂર્ણ લાભ મળી શકે. આ મુલાકાત પ્રસંગે બોદાલ ગામના સરપંચ વૈશાલીબેન પટેલ, ગામના આગેવાનો અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા રાજેન્દ્રસિંહ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. સ્થાનિક રહેવાસીઓએ પણ રોડના કામોથી સંતોષ વ્યક્ત કર્યો હતો અને ભવિષ્યમાં આવા વધુ વિકાસ કાર્યો ચાલુ રહે તેવી આશા વ્યક્ત કરી હતી.મંત્રી રમણભાઈ સોલંકીએ આગામી સમયમાં બોદાલ સહિત બોરસદ તાલુકાના અન્ય વિસ્તારોમાં પણ વધુ વિકાસ કાર્યો હાથ ધરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# આમોદમાં ભાજપ દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ બાબતે સરકારે આવક મર્યાદામાં વધારો કરતા માર્ગદર્શન અપાયું....







**અમદાવાદ, તા.31**

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વચ્ચે પ્રદેશ ભાજપના નેતાઓ સક્રિય થયા હતા અને લોકોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો ફેલાવો કરવા માટે કાર્યકર્તાઓને કામે લગાડી દીધા છે.ત્યારે આજ રોજ સવારમા ૧૧ કલાકે આમોદ તાલુકા ભાજપ કાર્યાલય ખાતે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને મળતી શિષ્યવૃત્તિ બાબતે આવક મર્યાદામાં ગુજરાત સરકારે કરેલા ઐતિહાસિક નિર્ણય અંગે પ્રદેશમાંથી આવેલા ભાજપના નેતાએ ભાજપના હોદેદારો અને કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું હતું.

ભારતીય જનતા પાર્ટી પ્રદેશ સંગઠન દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને મળતી શિષ્યવૃત્તિ યોજના અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો.જેમાં પ્રદેશમાંથી આવેલા વિજયભાઈ સોલંકીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે ગુજરાત સરકાર દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ મેળવવાની આવક મર્યાદા અગાઉની રૂ. ૨.૫૦ લાખથી વધારીને રૂ. ૬ લાખ કરવામાં આવી હતી.આ નિર્ણય રાજ્યના ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોના વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

તેમણે વધુમાં જણાવ્યું કે ભાજપ સરકાર હંમેશા સમાજના પછાત વર્ગોના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ રહી છે. શિક્ષણ, આરોગ્ય અને રોજગાર ક્ષેત્રે સરકાર દ્વારા લેવામાં આવતા નિર્ણયો સમાજના દરેક વર્ગ સુધી પહોંચે તે માટે ભાજપ સતત પ્રયત્નશીલ છે.કાર્યક્રમ દરમિયાન ડૉ.બાબા સાહેબ આંબેડકરના યોગદાનને યાદ કરતાં વિજયભાઈ સોલંકીએ જણાવ્યું કે ભાજપ હંમેશા ડૉ . બાબા સાહેબ આંબેડકરની વિચારધારાને અનુસરે છે અને તેમના સપનાઓને સાકાર કરવા માટે કાર્ય કરે છે. તેમણે આક્ષેપ કર્યો કે કોંગ્રેસ પાર્ટીએ વર્ષો સુધી ડૉ.બાબા સાહેબ આંબેડકરના વિચાર અને વારસાનો યોગ્ય માન આપ્યું નથી માત્ર વોટબેંકની જ રાજનીતિ કરી છે.જ્યારે ભાજપ દ્વારા તેમને સાચા અર્થમાં સન્માન આપવામાં આવ્યું છે.

વિજયભાઈએ કાર્યકર્તાઓને સૂચના આપી કે તેઓ ગામે ગામે જઈને છેવાડાના માનવી સુધી આ શિષ્યવૃત્તિ યોજના વિશે વિદ્યાર્થીઓ અને વાલીઓને માહિતી પહોંચાડે, જેથી વધુમાં વધુ લાભાર્થીઓ સુધી સરકારની યોજનાઓ પહોંચી શકે. આ પ્રસંગે આમોદ તાલુકા ભાજપ પ્રમુખ દીપક ચૌહાણ,આમોદ શહેર ભાજપ પ્રમુખ મિથુન મોદી,મહામંત્રી ભાવિક પટેલ, ભરૂચ જીલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના મહામંત્રી કમલેશ મકવાણા ઉપપ્રમુખ જયેશ પરમાર સહિત આમોદ જંબુસરના કાર્યકર્તાઓ અને હોદેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ટ્રમ્પના નામ પર હશે ફ્લોરિડા એરપોર્ટનું નામ: તેમના ઘરની નજીક જ એરપોર્ટ, પ્રથમ રાષ્ટ્રપતિ હશે જેના કાર્યકાળમાં નામ બદલાશે


**વોશિંગ્ટન, તા.31**

અમેરિકાના ફ્લોરિડામાં પામ બીચ ઈન્ટરનેશનલ એરપોર્ટનું નામ બદલીને રાષ્ટ્રપતિ ટ્રમ્પના નામ પર રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ફ્લોરિડાના ગવર્નર રોન ડીસેન્ટિસે સોમવારે એક બિલ પર હસ્તાક્ષર કર્યા, જેના હેઠળ પામ બીચ ઈન્ટરનેશનલ એરપોર્ટનું નામ બદલીને 'પ્રેસિડેન્ટ ડોનાલ્ડ જે. ટ્રમ્પ ઈન્ટરનેશનલ એરપોર્ટ' કરવામાં આવી રહ્યું છે.

ફ્લોરિડા સરકારના નિર્ણય બાદ હવે આ નામ લાગુ કરવા માટે ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA)ને ઔપચારિક પ્રસ્તાવ મોકલવામાં આવશે. ત્યારબાદ ફ્લાઈટ ચાર્ટ, નેવિગેશન સિસ્ટમ અને એરપોર્ટ સાઈનેજમાં ફેરફાર કરવામાં આવશે.

FAAની મંજૂરી મળ્યા બાદ 1 જુલાઈથી આ નામ લાગુ થઈ શકે છે. આવું થવા પર ટ્રમ્પ પહેલા એવા રાષ્ટ્રપતિ હશે, જેમના કાર્યકાળ દરમિયાન જ તેમના નામ પર એરપોર્ટ રાખવામાં આવશે.

પામ બીચ ઈન્ટરનેશનલ અમેરિકાનું નવમું એવું કોમર્શિયલ એરપોર્ટ બની જશે, જેનું નામ કોઈ રાષ્ટ્રપતિ પર હશે. આ એરપોર્ટ ટ્રમ્પના માર-એ-લાગો એસ્ટેટની ખૂબ નજીક છે, જે તેમનું મુખ્ય નિવાસસ્થાન છે.



અમેરિકામાં કોઈ એરપોર્ટનું નામ બદલવું એ માત્ર એક વહીવટી નિર્ણય નથી, પરંતુ તેમાં સ્થાનિક, રાજ્ય અને ફેડરલ ત્રણેય સ્તરે પ્રક્રિયા સામેલ હોય છે. અમેરિકાના મોટાભાગના એરપોર્ટ સ્થાનિક સરકાર અથવા એરપોર્ટ ઓથોરિટીના નિયંત્રણમાં હોય છે.

સૌ પ્રથમ, સિટી કાઉન્સિલ એરપોર્ટ બોર્ડ નામ બદલવાનો પ્રસ્તાવ પસાર કરે છે. જો એરપોર્ટ રાજ્યના અધિકારક્ષેત્રમાં હોય, તો ગવર્નર અથવા સ્ટેટ લેજિસ્લેચરની મંજૂરી જરૂરી હોય છે. જોકે, કેટલાક કિસ્સાઓમાં માત્ર સ્થાનિક મંજૂરી જ પૂરતી હોય છે, પરંતુ મોટા એરપોર્ટ માટે રાજ્યની ભૂમિકા મહત્વપૂર્ણ હોય છે.

ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) અમેરિકામાં એરપોર્ટ સંચાલન પર નજર રાખતી મુખ્ય સંસ્થા છે. નામ બદલ્યા પછી FAA ને ઓફિશિયલ અપડેટ મોકલવામાં આવે છે. તમામ એર ટ્રાફિક સિસ્ટમ, મેપ્સ અને ડેટાબેઝમાં નામ અપડેટ થાય છે.

જોકે એરપોર્ટનો કોડ (IATA/ICAO) સામાન્ય રીતે બદલવામાં આવતો નથી. તેને બદલવો ખૂબ મુશ્કેલ હોય છે, કારણ કે તેનાથી ઈન્ટરનેશનલ એવિએશન સિસ્ટમ પ્રભાવિત થાય છે. ફ્લોરિડા એરપોર્ટનો કોડ પણ બદલવામાં આવી રહ્યો છે.

અમેરિકી સાંસદ બ્રાયન મસ્ટે એરપોર્ટનો ત્રણ અક્ષરનો કોડ PBI થી બદલીને DJT કરવાનો પ્રસ્તાવ પણ મૂક્યો છે, જે ટ્રમ્પના નામના શરૂઆતના અક્ષરો છે.

આ ઉપરાંત, આ વર્ષથી અમેરિકી ચલણ પર પણ ટ્રમ્પની સહીઓ આવવાની વાત કહેવામાં આવી છે. અમેરિકી ઈતિહાસમાં આ પહેલીવાર બનશે, જ્યારે કોઈ વર્તમાન રાષ્ટ્રપતિના હસ્તાક્ષર નોટો પર છાપવામાં આવશે. ટ્રેઝરી વિભાગે જાહેરાત કરી કે આ પગલું દેશની આઝાદીના 250મા વર્ષની ઉજવણીના ઉપલક્ષ્યમાં લેવામાં આવી રહ્યું છે.

નવી નોટો છપાવાથી 1861 થી ચાલી આવતી 165 વર્ષ જૂની પરંપરા પણ તૂટી જશે. અત્યાર સુધી નોટો પર માત્ર નાણા મંત્રી અને અમેરિકાના ટ્રેઝરરની સહીઓ થતી હતી. તેમાંથી કોષાધ્યક્ષની સહી હટાવી દેવામાં આવશે. નાણા મંત્રાલય મુજબ, ટ્રમ્પ અને નાણા મંત્રી સ્કોટ બેસેન્ટની સહીવાળી પ્રથમ 100 ડોલરની નોટો જૂનમાં છાપવામાં આવશે અને બાકીની નોટો આવનારા મહિનાઓમાં છાપવામાં આવશે.

ફ્લોરિડાના મિયામીમાં ટ્રમ્પની પ્રેસિડેન્શિયલ લાઈબ્રેરી બનાવવાની યોજના છે. ડીસેન્ટિસે ગયા વર્ષે આ માટે જમીન આપવાનો પ્રયાસ કર્યો હતો.

ટ્રમ્પે તેનો એક વીડિયો પણ શેર કર્યો, જેમાં એક વિશાળ કાચની ઈમારત, ગોલ્ડન સ્ટેચ્યુ, પ્રાઈવેટ જેટ અને લક્ઝરી સુવિધાઓ દર્શાવવામાં આવી હતી. આ પ્રોજેક્ટ માટે વેબસાઈટ પણ લોન્ચ કરવામાં આવી છે, જ્યાં 'કમિંગ સૂન' સાથે ડોનેશનનો વિકલ્પ આપવામાં આવ્યો છે.

ટ્રમ્પ મૂળભૂત રીતે ન્યૂયોર્કના રહેવાસી છે, પરંતુ 2019માં તેઓ ફ્લોરિડા શિફ્ટ થઈ ગયા હતા. પહેલા તેઓ ટ્રમ્પ ટાવરમાં રહેતા હતા, પરંતુ હવે તેમનું મુખ્ય નિવાસ વેસ્ટ પામ બીચ સ્થિત માર-એ-લાગો છે.

ફ્લોરિડા હાઉસના ડેમોક્રેટિક નેતા ફેન્ટ્રિસ ડ્રિસ્કેલે એરપોર્ટનું નામ બદલવાના નિર્ણયની ટીકા કરતા કહ્યું કે તેનાથી કરદાતાઓ પર 50 લાખ ડોલરનો બોજ પડશે.

તેમણે કહ્યું કે ફ્લોરિડામાં કામ કરતા પરિવારો અને વૃદ્ધો માટે જીવન સતત મોંઘું થતું જાય છે. આ જ કારણ છે કે ડેમોક્રેટ્સે આ વિધાયક સત્રમાં ખર્ચ ઘટાડવા અને લોકોના ખિસ્સામાં વધુ પૈસા બચાવવાના એજન્ડા પર કામ કર્યું. પરંતુ અમારી સાથે મળીને આ બિલને આગળ વધારવાને બદલે, રિપબ્લિકન નેતાઓએ રાષ્ટ્રપતિના નામ પર એરપોર્ટનું નામ બદલવા માટે તમારા ટેક્સના 50 લાખ ડોલર ખર્ચ કરવાનું પ્રાધાન્ય આપ્યું.

# રિપોર્ટ-અમેરિકાની ઈરાનમાં ઘૂસીને યુરેનિયમ જપ્ત કરવાની તૈયારી

**તેહરાન, તા.31**

અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ ઈરાન વિરુદ્ધ જમીની કાર્યવાહી કરવાનો આદેશ આપી શકે છે. અમેરિકી અખબાર ધ વોલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટ અનુસાર, ટ્રમ્પ ઈરાન પાસે રહેલા યુરેનિયમને પોતાના કબજામાં લેવા માંગે છે.

ઈરાન પાસે લગભગ 400 કિલો સમૃદ્ધ (એનરિચ્ડ) યુરેનિયમ છે, જેનો ઉપયોગ પરમાણુ બોમ્બ બનાવવામાં થઈ શકે છે. ટ્રમ્પે પોતાના સહયોગીઓને કહ્યું છે કે ઈરાનને આ યુરેનિયમ છોડવું જ પડશે. જો વાતચીતથી વાત ન બની, તો તેને જબરદસ્તી પણ લઈ શકાય છે.

આ દરમિયાન, અમેરિકા મિડલ ઈસ્ટમાં લગભગ 10,000 વધારાના સૈનિકો મોકલવાની યોજના બનાવી રહ્યું છે. તેમાંથી 3,500 થી વધુ સૈનિકો પહેલાથી જ ત્યાં પહોંચી ચૂક્યા છે.

યુરેનિયમ એક એવો પદાર્થ છે, જેનાથી પરમાણુ ઊર્જા પણ બનાવી શકાય છે અને પરમાણુ બોમ્બ પણ. ફરક માત્ર એ વાતથી પડે છે કે તેને કેટલું એનરિચ એટલે કે શુદ્ધ કરવામાં આવ્યું છે.

કુદરતી યુરેનિયમમાં કામનો ભાગ ખૂબ ઓછો હોય છે, તેથી તેને મશીનો (સેન્ટ્રીફ્યુજ) દ્વારા ધીમે ધીમે શુદ્ધ કરવામાં આવે છે. આ જ પ્રક્રિયાને 'યુરેનિયમ એનરિચમેન્ટ' કહે છે.

એવું માનવામાં આવે છે કે ઈરાનનો મોટો પરમાણુ ભંડાર તે પહાડી ઠેકાણાઓના કાટમાળ નીચે



દબાયેલો છે, જેને અમેરિકાએ બોમ્બમારામાં નિશાન બનાવ્યા હતા. IAEAના પ્રમુખ રાફેલ ગ્રોસીના મતે, આ યુરેનિયમ ઈસ્ફહાનની અંડરગ્રાઉન્ડ ટનલ અને નતાન્ઝ જેવા ઠેકાણાઓ પર હોઈ શકે છે.

ટ્રમ્પે અગાઉ દાવો કર્યો હતો કે હુમલાઓમાં ઈરાનનો પરમાણુ કાર્યક્રમ સંપૂર્ણપણે નાશ પામ્યો હતો, પરંતુ હવે એવું માનવામાં આવે છે કે ઘણું યુરેનિયમ નષ્ટ થયું નથી, પરંતુ કાટમાળ નીચે દટાઈ ગયું છે. ઈરાનના વિદેશ મંત્રીએ કહ્યું કે મોટાભાગનું યુરેનિયમ કાટમાળ નીચે દટાયેલું છે અને તેને કાઢવા માટે હાલ કોઈ યોજના નથી. આ ઉપરાંત, ઈરાન પાસે હજુ પણ એવા મશીનો છે, જેનાથી તે યુરેનિયમને વધુ શુદ્ધ બનાવી શકે છે અને નવા ગુપ્ત ઠેકાણાં પણ બનાવી શકે છે.

ઈરાનના વિદેશ મંત્રીએ પણ કહ્યું હતું કે લગભગ બધું 60% સમૃદ્ધ યુરેનિયમ કાટમાળ નીચે દબાયેલું છે અને હાલ તેને કાઢવાની કોઈ યોજના નથી.

રિપોર્ટમાં એ પણ કહેવામાં આવ્યું છે કે ઈરાન પાસે હજુ પણ યુરેનિયમને વધુ સમૃદ્ધ કરવા માટે સેન્ટ્રીફ્યુજ મશીનો છે અને તે નવા ભૂગર્ભ ઠેકાણાં પણ બનાવી શકે છે.

ટ્રમ્પ અને તેમના કેટલાક સહયોગીઓનું માનવું છે કે એક સીમિત અને લક્ષિત ઓપરેશન દ્વારા આ પરમાણુ સામગ્રીને કબજામાં લઈ શકાય છે, જેનાથી યુદ્ધ લાંબું નહીં ખેંચાય અને એપ્રિલના મધ્ય સુધીમાં તેને સમાપ્ત કરી શકાય છે.

ટ્રમ્પ પોતે પણ લાંબા યુદ્ધથી બચવા માંગે છે, કારણ કે તેમના કેટલાક સહયોગીઓ ઈચ્છે છે કે તેઓ ધ્યાન ઘરેલું મુદ્દાઓ અને આગામી ચૂંટણીઓ પર આપે, જ્યાં રિપબ્લિકન પાર્ટીને નુકસાનનો ખતરો જણાવવામાં આવી રહ્યો છે.

નિષ્ણાતો ટ્રમ્પની યુરેનિયમ મેળવવા માટે જમીની ઓપરેશન શરૂ કરવાની યોજનાને મુશ્કેલ અને ખતરનાક માને છે. તેમનું કહેવું છે કે આ માટે મોટી સંખ્યામાં અમેરિકી સૈનિકોને ઈરાનની અંદર મોકલવા પડશે. આનાથી રક્તપાત વધશે અને ઘણા અમેરિકી સૈનિકોનો જીવ જશે. સૈનિકોએ પહેલા વિસ્તારને સુરક્ષિત કરવો પડશે, જ્યાં તેમને ઈરાનના મિસાઈલ અને ડ્રોન હુમલાઓનો સામનો કરવો પડી શકે છે. આ પછી એન્જિનિયરો કાટમાળ હટાવીને લેન્ડમાઈન્સ અને જાળીઓને સાફ કરશે.

યુરેનિયમ શોધ્યા પછી સ્પેશિયલ ફોર્સની ટીમ તેને બહાર કાઢશે. જણાવવામાં આવ્યું છે કે આ સામગ્રી 40 થી 50 ખાસ સિલિન્ડરોમાં રાખેલી હોઈ શકે છે, જે દેખાવમાં ઓક્સિજન સિલિન્ડર જેવા હોય છે.

# કેરળમાં ભાજપનો મેનિફેસ્ટો જાહેર, AIIMSનું વચન આપ્યું: વૃદ્ધો-મહિલાઓને ₹3,000 પેન્શન

## આસામમાં બાંગ્લાદેશી મુસ્લિમો દ્વારા કબજે કરાયેલી જમીન પાછી લેવાની જાહેરાત

**કોલકાતા, તા.31**

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન અને પ્રદેશ અધ્યક્ષ રાજીવ ચંદ્રશેખરે મંગળવારે કેરળના તિરુવનંતપુરમમાં પાર્ટીનો મેનિફેસ્ટો જાહેર કર્યો હતો. ભાજપે કેરળમાં AIIMS બનાવવાનું અને તિરુવનંતપુરમથી કન્નુર સુધી હાઈ-સ્પીડ રેલવે નેટવર્ક વિકસાવવાનું વચન આપ્યું છે.

આ મેનિફેસ્ટોમાં જરૂરિયાતમંદ મહિલાઓ માટે 'ભક્ષ્ય આરોગ્ય સુરક્ષા કાર્ડ'નું વચન આપવામાં આવ્યું છે, જેમાં દવાઓ અને રાશન માટે દર મહિને 2,500 આપવામાં આવશે. 70 વર્ષથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકો, વિધવાઓ અને જરૂરિયાતમંદ મહિલાઓ માટે 3,000નું માસિક પેન્શન જાહેર કરવામાં આવ્યું છે.

ભાજપે અગાઉ આસામ માટે પણ મેનિફેસ્ટો બહાર પાડ્યો હતો. તેમાં લવ જેહાદ સામે કાર્યવાહી, ઘુસણખોરો પાસેથી જપ્ત કરાયેલી જમીન પાછી મેળવવા, રાજ્યમાં UCC લાગુ કરવા અને પાંચ વર્ષમાં યુવાનોને 2 લાખ નોકરીઓ આપવાનું વચન આપવામાં આવ્યું હતું. મેનિફેસ્ટોમાં 31 વચનો આપવામાં આવ્યા છે.

મંગળવારે સવારે ભાજપે આસામ માટે પોતાનો સંકલ્પ પત્ર બહાર પાડ્યો. તેમાં 31 મુદ્દા છે. નાણામંત્રી સીતારમણે પત્ર બહાર



પાડતા કહ્યું, 'પીએમ મોદીએ 77 વખત નોર્થ ઈસ્ટની મુલાકાત લીધી છે, જ્યારે આસામના ભૂતપૂર્વ કોંગ્રેસના સાંસદ અને તેનાએ અહીં 10 વખતથી વધુ મુલાકાત લીધી નથી.' રાજ્યના મુખ્યમંત્રી હિમંતાએ કહ્યું, 'અમે આગામી પાંચ વર્ષમાં 2 લાખ નોકરીઓ આપીશું. અમે છઠ્ઠી અનુસૂચિ અને અનુસૂચિત જાતિ (ST) વિસ્તારોને બાદ કરતાં આસામમાં UCC લાગુ કરીશું. અમે લવ જેહાદ સામે કડક કાર્યવાહી કરીશું. અમે રાજ્યને પૂરમુક્ત બનાવવાનો પ્રયાસ કરીશું.

આ દરમિયાન, તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિન તંજાવુર પહોંચ્યા, ત્યારે પોલીસે તેમની કારની તપાસ કરી હતી. સ્ટાલિન પોતે કારમાં હાજર હતા.

આ દરમિયાન, તમિલનાડુમાં, ટીવીકેના વડા વિજય અને તેમના પક્ષના 5,000 કાર્યકરો પર ચૂંટણી આચારસંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ કેસ નોંધવામાં આવ્યો હતો. મોનિટરિંગ અધિકારી કુમાર દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. તેમણે આરોપ લગાવ્યો હતો કે રેલીમાં મંજુરી વિના 30 લાઉડસ્પીકરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, એમ્બ્યુલન્સનો રસ્તો રોકવામાં આવ્યો હતો અને 5,000થી વધુ લોકોની ભીડ એકઠી કરવામાં આવી હતી.

તામિલનાડુના તંજાવુરમાં મુખ્યમંત્રી એમકે સ્ટાલિનની કારની તપાસ કરવામાં આવી હતી. સ્ટાલિન પોતે કારમાં બેઠા હતા.

TVK ચીફ વિજય અને તેમના પક્ષના 5,000 કાર્યકરો સામે ચૂંટણી આચારસંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ કેસ કરવામાં આવ્યો હતો. કોંગ્રેસે આસામ માટે પાંચ ગેરંટી આપી છે. તેમાં મહિલાઓને રોકડ સહાય, વરિષ્ઠ નાગરિકો માટે પેન્શન, દરેક પરિવાર માટે 25 લાખ સુધીનું હેલ્થ કવરેજ, ગાયિકા ઝુબીન ગર્ગને 100 દિવસમાં ન્યાય અને 10 લાખ આદિવાસી લોકો માટે જમીન અધિકાર આપવાના વચનનો સમાવેશ થાય છે.

કેરળમાં, રાહુલ ગાંધીએ કહ્યું, અમે તે દિવસની આતુરતાથી રાહ જોઈ રહ્યા છીએ જ્યારે કેરળમાં એક મહિલા મુખ્યમંત્રી બનશે. કોંગ્રેસ ઈચ્છે છે કે કેરળની મહિલાઓ તેમના સપના પૂરા કરે અને તેમની પસંદગીનું કામ કરવાની સંપૂર્ણ આઝાદી મળે.

# અમેરિકી હુમલામાં દિલ્હી આવનારું ઈરાની વિમાન ક્ષતિગ્રસ્ત: મશહદ એરપોર્ટ પર ઊભું હતું, ભારતથી રાહત સામગ્રી લઈ જવાની હતી

**તેહરાન, તા.31**

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધનો આજે 31મો દિવસ છે. ઈરાનમાં સોમવારે મહાન એરલાઈન્સનું એક વિમાન અમેરિકી હુમલામાં ક્ષતિગ્રસ્ત થયું.

આ વિમાન મશહદ એરપોર્ટ પર ઊભું હતું અને નવી દિલ્હી આવવાનું હતું. તેનો હેતુ ભારતમાંથી દવાઓ અને અન્ય જરૂરી રાહત સામગ્રી લઈ જવાનો હતો. બીજી તરફ યુરોપિયન યુનિયન (EU)એ ઈરાન પર લાગેલા માનવાધિકાર સંબંધિત પ્રતિબંધોને એક વર્ષ માટે વધુ લંબાવ્યા છે. હવે આ પાબંદીઓ 13 એપ્રિલ 2027 સુધી ચાલુ રહેશે.

EUએ કહ્યું છે કે જે લોકો અને સંસ્થાઓ પર આ પ્રતિબંધો લાગુ છે, તેઓ યુરોપના દેશોમાં મુસાફરી કરી શકશે નહીં અને તેમની સંપત્તિઓ પણ જપ્ત અથવા ફ્રીઝ રહેશે. આ ઉપરાંત, ઈરાનને એવા ઉપકરણો મોકલવા પર પણ પ્રતિબંધ રહેશે જેનો ઉપયોગ લોકો પર નજર રાખવા અથવા તેમને દબાવવા માટે કરી શકાય છે.

લેબનાને યુક્રેનના દૂતાવાસને એક એવી વ્યક્તિને સોંપવા માટે કહ્યું છે, જેના પર ઈઝરાયેલની ગુપ્તચર એજન્સી મોસાદ માટે કામ કરવાનો શંકા છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ વ્યક્તિ પહેલા હિઝબુલ્લાહ પાસે હતો. તેના પર આરોપ છે કે તેણે બેરૂતમાં હુમલો કરવાના ઈરાદે એક મોટરસાઈકલમાં બોમ્બ છુપાવીને રાખ્યો હતો.

ઈઝરાયેલના હુમલા દરમિયાન તે ત્યાંથી ભાગી ગયો અને યુક્રેનના દૂતાવાસમાં શરણ લીધી. જ્યારે દૂતાવાસે તેને દેશની બહાર મોકલવાની પરવાનગી માંગી, ત્યારે તપાસમાં જાણવા મળ્યું કે તે લેબનાનમાં વોન્ટેડ છે.

G7 દેશોએ કહ્યું છે કે તેઓ એનર્જી માર્કેટને સ્થિર રાખવા માટે દરેક જરૂરી પગલાં ભરશે. બેઠક પછી જાહેર કરાયેલા નિવેદનમાં કહેવામાં આવ્યું કે હાલ બજારમાં જે ઉતાર-ચઢાવ ચાલી રહ્યો છે, તેની અસર ઓછી કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

G7 દેશોએ એ પણ કહ્યું કે કોઈ પણ દેશ ઓઈલ અને ગેસના નિકાસ પર કારણ વગર રોક ન લગાવે, કારણ કે તેનાથી સપ્લાય વધુ બગડી શકે છે.

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ ઈરાન પર આરોપ લગાવ્યો છે કે તેણે પોતાના નાગરિકોના વિકાસને બદલે 'આતંકી સંગઠનો' ને સમર્થન આપવામાં વધુ પૈસા ખર્ચ્યા છે.

અલ જઝીરાને આપેલા ઈન્ટરવ્યુમાં રુબિયોએ કહ્યું કે ઈરાન પાસે અગાઉ વાતચીત દ્વારા સંઘર્ષ




ટાળવાની તક હતી, પરંતુ તે સફળ રહી નથી. હવે યુદ્ધ ખતમ કરવા માટે ફરીથી વાતચીતની કોશિશો ચાલી રહી છે.

તેમણે કહ્યું કે જો ઈરાને પોતાની અબજો ડોલરની રકમ હથિયારો બનાવવા અને અન્ય જૂથોને સમર્થન આપવાને બદલે પોતાના દેશના વિકાસ પાછળ ખર્ચ કરી હોત, તો ત્યાં પાણીની અછત અને આર્થિક સમસ્યાઓ ઓછી થઈ શકી હોત.

રુબિયોએ એમ પણ ઉમેર્યું કે ઈરાનના લોકો ખૂબ જ પ્રતિભાશાળી અને મહેનતુ છે, પરંતુ સમસ્યા ત્યાંની સરકારની નીતિઓમાં છે. ઈરાને પોતાની સંપત્તિનો મોટો હિસ્સો હિઝબુલ્લાહ, હમાસ અને ઈરાકના શિયા મિલિશિયા જૂથોને સમર્થન આપવામાં વાપર્યો છે.

સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝે લેબનાનમાં સંયુક્ત રાષ્ટ્રના એક શાંતિ સૈનિકના મોત પર સખત નારાજગી વ્યક્ત કરી છે અને કહ્યું છે કે પરિસ્થિતિ હવે વધુ ગંભીર બની ગઈ છે. આ સૈનિકનું રવિવારની રાત્રે એક વિસ્ફોટમાં મોત થયું હતું.

સ્પેને આ ઘટનાની નિંદા કરતા કહ્યું છે કે રેડ લાઈન પાર કરવામાં આવી છે અને આ હુમલો કોણે કર્યો તે શોધી કાઢવું જોઈએ. સાથે જ, ઈઝરાયલને લડાઈ રોકવા માટે અપીલ કરવામાં આવી છે.

સાંચેઝે કહ્યું કે UN ના શાંતિ મિશન પર હુમલો કરવો એ આખી દુનિયા વિરુદ્ધનો હુમલો માનવામાં આવે છે અને તેને સ્વીકારી શકાય નહીં.

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ જણાવ્યું છે કે અમેરિકા હોર્મુઝ સ્ટ્રેટ પર ઈરાનના નિયંત્રણ અને દાવાને ક્યારેય સ્વીકારશે નહીં. અલ જઝીરાને આપેલા ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું કે કોઈ એક દેશને આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગ પર કબજો કરવાની મંજૂરી આપી શકાય નહીં, કારણ કે તેનાથી એક ખતરનાક ઉદાહરણ બેસશે.

રુબિયોએ દાવો કર્યો હતો કે ઈરાન વિરુદ્ધ ચાલી રહેલી સૈન્ય કાર્યવાહીના લક્ષ્યાંકો મહિનાઓમાં નહીં, પરંતુ ગણતરીના અઠવાડિયામાં જ પૂરા કરી લેવામાં આવશે. ઓપરેશન પૂરું થયા પછી હોર્મુઝ સ્ટ્રેટને કોઈપણ સંજોગોમાં ફરીથી ખોલવામાં આવશે.

તેમણે ચેતવણી આપી હતી કે જો ઈરાન ભવિષ્યમાં પણ હોર્મુઝને બંધ કરવાનો પ્રયાસ કરશે, તો તેણે તેના ગંભીર પરિણામો ભોગવવા પડશે. રુબિયોએ એમ પણ કહ્યું કે ઈરાનને પરમાણુ હથિયારો મેળવવાની મંજૂરી આપવામાં આવશે નહીં અને તેણે આતંકવાદને સમર્થન આપવાનું બંધ કરવું પડશે.

સાઉદી અરેબિયાના રાસ તનૂરા પાસે સમુદ્રમાં એક જહાજની નજીક બે શંકાસ્પદ વસ્તુઓ (પ્રોજેક્ટાઈલ) પડી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ બંને ઘટનાઓ એક કલાકની અંદર બની હતી અને બંને વખતે આ વસ્તુઓ જહાજની પાસે પાણીમાં પડી હતી. જહાજ પર સવાર તમામ લોકો સુરક્ષિત છે. હાલમાં આ ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે.

# ગેસની અછતને પહોંચી વળવા સરકારનો નવો પ્લાન: જહાજોને હોર્મુઝમાંથી નહીં પસાર થવું પડે, અંગોલા પાસેથી LPG ખરીદવાની તૈયારીમાં ભારતીય કંપનીઓ

**નવી દિલ્હી, તા.31**

ઈરાન યુદ્ધને કારણે ભારતમાં સર્જાયેલી ગેસની અછતને પહોંચી વળવા માટે સરકારી ઓઈલ અને ગેસ કંપનીઓ હવે નવા દેશોમાંથી LPG ખરીદવાનો વિકલ્પ શોધી રહી છે. આ જ કારણોસર, ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ, હિન્દુસ્તાન પેટ્રોલિયમ અને ગેલ જેવી કંપનીઓ આફ્રિકન દેશ અંગોલાની સરકારી કંપની સોનાનગોલ પાસેથી LPG ખરીદવા માટે વાતચીત કરી રહી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ કંપનીઓ સોનાનગોલ સાથે લાંબા ગાળાનો કરાર કરવા પર વિચાર કરી રહી છે. જોકે, વાતચીત હજુ પ્રારંભિક તબક્કામાં છે અને સરકારી સ્તરે પણ ચર્ચા ચાલી રહી છે.

ભારતનો 92% LPG ખાડી દેશોમાંથી આવે છે. ભારત સરકાર આ નિર્ભરતા ઘટાડવા માંગે છે. આવા સંજોગોમાં, જો અંગોલા સાથે કરાર થાય છે, તો જહાજો એટલાન્ટિક અને અરબી સમુદ્રમાંથી પસાર થઈને સીધા ભારત પહોંચશે. તેમને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવું પડશે નહીં.

ભારત અને અંગોલા વચ્ચે પહેલાથી જ ઓઈલ અને ગેસનો વેપાર થતો રહ્યો છે, તેથી બંને દેશો વચ્ચે વિશ્વાસ અને સપ્લાય સિસ્ટમ પહેલેથી જ સ્થાપિત છે. આ જ કારણોસર, નવી ડીલ કરવી સરળ બની જાય છે.

અંગોલામાં ગેસનું ઉત્પાદન થાય છે અને ત્યાં LPG માટે જરૂરી પ્રોપેન અને બ્યુટેન પણ મળે છે, જેનાથી ભારતને સીધો ગેસ મળી શકે છે. સપ્લાયની દ્રષ્ટિએ પણ અંગોલા સારો વિકલ્પ છે, કારણ કે દરિયાઈ માર્ગે ગેસ 12 થી 18 દિવસમાં ભારત પહોંચી શકે છે અને ત્યાં નિકાસની સારી સુવિધા પણ ઉપલબ્ધ છે. અંગોલામાં ઊર્જા ક્ષેત્ર સરકારના નિયંત્રણમાં છે, જેનાથી સરકારી સ્તરે સમજૂતી કરવી સરળ બને છે.

નિષ્ણાતોનું કહેવું છે કે આફ્રિકાથી ગેસ સપ્લાય અમેરિકાની સરખામણીમાં 10 થી 15 દિવસ વહેલો ભારત પહોંચી શકે છે. આવા સંજોગોમાં અંગોલા ભારત માટે એક સારો વિકલ્પ બની શકે છે. જો આ કરાર થાય છે, તો અંગોલા પહેલીવાર ભારતને રસોઈ ગેસ સપ્લાય કરશે.

ભારતીય કંપનીઓ LPG માટે લગભગ એક વર્ષ અને LNG માટે ઓછામાં ઓછા 10 વર્ષનો કરાર કરવા પર વિચાર કરી રહી છે.

અંગોલા પાસે લગભગ 4.6 ટ્રિલિયન ક્યુબિક ફીટ નેચરલ ગેસનો ભંડાર છે અને તે પહેલાથી જ ભારતને ક્રૂડ ઓઈલ અને LNG



સપ્લાય કરતો રહ્યો છે. નાણાકીય વર્ષ 2025માં અંગોલા ભારતનો પાંચમો સૌથી મોટો એલએનજી સપ્લાયર હતો.

ભારત માત્ર અંગોલા જ નહીં, પરંતુ ઓસ્ટ્રેલિયા, અલ્જીરિયા અને રશિયા જેવા દેશો પાસેથી પણ ગેસ આયાતના વિકલ્પો શોધી રહ્યું છે, જેથી કોઈ એક ક્ષેત્ર પર નિર્ભરતા ઘટાડી શકાય.

આ ગેસ સંકટની અસર ખાતર (ફર્ટિલાઈઝર) અને સ્ટીલ સેક્ટર જેવા ઉદ્યોગો પર પણ પડી શકે છે. જો આ સ્થિતિ લાંબા સમય સુધી ચાલુ રહે છે, તો ગેસની કિંમતો પણ વધી શકે છે અને ભારતને મોંઘા ભાવે ગેસ ખરીદવો પડી શકે છે.

પેટ્રોલિયમ મંત્રાલયે જણાવ્યું છે કે દેશમાં ગેસ અને પેટ્રોલિયમ ઉત્પાદનોનો પુરવઠો જાળવી રાખવા માટે જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. તાજેતરમાં બે મોટા જહાજો લગભગ 94 હજાર મેટ્રિક ટન LPG લઈને ભારત તરફ રવાના થયા છે.

ભારત વિશ્વનો બીજો સૌથી મોટો LPG ઉપભોક્તા છે અને તેની જરૂરિયાતનો લગભગ 60% આયાત કરે છે. જ્યારે, લગભગ 50% LNG પણ આયાત કરે છે. અત્યાર સુધી મોટાભાગની LPG આયાત ફારસની ખાડીના દેશો UAE, કતાર, સાઉદી અરેબિયા અને કુવૈતમાંથી થાય છે.

ખાસ વાત એ છે કે આ તમામ દેશોમાંથી આવતો ગેસ એક જ રસ્તે, હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થાય છે. આ માત્ર 33 કિલોમીટર પહોળો દરિયાઈ માર્ગ છે, પરંતુ વિશ્વના લગભગ 20% તેલ અને ગેસનો વેપાર અહીંથી થાય છે.

2024-25માં ભારતની લગભગ 92% LPG આયાત આ ચાર ખાડી દેશોમાંથી આવી. તેમાં UAE સૌથી મોટો સપ્લાયર બનીને ઉભરી આવ્યું છે, જેનો હિસ્સો વધીને 40% થી વધુ થઈ ગયો છે. જ્યારે, કતાર અને સાઉદી અરેબિયાના હિસ્સામાં ઘટાડો થયો છે. ભારતમાં LPGની માગ ઝડપથી વધી રહી છે, પરંતુ ઘરેલું ઉત્પાદન લગભગ વધી રહ્યું નથી. આ જ કારણ છે કે દેશને તેની જરૂરિયાતનો મોટો હિસ્સો વિદેશથી મંગાવવો પડી રહ્યો છે, જેના કારણે સપ્લાયને લઈને જોખમ પણ વધી ગયું છે.

સરકારી આંકડા મુજબ, ભારતે વર્ષ 2024-25માં 20.67 મિલિયન ટન LPG આયાત કર્યો, જે 2019-20ના 14.81 મિલિયન ટનની સરખામણીમાં લગભગ 40% વધુ છે.

બીજી તરફ ભારતનું ઘરેલું ઉત્પાદન લગભગ સ્થિર રહ્યું છે. 2019-20માં દેશે 12.82 મિલિયન ટન LPGનું ઉત્પાદન કર્યું હતું, જે 2024-25માં ઘટીને લગભગ 12.79 મિલિયન ટન થઈ ગયું. એટલે કે ઉત્પાદનમાં કોઈ વધારો થયો નથી.

2024-25 માં ભારતે 31.32 મિલિયન ટન LPG નો ઉપયોગ કર્યો, જે 2019-20 ની સરખામણીમાં લગભગ 19% વધુ છે. આ વધારો ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં ગેસ કનેક્શન વધવાને કારણે થયો છે.

પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ કરોડો પરિવારોને LPG કનેક્શન આપવામાં આવ્યા છે. હવે દેશમાં 33 કરોડથી વધુ સક્રિય ગેસ કનેક્શન છે, જેના કારણે માંગ સતત વધી રહી છે.

## તંત્રી લેખ

# પશ્ચિમ એશિયા યુદ્ધની મોટી અસર, 40થી વધુ ઊર્જા સુવિધાઓનો નાશ

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધની વૈશ્વિક ઉર્જા પુરવઠા પર ઊંડી અસર પડી રહી છે. આંતરરાષ્ટ્રીય ઉર્જા એજન્સીના જણાવ્યા અનુસાર, આ સંઘર્ષમાં નવ દેશોમાં ૪૦ થી વધુ ઉર્જા સ્થાપનોને ભારે નુકસાન થયું છે, જેની વૈશ્વિક પુરવઠા શૃંખલા પર લાંબા ગાળાની અસર પડી શકે છે. કારણકે કુવાઓ, રિફાઈનરીઓ અને પાઈપલાઈનોને થયેલા નુકસાનને પુનઃસ્થાપિત કરવામાં સમય લાગશે. ત્રણ અઠવાડિયાથી વધુ સમયથી ચાલી રહેલા આ સંઘર્ષે સમગ્ર ઉર્જા પુરવઠા પ્રણાલીને અસર કરી છે.

મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ, સ્ટ્રેટ ઓફ હોર્મુઝ, વર્ચ્યુઅલ રીતે બંધ છે, જેના કારણે ક્રૂડ ઓઈલ, ગેસ અને ઈંધણના ભાવમાં વધારો થયો છે. આંતરરાષ્ટ્રીય ઉર્જા એજન્સીના મતે, વર્તમાન પરિસ્થિતિ ૧૯૭૦ ના દાયકાના તેલ સંકટ અને ૨૦૨૨ ના ગેસ સંકટ જેવી છે.

એજન્સીએ કહ્યું હતું કે માત્ર તેલ અને ગેસ જ નહીં, પરંતુ પેટ્રોકેમિકલ્સ, ખાતરો, સલ્ફર અને હિલીયમ જેવા આવશ્યક ઉત્પાદનોના વેપારને પણ અસર થઈ છે. આનાથી વૈશ્વિક અર્થતંત્ર પર ગંભીર અસર પડી શકે છે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધની સૌથી વધુ અસર એશિયન દેશો પર પડી રહી છે. આ એટલા માટે છે કારણ કે એશિયા આ પ્રદેશમાંથી મળતા કાચા તેલ પર ભારે નિર્ભર છે. આ કટોકટીનો સામનો કરવા માટે બધા દેશોએ સાથે મળીને કામ કરવું જોઈએ. દરેક દેશ પોતાના હિતોને પ્રાથમિકતા આપે છે, પરંતુ માન્ય કારણ વિના કડક નિકાસ પ્રતિબંધો લાદવાનું આંતરરાષ્ટ્રીય સ્તરે યોગ્ય માનવામાં આવશે નહીં.

માર્ચની શરૂઆતમાં, આંતરરાષ્ટ્રીય ઉર્જા એજન્સીએ તેના કટોકટી ભંડારમાંથી ૪૦૦ મિલિયન બેરલ તેલ મુક્ત કરવાની જાહેરાત કરીને એક મોટું પગલું ભર્યું હતું. આનો હેતુ પુરવઠાની અછતને દૂર કરવા અને વધતી કિંમતોને નિયંત્રિત કરવાનો હતો.

ગયા અઠવાડિયે, એજન્સીએ તેલ આયાત કરનારા દેશો માટે માંગ ઘટાડવા માટે પગલાં પણ સૂચવ્યા હતા. જો આગામી દિવસોમાં પરિસ્થિતિ વધુ વણસે છે, તો જરૂર પડયે વધારાના તેલ ભંડાર મુક્ત કરી શકાય છે. જો કે, વર્તમાન સમસ્યાનો કાયમી ઉકેલ ત્યારે જ શક્ય છે જ્યારે હોર્મુઝ સ્ટ્રેટ જેવા મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગો સંપૂર્ણપણે ફરીથી ખોલવામાં આવે.

મધ્ય પૂર્વમાં યુદ્ધ ફાટી નીકળ્યા પછી વૈશ્વિક અર્થતંત્ર ખરાબ સ્થિતિમાં પહોંચી ગયું છે. અમેરિકાથી યુરોઝોન સુધી આર્થિક સ્થિતિનું નજીકથી નિરીક્ષણ કરતા અસંખ્ય સર્વેક્ષણો દ્વારા આ વાતની પુષ્ટિ થાય છે. અર્થશાસ્ત્રીઓના સરેરાશ અંદાજ મુજબ, તમામ પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ (સૈં) અંદાજોમાં ઘટાડો થવાની ધારણા છે. જે સેવા અને ઉત્પાદન ક્ષેત્રોમાં નબળાઈની આગાહી કરે છે.

પ્રાદેશિક શિપિંગ અને ઉત્પાદનમાં વિક્ષેપોને કારણે ઊર્જાના ભાવમાં અચાનક વધારો અને વૈશ્વિક ગ્રાહક ભાવો પરના જોખમને કારણે, તાજેતરના દિવસોમાં કેન્દ્રીય બેંકોને વિવિધ રીતે પ્રતિક્રિયા આપવા માટે પ્રેરિત કરવામાં આવ્યા છે. આમાંથી, યુકેના અધિકારીઓએ તેમની નાણાકીય નીતિને હળવી કરવાની યોજનાઓ મુલતવી રાખી હતી. તેમના યુરોઝોન સમકક્ષોએ નીતિગત કડક વલણ અપનાવ્યું, અને ઓસ્ટ્રેલિયન નીતિ નિર્માતાઓએ વ્યાજ દરો વધારવાનો નિર્ણય લીધો. ફેડરલ રિઝર્વે પણ આવો જ માર્ગ અપનાવ્યો છે. એસએન્ડપી ગ્લોબલ માર્કેટ ઈન્ટેલિજન્સના એક અહેવાલમાં જણાવ્યું હતું કે ફુગાવો હાલમાં સૌથી મહત્વપૂર્ણ મુદ્દો છે. મધ્યસ્થ બેંકોને યુદ્ધ-પ્રેરિત આર્થિક મંદીના જોખમોને પણ ધ્યાનમાં લેવાની જરૂર પડશે. આનો અર્થ એ છે કે તેઓ માંગ અને વ્યવસાયિક વિશ્વાસ પર અસર વિશે સંકેતો માટે પીએમઆઈ ડેટાનું પણ નિરીક્ષણ કરશે. યુદ્ધ ફાટી નીકળ્યા પછી આ પ્રકારનું પ્રથમ સંયુક્ત આર્થિક મૂલ્યાંકન હશે. આ આગાહીઓ એપ્રિલના મધ્યમાં આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ દ્વારા પ્રકાશિત થનારા વધુ વિગતવાર આર્થિક અંદાજોની ઝલક આપી શકે છે.

મેડિકલ ક્ષેત્રમાં પણ એઆઈ પોતાની સત્તા જમાવતું જાય છે. માણસો કરતા વધારે ચોકસાઈ અને ઉંડાણપૂર્વક તે મેડિકલ કન્ડિશનની તપાસ કરે છે. તેના આધારે બિમારીનું કારણ અને તેની સારવાર વિશે વધુ ચોકસાઈથી માહિતી આપે છે. તેવી જ રીતે શિક્ષકોની સરખામણીએ એઆઈ દ્વારા જે વિગતો રજૂ કરાય છે તેમાં વિદ્યાર્થીઓને ભણવામાં વધારે રસ પડી રહ્યો છે : વિદ્યાર્થીઓ દ્વારા પણ પોતાના અભ્યાસ, પ્રોજેક્ટ અને અન્ય કામગીરી માટે ચેટજીપીટી અથવા તો બીજા એઆઈ ટુલ્સનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આવા ટુલ્સ ગણતરીના સેકન્ડોમાં જવાબ આપી દેતા હોવાથી વિદ્યાર્થીઓ જવાબ શોધવાનો પ્રયાસ પણ કરતા નથી. તેનાથી તેમની તર્કશક્તિ કુંઠિત થઈ રહી છે

# ભવિષ્યમાં એઆઈ મુખ્ય ભૂમિકામાં અને માણસ મદદગાર બની રહેશે!

## આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જે રીતે સક્ષમ થઈ રહ્યું છે તે એક દાયકામાં માણસથી પણ વધારે વિચારતી અને કામ કરતી સિસ્ટમ બની જશે

દુનિયાભરમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો વપરાશ અતિશય વધ્યો છે. દરેક નાની નાની બાબતમાં તેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. એવું કહેવાય છે કે, નાનકડી વસ્તુ બનાવવી છે કે, બાળકોને હોમવર્ક કરવું છે ત્યાંથી શરૂ કરીને યુદ્ધનું આયોજન, મિસાઈલ હુમલા અને અંતરીક્ષમાં કામગીરી માટે પણ એઆઈનો ઉપયોગ થવા લાગ્યો છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સે જે રીતે રોજિંદા જીવનમાં પગપેસારો કર્યો છે તેના કારણે કામ તો સરળ થઈ ગયા છે પણ બીજી તરફ માનવજાત માટે જ મુશ્કેલી ઊભી થઈ રહી છે. તેના કામની સચોટતા અને ઝડપ તથા અતિશય વિકસિત તર્કબુદ્ધિને પગલે માણસોના વિકલ્પ તરીકે તેનો ઉપયોગ થવા લાગ્યો છે જે ચિંતાનજક છે.

જાણકારો માને છે કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો અનિયંત્રીત ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તેને સતત વિકસિત કરવા માટે પણ પ્રયાસ કરાઈ રહ્યા છે. જે રીતે એઆઈ વિકસિત થઈ રહ્યું છે તે જોતાં લાગે છે કે, આગામી દાયકામાં એઆઈની વિચારક્ષમતા માણસો કરતા અનેકગણી વધારે થઈ જશે. એક તરફ તે માણસો માટે જોખમી અને જીવલેણ બિમારીઓની સારવાર શોધી આપશે જ્યારે બીજી તરફ તે માણસોને જ વિકલ્પ તરીકે દૂર કરવા લાગશે.

એક સમય હતો જ્યારે આપણે મશીનનો ઉપયોગ માણસના વિકલ્પ તરીકે શરૂ કર્યો હતો પણ ધીમે ધીમે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ હવે માણસને વિકલ્પ બનાવીને મુકી દેશે.


માણસોએ મશીનનો વિકાસ જ પોતાનું કામ સરળ બનાવવા માટે અને ઓછા સમયમાં વધારે કામ પૂરું કરવા માટે કર્યો હતો. મશીનો દ્વારા ચોકસાઈથી કામ કરી શકાય તેના માટે તેનો વિકાસ કરાયો હતો. માણસોએ પોતાની જિંદગી સરળ અને આનંદિત કરવા માટે મશિન વિકસાવ્યા પણ ત્યારે ક્યારેય વિચાર્યું નહીં હોય કે આ જ મશીનો હવે માણસનું સ્થાન લઈને તેની જિંદગી ખરાબ કરી શકે છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માણસોના અસ્તિત્વ સામે જ સવાલ ઊભો કરી દેશે અને તેના અસ્તિત્વને જ પડકારશે. માણસ જ્યાં સુધી કુદરત સાથે સાયુજ્ય સાધીને કામ કરતો હતો ત્યાં સુધી જીવન ખુશીઓથી ભરેલું હતું. જેમ જેમ ટેક્નોલોજીનો વિકાસ થવા લાગ્યો તેમ તેમ પ્રકૃતિના નિયમો તોડતો ગયો અને હવે એક આભાસી વિશ્વમાં અટવાતો ગયો છે. તેના કારણે હવે સમાજ સામે નૈતિક, સામાજિક, આર્થિક જોખમો ઊભા થઈ ગયા છે.

તાજેતરમાં નોબલ પુરસ્કૃત એક વૈજ્ઞાનિકે તર્ક આપ્યો હતો કે જેમ જેમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ વધ્યો છે અને વિકાસની શક્યતાઓ વધી છે તેની સાથે સાથે તેના જોખમો પણ એટલા જ વધ્યા છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વિકાસમાં ઘણા દેશો અને કંપનીઓ દ્વારા સુરક્ષાના નિયમો અને માપદંડોને નેવે મુકી દેવાયા છે. જાણકારો માને છે કે, તેના કારણે સ્થિતિ એવી આવી છે કે, હવે આ ટેક્નોલોજી માનવતાના વિનાશની દિશામાં આગળ વધી રહી છે અથવા તો તેના માટે કારણભૂત બની રહેશે. જ્યાં સુધી એઆઈ સિસ્ટમમાં નૈતિકતા અને માનવતાની વાતો નહીં આવે ત્યાં સુધી એઆઈ કૃત્રિમ રીતે જ વિચાર કરશે. હકિકતે હાલમાં એવા એઆઈની જરૂર છે જે વિકસિત હોય, બુદ્ધિમાન હોય, તર્ક કરી શકે અને સંવેદના સાથે જવાબદારી નિભાવી શકે.

સંશોધકો માને છે કે, આ દાયકાના અંત સુધીમાં જ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની ચાલતા મશીનો અને અન્ય ટેક્નોલોજી એવી આવી જશે જેમાં માણસોની ક્ષમતા કરતા અત્યંત વધારે બુદ્ધિ, તર્ક ક્ષમતા અને કાર્યક્ષમતા હશે.

આ ટેક્નોલોજી એવી હશે જે આપણી આસપાસની દુનિયાને જોશે, જાણશે અને સમજશે. તે આપણા રોજિંદા જીવનનો ભાગ બનીને તેમાં હળીમળી જશે. આગામી એક દાયકામાં તે માણસોને થતી જીવલેણ બીમારીઓને પણ દૂર કરવાની પદ્ધતિઓ અને સારવાર લાવી દેશે. સૌથી પહેલાં વિચાર એ આવે કે ભૂતકાળમાં માણસ પાસે ટેક્નોલોજી નહોતી અને તે કુદરતના ખોળે હતો ત્યારે બિમારીઓ નહોતી. મશીનો અને ટેક્નોલોજીની શોધ અને અતિશય ઉપયોગ બાદ વિવિધ બિમારીઓ વધી છે. આ સંજોગોમાં ખરેખર આપણે બિમારીનું કારણ ઓછું કરવું જોઈએ કે તેને એડવાન્સ બનાવવું જોઈએ.



બીજી વાત એવી પણ છે કે, મશીનોનું પ્રભુત્વ હવે વધી રહ્યું છે. એક સમય હતો જ્યારે માણસો મુખ્ય ભૂમિકામાં હતા અને મશીનો તેમની મદદ માટે વિકસિત કરવામાં આવ્યા હતા. માણસો દ્વારા મશીનોનો ઉપયોગ કરાતો હતો. હવે સ્થિતિ એવી થઈ છે કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા બનાવાયેલા મશીનો મુખ્ય ભૂમિકામાં આવવા લાગ્યા છે. હવે માણસો માત્ર મદદગાર બની રહ્યા છે. તેની અસર એ થઈ રહી છે કે, માણસોના શરીર અને મગજ બંને શિથિલ થઈ રહ્યા છે. તેના કારણે લોકો જાતભાતની લાઈફસ્ટાઈલ બિમારીઓનો ભોગ બની રહ્યા છે.

એક અહેવાલ જણાવે છે કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું પ્રભુત્વ જે રીતે વધી રહ્યું છે તેના કારણે ૨૦૩૦ સુધીમાં ૧ કરોડ નોકરીઓ જતી રહેશે. એઆઈ હાલમાં માણસો કરતા વધારે કુશળતાથી કામ કરે છે તેથી આગામી સમયમાં તેનો વ્યાપક ઉપયોગ થશે. તેના કારણે સ્થિતિ એવી થશે કે સમાજમાં નવી સ્થિતિનું નિર્માણ થશે. જે લોકોને રોજગાર જોઈએ છે તેમને બૌદ્ધિકતા ખૂબ જ વ્યાપક રીતે વિકસાવવી પડશે. આગામી સમયમાં સમાજમાં શ્રેષ્ઠ બૌદ્ધિક ક્ષમતા ધરાવતા અને ઓછી બૌદ્ધિક ક્ષમતા ધરાવતા લોકો એવા બે ભાગ થઈ જશે. મશીનો વધારે ચોકસાઈથી કામ કરતી હોય છે કે જાણકારો માણસોના બદલે મશીનો ઉપર વધારે વિશ્વાસ કરે છે. તેના કારણે જ આગામી સમયમાં મશીનોને વધુ ચોકસાઈથી ચલાવવાનું કૌશલ્ય ધરાવતા લોકો પાસે જ યોગ્ય અવસરો હશે.

આ ઉપરાંત એવું કહેવામાં આવે છે કે, મેડિકલ ક્ષેત્રમાં પણ એઆઈ પોતાની સત્તા જમાવતું જાય છે. માણસો કરતા વધારે ચોકસાઈ અને ઉંડાણપૂર્વક તે મેડિકલ કન્ડિશનની તપાસ કરે છે, વિવિધ રિપોર્ટ્સ બનાવે છે અથવા તો તેની ચકાસણી કરે છે. તેના આધારે બીમારીનું કારણ અને તેની સારવાર વિશે વધુ ચોકસાઈથી માહિતી આપે છે. તેવી જ રીતે શિક્ષકોની સરખામણીએ એઆઈ દ્વારા જે વિગતો રજૂ કરાય છે તેમાં વિદ્યાર્થીઓને ભણવામાં વધારે રસ પડી રહ્યો છે. આ સિવાય ફિટનેસ, સ્પોર્ટ્સ ટ્રેનિંગ, ફેશન, કાઉન્સેલિંગ અને બીજા ઘણા ક્ષેત્રોમાં એઆઈ દ્વારા પ્રભુત્વ જમાવવામાં આવી રહ્યું છે. યુવાનોને એવું જ લાગી રહ્યું છે કે, તેમને માણસોની જરૂર જ નથી. એઆઈ દ્વારા તેમની તમામ ઈચ્છાઓ પૂરી થઈ રહી છે.

ચિંતાજનક બાબત એ છે કે, યુવા પેઢીની અલગ રીતે વિચારવાની અને ક્રિયેટિવ કામ કરવાની ક્ષમતાને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ખૂબ જ નુકસાન પહોંચાડી રહ્યું છે.

યુવાનો પોતાના કોઈપણ કામ વિચારીને કરવાના બદલે એઆઈની મદદથી કરવાનું વધારે પસંદ કરી રહ્યા છે. તેના કારણે લખવા, વાંચવા, સર્જન કરવા માટે જે વિચારવાની જરૂર પડે તે હવે થતી નથી. વિદ્યાર્થીઓ દ્વારા પણ પોતાના અભ્યાસ, પ્રોજેક્ટ અને અન્ય કામગીરી માટે ચેટજીપીટી અથવા તો બીજા એઆઈ ટુલ્સનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આવા ટુલ્સ ગણતરીના સેકન્ડોમાં જવાબ આપી દેતા હોવાથી વિદ્યાર્થીઓ પણ ખાસ વિચાર કરતા નથી કે જવાબ શોધવાનો પ્રયાસ પણ કરતા નથી.

આ ટુલ્સ જવાબ પસંદ ન આવે તો અન્ય વિકલ્પો પણ આપે છે. પ્રશ્ન એ થાય છે કે, કોઈપણ એઆઈ ટુલ્સ દ્વારા અપાતા જવાબો કે સલાહ-સુચનો ખરેખર સંપૂર્ણ સાચા અને વિશ્વાસપાત્ર હોય છે. આખરે તે એક મશીન છે અને તે પણ માણસો દ્વારા બનાવવામાં આવેલું. મશીનો ઉપર ખરેખર કેટલો વિશ્વાસ કરી શકાય અને કેટલો નહીં.

જાણકારો માને છે કે, આઈએનો ઉપયોગ વ્યાપક રીતે થઈ રહ્યો છે તે એક રીતે ફાયદો કરાવે છે પણ માનવ ઉત્ક્રાંતિના પરીપ્રેક્ષ્યમાં વિચારીએ તો તે વધારે નુકસાન કરી રહ્યું છે.

વિજ્ઞાન કે ચિકિત્સા જગતમાં તેનો ઉપયોગ વધારે કારગર સાબિત થઈ રહ્યો હોય પણ અભ્યાસ અને કૌશલ્ય વિકાસના ક્ષેત્રમાં તેના દુષ્પ્રભાવ વધારે દેખાઈ રહ્યા છે.

અભ્યાસમાં તેનો સતત ઉપયોગ બાળકોને કેપ્ટિવ માઈન્ડમાં પરિવર્તિત કરી રહ્યા છે. તેવી જ રીતે કિશોરો અને યુવાનોની પણ સર્જન ક્ષમતા ધીમે ધીમે નષ્ટ થઈ રહી છે અથવા તો ઓછી થઈ રહી છે.

બાળકો દ્વારા કે કિશોરો અને યુવાનો દ્વારા પોતાના અભ્યાસ માટે, પ્રોજેક્ટ માટે, પરીક્ષાની તૈયારીઓ માટે, કોઈપણ લેખન કાર્ય માટે સીધો જ એઆઈનો ઉપયોગ કરવામાં આવે છે. તેના કારણે ઓછા સમયમાં વધારે કુશળતાથી કામગીરી પૂરી થઈ જાય છે.

એક રીતે જોઈએ તો તેમના સમયનો બચાવ થાય છે પણ સાથે સાથે તેમની વિશ્લેષણની ક્ષમતા અને તર્કશક્તિ ઘટી રહ્યા છે. બીજી બાબત એવી છે કે, તેઓ જે સમયનો બચાવ થાય છે તેનો ઉપયોગ નવી બાબત શીખવામાં કે કૌશલ્ય વિકાસ કરવાના બદલે સોશિયલ મીડિયા સ્ક્રોલ કરવામાં, રીલ્સ બનાવવામાં કે પછી ઓનલાઈન ગેમ્સ રમવામાં પસાર કરે છે. તેના કારણે ઘણા કિસ્સામાં તેઓ ગુનાખોરમાં પણ અટવાઈ જતા હોય છે. આ સિવાય તેઓ સતત સ્માર્ટફોન અને સોશિયલ મીડિયાના વળગણને પગલે શારીરિક અને માનસિક બીમારીઓનો ભોગ બનતા હોય છે.

બીજી તરફ એઆઈના કારણે લોકોની વ્યક્તિગત માહિતીઓ પણ સરળતાથી જાહેર થઈ જાય છે. તેના કારણે તેનો દૂરુપયોગ થવાના કિસ્સા અતિશય વધી ગયા છે. આ તમામ બાબતો વચ્ચે માણસે સમજવું પડશે કે કુદરતી જે બુદ્ધિ આપી છે તેના દ્વારા કૃત્રિમ બુદ્ધિનો વિકાસ કરી શકાય તેમ છે પણ કૃત્રિમ બુદ્ધિ ક્યારેય કુદરતી બુદ્ધિનો વિકાસ કરી શકે તેમ નથી. તેના કારણે જ ગમે તેવી ટેક્નોલોજી હોય તેનો મર્યાદિત અને નિરિક્ષણ સાથે ઉપયોગ થાય તે જરૂરી છે.

# મધ્ય-પૂર્વ યુદ્ધને કારણે જીડીપી પર તાણ વધી

મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધની અસર એશિયા - પ્રશાંત ક્ષેત્રની અર્થવ્યવસ્થા પર દેખાઈ રહી છે. જો આ સંકટ લાંબું ચાલે તો ૨૦૨૬ - ૨૦૨૭ દરમિયાન ક્ષેત્રના આર્થિકવૃદ્ધિ દરમાં ૧.૩ ટકા ઘટ આવી શકે છે. જ્યારે મોંઘવારી ૩.૨ ટકા વધી શકે છે. યુદ્ધને કારણે ઓઈલના ભાવમાં વધારો, હેરફેરમાં ઘટાડો, ખુલ્લા વેપારમાં અવરોધ અને બીજી નકારાત્મક બાબતે સામે આવી રહી છે. રેટીંગ એજન્સીઓના અહેવાલ અનુસાર એશિયાના દેશોનો પશ્ચિમ સાથે સીધો વેપાર ભલે ઓછો હોય, પરંતુ ઓઈલ અને બીજા ઉર્જાના સાધનો પર આધાર રાખવો પડતો હોવાથી એમના પર અસર થઈ શકે. રેટીંગ એજન્સીઓએ ખાસ કરીને હોર્મૂઝ ખાડીનો ઉલ્લેખ કર્યો છે. જ્યાંથી દુનિયાના લગભગ ૨૦ ટકા તેલ અને ગેસનો સપ્લાય પ્રસાર થાય છે.




પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીને હવે એક મહિનાથી ઓછો સમય બાકી રહી ગયો છે. ટીએમસી અને ભાજપ વચ્ચે આક્ષેપો - પ્રતિઆક્ષેપો થઈ રહ્યા છે. કેટલીક બાબતોએ મમતા બેનર્જીની મુશ્કેલી વધારી છે. ચૂંટણી કમિશને પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી કમિશનર પાસેથી એક રીપોર્ટ મંગાવ્યો છે. મુખ્યમંત્રી મમતા બેનર્જી સેન્ટ્રલ રીઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ)ના કર્મચારીઓને ધમકી આપતા હોય એવા વીડિયો બાબતે અહેવાલ મંગાવવામાં આવ્યો છે. ચૂંટણી કમિશનને મળેલા અને સોશ્યલ મીડિયા પર વાયરલ થયેલા આ વીડિયોમાં મમતા તમામ મહિલાઓને મતદાન કેન્દ્રો પર રહેવાની અપીલ કરે છે. વીડિયોમાં તેઓ કહે છે કે, તમામ મહિલાઓ અને યુવતીઓ મતદાન કેન્દ્ર પર રહે અને જરૂર પડે તો પરિસ્થિતિને પહોંચી વળવા રસોઈના સાધનોનો ઉપયોગ કરી શકે છે. ચૂંટણી કમિશન આ વીડિયોની ચકાસણી કરી રહ્યું છે.

કોંગ્રેસ સાંસદ એસ જ્યોતિમણિએ તામિલનાડુમાં થનારી વિધાનસભા ચૂંટણી માટે ડીએમકે સાથેના ગઠબંધનમાં બેઠકની વહેંચણી બાબતે આરોપ મૂક્યો છે. એમના કહેવા પ્રમાણે ટિકિટ વહેંચણીની પ્રક્રિયામાં પારદર્શીતા રાખવામાં આવી નથી. પક્ષનું હીત કોરાણે મૂકવામાં આવ્યું છે. જ્યોતિમણિએ પોતાના સોશ્યલ મીડિયા એકાઉન્ટમાં લખ્યું હતું કે, મારી સલાહ છે કે, ઉમેદવારની પસંદગી વિસ્તૃત ચર્ચા કરીને થવી જોઈએ. આ માટે જવાબદાર પદાધિકારીઓને સસ્પેન્ડ કરવા જોઈએ. ગઠબંધનમાં કોંગ્રેસને કુલ ૨૮ બેઠકો આપવામાં આવી છે. કોંગ્રેસના સાંસદનું નિવેદન એવા સમયે આવ્યું છે કે જ્યારે તામિલનાડુની મુખ્ય બે પાર્ટીઓ ડીએમકે અને એઆઈએડીએમકે આવનારી ચૂંટણીની રણનીતિને છેલ્લો ઓપ આપી રહી હોય. તામિલનાડુનો તમિલગા વેત્રી કઝગમ (ટીવીકે) જેવો નવો પક્ષ પણ કાઠુ કાઢી રહ્યો છે.


ગોવાના બહુ ચર્ચાયેલા નાઈટ કલબ અગ્નીકાંડ ઘટના બાબતે નવો વળાંક આવ્યો છે. કોર્ટે કલબના માલિક સૌરભ લૂથરા અને ગૌરવ લૂથરાની જામીન અરજી ફગાવી દીધી છે. આ ચૂકાદો એવા સમયે આવ્યો છે કે જ્યારે કેસમાં બોગસ દસ્તાવેજોને આધારે લાયસન્સ મેળવવાનો આરોપ લાગ્યો છે. ૨૦૨૫ની છઠ્ઠી ડિસેમ્બરે લાગેલી આગમાં ૨૫ લોકોના મૃત્યુ થયા હતા અને ૫૦થી વધુ ઘાયલ થયા હતા. ગોવાના માપુસાની વધારાની કોર્ટે બંને ભાઈઓની અરજી ફગાવી દીધી છે. બંને આરોપીઓ ઉત્તર ગોવાની કોલવાલે સેન્ટ્રલ જેલમાં કેદ છે. આગ લાગ્યા પછી બંને ભાઈઓ થાઈલેન્ડ ભાગી ગયા હતા. જોકે ૧૭મી ડિસેમ્બરે એમને ત્યાંથી ડિપોર્ટ કરીને ભારત પરત લાવવામાં આવ્યા હતા. માપુસા પોલીસે લૂથરા ભાઈઓ સામે બનાવટી દસ્તાવેજો બનાવવાનો કેસ દાખલ કર્યો છે.

ભાજપ યુવા મોરચાના રાષ્ટ્રીય પ્રમુખ અને બેંગ્લુરુ દક્ષિણના સાંસદ તેજસ્વી સૂર્યા સારા વક્તા તરીકે જાણીતા છે. એમણે એક રાજકીય વર્ગ પર શાબ્દિક હુમલો કર્યો છે. કર્ણાટકના કેટલાક ધારાસભ્યો આઈપીએલની ટિકિટની જે રીતે માંગણી કરી રહ્યા છે એમને માટે તેજસ્વી સૂર્યાએ 'વીઆઈપી સંસ્કૃતિ' શબ્દ વાપર્યો છે. સોશ્યલ મીડિયા પર સૂર્યાએ કર્ણાટક રાજ્ય ક્રિકેટ સંઘ (કેએસસીએ)ના પ્રમુખ અને ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર વેંકટેશ પ્રસાદને ટેકો જાહેર કર્યો છે. એમણે સોશ્યલ મીડિયા પર એક ફોટોગ્રાફ પણ મૂક્યો હતો જેમાં વેંકટેશ પ્રસાદ હાથ જોડીને કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સામે ઉભેલા દેખાય છે. સૂર્યાના કહેવા પ્રમાણે આ તસવીર આપણા રાજકીય સંસ્કૃતિની અધોગતિ દર્શાવે છે. એમણે લખ્યું છે કે આ તસવીર એક હજાર શબ્દો કરતા પણ વધુ કહી જાય છે. કઈ રીતે પ્રસાદ જેવા એક રાષ્ટ્રીય નાયકે મુખ્યમંત્રી સામે હાથ જોડીને ઉભા રહેવું પડે છે.

બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ એમના ચાર્ટર્ડ વિમાનના પાયલોટના ખુબ વખાણ કર્યા છે. ખરાબ હવામાનને કારણે એમના વિમાનને કોલકત્તા એરપોર્ટ પર ઉતરવાની પરવાનગી મળી નહોતી. ત્યાર પછી આકાશમાં એમનું વિમાન એક કલાકથી વધુ સમય સુધી ઉડતું રહ્યું હતું. મમતાના કહેવા પ્રમાણે પાયલોટ ખુબ હોશિયાર હતો અને એમના કારણે એમનો જીવ બચ્યો. ચૂંટણી રેલીમાં ભાગ લીધા પછી અંડાલથી કોલકત્તા આવતી વખતે પવનની આંધી, વરસાદ અને ઓલાવૃષ્ટિને કારણે મુખ્યમંત્રીનું ચાર્ટર્ડ વિમાન સમયસર ઉતરી શક્યું નહોતું. જ્યારે હવામાનમાં સુધારો થયો ત્યારે કોલકત્તાના નેતાજી સુભાષચંદ્ર બોઝ વિમાન મથકે વિમાન ઉતર્યું હતું. આ ઘટનાને કારણે મમતાના બીજા દિવસના કેટલાક કાર્યક્રમો રદ થયા હતા.

આસામમાં છેલ્લી ઘડીએ ભાજપ વિરુદ્ધના વિરોધપક્ષો એક થયા છે. આ ગઠબંધન કેટલું સફળ થશે એ તો સમય જ કહેશે, પરંતુ વિરોધીઓના એક થવાથી આસામના મુખ્યમંત્રી હેમંત બિશ્વા સરમા ચિંતીત થઈ ગયા છે. આસામમાં ભાજપ ત્રીજી વખત સત્તા પર આવવાની કોશિષ કરે છે. છ પક્ષોનું મહાગઠબંધન શક્તિશાળી ગણાય છે. ખાસ કરીને આસામના ઉપરના ભાગમાં એહોમ જ્ઞાતિની વસ્તિ, ચાના બગીચામાં કામ કરનાર શ્રમીકો સાથે મળીને વધુ છે. મહાગઠબંધનના ત્રણ મુખ્ય નેતાઓ - કોંગ્રેસના ગૌરવ ગોગોઈ, રાજોર ડોલના અખિલ ગોગોઈ અને આસામ જાતીય પરિષદ (એજેપી)ના લ્યુરીન જ્યોતિ ગોગોઈ આ તમામ એહોમ જ્ઞાતિના છે. ડિલિમિટેશન પછી જે નવા સમીકરણો રચાયા છે એને કારણે એહોમ મતદારો ૪૫ મત વિસ્તારોમાં વિભાજીત થયા છે. બે મહિના પહેલા આસામમાં ભાજપની જીત આસાન ગણાતી હતી, પરંતુ હવે રાજકીય નીરિક્ષકો માની રહ્યા છે કે આસામ જીતવું ભાજપ માટે આસાન નહીં હોય. જોકે ભાજપે પણ કેટલાક નાના પક્ષો સાથે ગઠબંધન કર્યું છે.

# આપણે એવા સમયમાં જીવી રહ્યા છીએ.જ્યાં લોકો નાટક જોઈને રડે છે,અને વાસ્તવિકતા જોઈને કહે છે કે બધું નાટક છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ગઈ કાલે આપણે અહીંસા જીવદયાનો વિશ્વને ઉમદા સંદેશ આપનાર મહાવીર સ્વામીજીની ૨૬૬૪મી જન્મ જયંતી ઉત્સાહ ઉમંગભેર ઉજવી. આજે આપણે ચિંતનાત્મક લેખમાં જોઈએ તો 'બેટા!ગાડી સાફ કરી આપુ?'

રણજીતે પેટ્રોલ પંપ પર પેટ્રોલ ભરાવવા માટે પોતાની કાર રોકી કે તરત જ એક વૃદ્ધ માણસ દોડીને તેની કાર પાસે આવ્યો. 'ના કાકા!!મને હમણાં થોડી ઉતાવળ છે.'આટલું કહીને, રણજીતે વૃદ્ધ માણસને ટાળવાનો પ્રયાસ કર્યો.પણ વૃદ્ધ માણસ તેને આજીજી કરવા લાગ્યો.

'દીકરા, દસ મિનિટ પણ નહીં લાગે!થોડી રાહ જુઓ,મેં સવાર થી કંઈ ખાધું નથી. મને ફક્ત દસ કે વીસ રૂપિયા આપજો !'

વૃદ્ધ માણસની હાલત જોઈને રણજીતને તેના પર દયા આવી. 'કાકા,હું તમને થોડા પૈસા આપીશ તમે કંઈક ખાઈ શકો છો 'તેણે કહ્યું.પરંતુ વૃદ્ધે ના પાડી અને કહ્યું,બેટા,હું ભિક્ષાસ્વીકારી શકતો નથી.

'કાકા!આ ભિક્ષા નથી.હું તમારો આદર કરું છું!તમે મારા પિતા જેવા છો.પણ તમે સવારથી કંઈ ખાધું નથી, તેથી હું તમને આ થોડા રૂપિયા આપવા માંગુ છું.'

ના, દીકરા ! તું જા ! મને કોઈ જરૂર મળી રહેશે.

આટલું કહીને,વૃદ્ધ માણસ પાછો ફર્યો. રણજીત તે માણસનાઆત્મ સન્માન અને આત્મગૌરવથી આશ્ચર્યચકિત થઈ ગયો.તે કોઈ સામાન્ય વ્યક્તિ જેવો લાગતો ન હતો, તેથી રણજીત તેની કાર છોડીને તેની પાછળ ગયો.

'કાકા! શું હું તમારી સાથે બે મિનિટ વાત કરી શકું?''કહો દીકરા!'

'તમે ક્યાં રહો છો?''અહીં જ!' 'અહીં ક્યાં?''આ પેટ્રોલ પંપ મારી જગ્યા છે!હું અહીં રહું છું.'

'તમારી પાસે પણ કંઈક ઘર તો હશે ને?'એ એક ઘર હતું! પણ હવે એ ગયું છે.મને સમજાતુંનથી કાકા?

મારા બાળકોને શિક્ષિત કરવા અને તેમને સક્ષમ બનાવવા માટે, મેં મારું ઘર વેચી દીધું અને ભાડા ના ઘરમાં રહેવાનું શરૂ કર્યું.

'કાકા! તમારા બાળકો અત્યારે ક્યાં રહે છે?'રણજીતને ઉત્સુકતા થઈ.'એક વિદેશમાં છે અને બીજો અહીં આ શહેરમાં છે!' કાકા! તમે તેમની સાથે કેમ નથી રહેતા ?

દીકરા, તેમના ઘરમાં મારા માટે રહેવાની કોઈ જગ્યા નથી.'કેમ કાકા?'

'મારો એક દીકરો એન્જિનિયર છે અને બીજો ડોક્ટર!' 'મને લાગે છે કે તે બંને સારી કમાણી કરે છે! શું એ સાચું છે ને, કાકા?'

હા, દીકરા! મારો એક દીકરો આ શહેરમાં ડોક્ટર છે! તે એક બંગલામાં રહે છે જેનું ભાડું સાઠ હજાર રૂપિયા છે!તે ત્રીસથી પાંત્રીસ લાખ રૂપિયાની કાર ચલાવે છે, પણ તેની પાસે મારા માટે કંઈ નથી. આટલું કહેતા વૃદ્ધની આંખોમાં આંસુ આવી ગયા.

'કાકા! તમે તમારા બાળકો પાસેથી ભરણપોષણ કરાવવા માટે કોર્ટમાં કેસ કેમ નથી કરતા ? છેવટે,તમે તેમને કમાવવા માટે બધું જ આપ્યું છે.'

રણજીતે વૃદ્ધ માણસને સલાહ આપી અને તેની વાત સાંભળીને વૃદ્ધ માણસ હસ્યો.

દીકરા!! મેં તેમના ઉછેરમાં જે કંઈ ખર્ચ્યું, તે મેં મારી સ્વેચ્છાએ કર્યું!જો હું તેમના પર દાવો કરીને તે પાછા માંગીશ, તો પણ હવે હું આ બધા પૈસાનું શું કરીશ?'

'હજુ પણ કાકા! તમારે તેમની પાસેથી કંઈક લેવું જ જોઈએ.''દીકરા! હું હજુ પણ મારી મહેનતથી બે ટંકનું ભોજન કમાઈ શકું છું!! જ્યાં સુધી કેસ દાખલ કરવાની વાત છે, હું એ પણ જાણું છું કે કોર્ટમાં કેસ દાખલ કરીને બાળકો પ્રત્યે પ્રેમ અને માતાપિતા પ્રત્યે આદરની માંગણી કરી શકાતો નથી.'

વૃદ્ધ માણસની વાત સાંભળ્યા પછી, રણજીત નમી ગયો અને કંઈ બોલી શક્યો નહીં, છતાં તેણે પોતાનો વિષય બદલી નાખ્યો.

'કાકા! હવે હું આટલા સમયથી અહીં રોકાઈ ગયો છુ તો થોડો વધુ સમય રોકાઈ જાવ, કૃપા કરીને મારી ગાડી પરની ધૂળ સાફ કરી દો.'

વૃદ્ધ કાકાએ હાથમાં રાખેલા કપડાથી ઝડપથી કારમાંથી ધૂળ સાફ કરવાનું શરૂ કર્યું, પણ રણજીત,વૃદ્ધ માણસના જીવન માંથી ધૂળ સાફ કરવામાંઅસમર્થ મનમાં વિચારી રહ્યો હતો કે...

એક ગરીબ પિતા પાસે પોતાના બાળકોને સક્ષમ બનાવવાની હિંમત હોય છે, પરંતુ જ્યારે એ જ બાળકો મોટા થાય છે અને સક્ષમ બને છે, ત્યારે તેઓ પોતાના વૃદ્ધ માતાપિતાની સંભાળ રાખવાની હિંમત કેમ નથી બતાવતા ?

આ મૂંઝવણમાં મુકાયેલા રણજીત બોલ્યો, 'કાકા, મારી પાસે કારનો શોરૂમ છે ! જો તમે ઈચ્છો તો,તમે ત્યાં કારનું જાળવણી કરી શકો છો.'*

*દીકરા ! તું ખૂબ જ દયાળુ છે પણ મને કોઈની દયાની જરૂર નથી.રણજીત આગળ વધ્યો, વૃદ્ધ માણસનો હાથ પોતાના હાથમાં લીધો અને તેને ખાતરી આપી, 'ના, કાકા ! તમને ત્યાં કમાયેલા પૈસા જ મળશે.' અજાણ્યા વ્યક્તિની હૂંફથી વૃદ્ધ માણસનો ચહેરો ગર્વથી ભરાઈ ગયો.વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત ભૌતિકવાદથી ચકિત આજની પેઢી પોતાની જવાબદારીઓ નિભાવવામાં નિષ્ફળ રહી છે. મારા મતે, વૃદ્ધો પણ પોતાની દુર્દશા માટે જવાબદાર છે. કાશ તેમણે શિક્ષણની સાથે તેમના બાળકોને સંસ્કારના મૂલ્યોનું શિક્ષણ આપ્યું હોત; જીવીત માતા-પિતા અમૂલ્ય મૂડી છે જો તમને સેવા કરવાની તક મળી છે તો તેમની આંતરડી ઠરે તેવું કામ કરશો અને સાચવશો...!

જીવન સાત્વિક બને તો સંસાર ની આસક્તિ નષ્ટ થાય એટલે તે બતાવવા દહીંની ગોળી ફોડી એટલે કે સંસારની આ સક્તિ થઈ. સંસારની આસક્તિ જાય એટલે પ્રભુ બંધાય. તેથી તે પછી આવી દામોદર લીલા અને પ્રભુ બંધાથા એટલે દંભ મર્યો, એટલે આવી બકાસુરવધની કથા તે પછી આવી અઘાસુર વધનીકથા અને સંસારનો તાપ નાશ થયો. સંસાર દાવાગ્નિ શાંત થયો એટલે ઈન્દ્રિયોની શુદ્ધિ થઈ અને અંતઃ કરણની વાસનાનો ક્ષય થાય તે બતાવવા નાગદમન લીલા અને પ્રલંબાસુર વધનીકથા આવી. આમ જીવ ઈશ્વરને મળવા લાયક થતો ગયો એટલે તેને વેણુ ગીતની વાંસળી સંભળાઈ.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના સાણંદ ખાતે કેઈન્સ સેમિકોન પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું

## ભારત વૈશ્વિક બજારમાં વિશ્વસનીય સેમિકન્ડક્ટર સપ્લાયર તરીકે તેની ભૂમિકા મજબૂત કરી રહ્યું છે: પ્રધાનમંત્રી

**અમદાવાદ, તા.31**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતના સાણંદમાં કેઈન્સ ટેકનોલોજી (Kaynes Technology) સેમિકન્ડક્ટર પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું હતું, જે આ સુવિધામાં ઉત્પાદનની શરૂઆત દર્શાવે છે. તેમણે નોંધ્યું હતું કે તેઓ 28 ફેબ્રુઆરીએ માઈક્રોન પ્લાન્ટમાં ઉત્પાદન શરૂ કરવા માટે સાણંદમાં હાજર હતા અને બરાબર એક મહિના પછી કેઈન્સના સીમાચિહ્નરૂપ ક્ષણ માટે પાછા ફર્યા છે, પ્રધાનમંત્રીએ ભારતની સેમિકન્ડક્ટર સફરની ગતિ પર ભાર મૂક્યો હતો. શ્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે, 'આ માત્ર સંયોગ નથી, તે ભારતની સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ જે ઝડપે વિકસી રહી છે તેનો પુરાવો છે.'

કેઈન્સ ટેકનોલોજીના નેતૃત્વ, ગુજરાત સરકાર અને પ્લાન્ટના તમામ કામદારોને અભિનંદન આપતા પ્રધાનમંત્રીએ ગર્વ વ્યક્ત કર્યો હતો કે એક ભારતીય કંપનીએ સેમિકન્ડક્ટર ચિપ ઉત્પાદન ક્ષેત્રે પ્રવેશ કર્યો છે. કેઈન્સ હવે વૈશ્વિક સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈનનો ભાગ બની ગઈ છે તેના પર પ્રકાશ પાડતાં શ્રી મોદીએ કહ્યું, 'આ એક અદ્ભુત શરૂઆત છે. આવનારા દિવસોમાં ઘણી ભારતીય કંપનીઓ, વૈશ્વિક સહયોગ દ્વારા વિશ્વને એક સ્થિતિસ્થાપક સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈન આપશે.'



પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે આજનો સીમાચિહ્ન ખરેખર 'મેક ઈન ઈન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ' ના મંત્રને સાકાર કરે છે. આ સુવિધા કેલિફોર્નિયા સ્થિત કંપનીને ઈન્ટેલિજન્ટ પાવર મોડ્યુલ્સ (Intelligent Power Modules) સપ્લાય કરી રહી છે અને તેના ઉત્પાદનનો મોટો હિસ્સો નિકાસ માટે અગાઉથી જ બુક થઈ ગયો હોવાથી, તેમણે નોંધ્યું હતું કે સાણંદ અને સિલિકોન વેલી વચ્ચે અસરકારક રીતે એક નવો સેતુ બનાવવામાં આવ્યો છે. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, 'સાણંદમાં બનેલા મોડ્યુલ્સ અમેરિકન કંપનીઓ સુધી પહોંચશે અને ત્યાંથી સમગ્ર વિશ્વને ઉર્જા આપશે.'

આ સુવિધામાં ઉત્પાદિત થઈ રહેલા ઈન્ટેલિજન્ટ પાવર મોડ્યુલ્સના વ્યૂહાત્મક મહત્વ પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે તેઓ ભારત અને વૈશ્વિક સ્તરે ઈલેક્ટ્રિક વાહન ઈકોસિસ્ટમ અને ભારે ઉદ્યોગોને મજબૂત બનાવશે. તેમણે આવી વૈશ્વિક ભાગીદારીને વિશ્વના સારા ભવિષ્ય માટેના પાયા તરીકે વર્ણવી હતી. પ્રધાનમંત્રી મોદીએ મક્કમતાથી કહ્યું, 'આ માત્ર એક ઉત્પાદન વિશે નથી, આ ભારત વૈશ્વિક બજારમાં વિશ્વસનીય સેમિકન્ડક્ટર સપ્લાયર બનવા વિશે છે.'

વર્તમાન દાયકાએ લાવેલા પડકારો - રોગચાળાથી લઈને ભૌગોલિક રાજકીય સંઘર્ષો - વિશે વિચારતા પ્રધાનમંત્રીએ અવલોકન કર્યું કે વૈશ્વિક સપ્લાય ચેઈન, ખાસ કરીને ચિપ્સ, રેર અર્થ મિનરલ્સ અને એનર્જીમાં, સૌથી મોટી અસર થઈ છે. આ સપ્લાય ચેઈનમાં વિક્ષેપ સમગ્ર માનવતાની પ્રગતિમાં અવરોધ ઊભો કરે છે તે અંગે વાત કરતાં શ્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે, 'ભારત જેવો લોકશાહી દેશ આ દિશામાં આગળ વધે તે સમગ્ર વિશ્વના વિકાસ માટે નિર્ણાયક છે.'

પ્રધાનમંત્રીએ યાદ કર્યું કે ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટર હબ બનાવવાનો સંકલ્પ કોવિડ મહામારી દરમિયાન જ લેવામાં આવ્યો હતો, જેના કારણે 2021 માં ઈન્ડિયા-સેમિકન્ડક્ટર મિશન શરૂ થયું હતું. સેમિકન્ડક્ટર્સમાં આત્મનિર્ભરતા AI, ઈલેક્ટ્રિક વાહનો, સ્વચ્છ ઉર્જા, સંરક્ષણ અને ઈલેક્ટ્રોનિક્સમાં આત્મનિર્ભરતા તરફ દોરી જાય છે તે સમજાવતા PM મોદીએ પુષ્ટિ આપી હતી કે, 'આ મિશન માત્ર એક ઔદ્યોગિક નીતિ નથી, તે ભારતના આત્મવિશ્વાસની જાહેરાત છે'.

મિશનની પ્રગતિની વિગતો આપતા પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે છ રાજ્યોમાં રૂ. 1,60,000 કરોડથી વધુના 10 પ્રોજેક્ટ્સ પર કામ ચાલી રહ્યું છે, જેમાં કેઈન્સ અને માઈક્રોન પ્રોજેક્ટ્સ અભિન્ન અંગો છે. તેમણે સ્વદેશી ધ્રુવ 64 માઈક્રોપ્રોસેસર (Dhruv 64 microprocessor) ના વિકાસ પર પણ પ્રકાશ પાડ્યો હતો, જે 5G ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઓટોમોટિવ ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ડસ્ટ્રિયલ ઓટોમેશન માટે સુરક્ષિત પ્રોસેસર પ્લેટફોર્મ પૂરું પાડે છે. શ્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે, 'ભારત સેમિકન્ડક્ટર વેલ્યુ ચેઈનના દરેક સ્તરે ડિઝાઈન અને ઉત્પાદન કરવાની ક્ષમતા બનાવી રહ્યું છે.'

# અમદાવાદના વિવિધ વિસ્તારમાં આવેલા તળાવોમાં ઓકિસજન લેવલ વધારવા જેટ અરેટર લગાવાશે

**અમદાવાદ, તા.31**

અમદાવાદના વિવિધ વિસ્તારમાં આવેલા અંદાજે ૭૦ તળાવોમાં ઓકિસજન લેવલ વધારવા રુપિયા ૩.૭૫ કરોડના ખર્ચે જેટ અરેટર લગાવાશે. પેડલ વ્હીલ અરેટર લગાવીને તળાવના પાણીમા રહેલા હાનિકારક એમોનિયા,હાઈડ્રોજન સલ્ફાઈડ અને મીથેન ગેસને બહાર કાઢવામાં આવશે. મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક શહેરમાં ૧૧૦થી પણ વધુ નાના-મોટા તળાવ છે. આ પૈકી જે તળાવમાં વધુ સમય પાણી રહેતુ હોય તેવા તળાવોમાં જેટ અરેટર લગાવાશે. શહેરના તળાવોમાં પાણીની ગુણવત્તા સુધારવા અને ઓકિસજનની માત્રામા વધારો કરવા માટે કોર્પોરેશન દ્વારા ટેન્ડર કરવામા આવ્યુ છે.તળાવોમાં ફોર અને સિકસ પેડલ વ્હીલ અરેટર મુકવામા આવશે.જેટ અરેટર, ફલોટીંગ ફાઉન્ટેન અને પેડલ વ્હીલ અરેટર વિવિધ તળાવોમાં મુકવાથી તેમા રહેલા પાણીમાં ડિઝોલ્વ



ઓકિસજનની માત્રા વધે છે. તળાવના પાણીમા રહેલી માછલીઓ અને અન્ય જળચર જીવો માટે ઓકિસજન જરૂરી છે.આ ઉપરાંત પેડલ વ્હીલ અરેટર એ તળાવના પાણીને ઉપર નીચે કરે છે. આ કારણથી નીચેનુ ગંદુ પાણી ઉપર આવે છે અને ઉપરનુ પાણી નીચે જવાથી ઓકિસજનનુ લેવલ એકસમાન રહે છે.ઉત્તર-પશ્ચિમ ઝોનમાં આવેલા આંબલી તળાવ, આર.એમ. એસ.તળાવ, બોડકદેવ તળાવ, સોલા ગામ તળાવ, ઉગતી લેક,ગોતા, ગોતા વોર્ડમાં આવેલા ઝાંઝરીયુ અને કચરીયુ તળાવ , ગુલમહોર, દેવસિટી અને કોપરણ તળાવ,ગોતાની સાથે ઓગણજમાં આવેલા કાળી તળાવમા પણ જેટ અરેટર લગાવવા માટે કોર્પોરેશને કવાયત શરુ કરી છે.

# અમદાવાદ એરપોર્ટ પર કુઆલાલુમ્પુરથી આવેલી મહિલા પાસેથી 83 લાખનું સોનું ઝડપાયું, શરીરમાં બે કેપ્સ્યુલ છુપાવી હતી....

**અમદાવાદ, તા.31**

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ્સ એર ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા સોનાની દાણચોરીનું મોટું રેકેટ ઝડપી પાડવામાં આવ્યું છે. કુઆલાલંપુરથી આવેલી એક મહિલા મુસાફર પાસેથી 83.29 લાખ રૂપિયાની કિંમતનું 553.07 ગ્રામ સોનું જપ્ત કરવામાં આવ્યું છે. કસ્ટમ્સ વિભાગે મહિલાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, એડવાન્સ પેસેન્જર ઈન્ફોર્મેશન સિસ્ટમ (APIS) દ્વારા કરવામાં આવેલા ડેટા એનાલિસિસ અને પ્રોફાઈલિંગના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી.



30મી માર્ચ 2026ના રોજ કુઆલાલંપુરથી ફ્લાઈટ નંબર AK 91 દ્વારા અમદાવાદ પહોંચેલી આ મહિલા પેસેન્જરની હિલચાલ શંકાસ્પદ જણાતા તેને ગ્રીન ચેનલ પર અટકાવવામાં આવી હતી.

પ્રાથમિક પૂછપરછમાં મહિલાએ સંતોષકારક જવાબ ન આપતા તેની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. મેડિકલ તપાસ દરમિયાન ચોંકાવનારી વિગતો સામે આવી હતી. મહિલાએ પોતાના શરીરમાં બે કેપ્સ્યુલ્સ છુપાવી હતી. આ કેપ્સ્યુલ્સની અંદર લિક્વિડ કેમિકલ સાથે મિશ્રિત ગોલ્ડ પેસ્ટ ભરેલી હતી. જે બાદ કસ્ટમ્સ વિભાગ દ્વારા આ સોનાની પેસ્ટને રિફાઈન કરવામાં આવી હતી અને તેમાંથી 24 કેરેટનું કુલ 553.07 ગ્રામ સોનું મળ્યું હતું. જપ્ત કરાયેલા આ સોનાની બજાર કિંમત 83,29,234 અને ટેરિફ કિંમત 75,58,393 હોવાનું જાણવા મળ્યું છે.

કસ્ટમ્સ વિભાગે સોનું જપ્ત કરી મહિલા મુસાફરની ધરપકડ કરી છે. આ સોનું અમદાવાદમાં કોને પહોંચાડવાનું હતું અને આંતરરાષ્ટ્રીય સ્તરે આ દાણચોરીના રેકેટમાં અન્ય કોણ સંડોવાયેલું છે, તે દિશામાં ઉંડી તપાસ શરૂ કરવામાં આવી છે. એરપોર્ટ પર સુરક્ષા એજન્સીઓ દ્વારા દેખરેખ વધુ કડક બનાવી દેવામાં આવી છે.

# 18 હજાર કરોડનુ બજેટ હોવા છતાં અમદાવાદ મ્યુનિ.સ્કૂલ હેતુ માટેના ચાર પ્લોટ વેચી નાંખશે

## થલતેજ,ચાંદખેડા ઉપરાંત હંસપુરા અને નિકોલના પ્લોટની 6 મેએ હરાજી કરાશે

**અમદાવાદ, તા.31**

હજુ ફેબ્રુઆરી મહિનામા જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનુ રૂપિયા ૧૮૫૧૮ કરોડનુ વાર્ષિક બજેટ મંજુર કરવામા આવ્યુ છે.જયારે બીજી તરફ કોર્પોરેશને સ્કૂલ હેતુ માટેના થલતેજ,ચાંદખેડા ઉપરાંત હંસપુરા અને નિકોલના પ્લોટ વેચવાનો નિર્ણય કર્યો છે. આ તમામ પ્લોટની ૬ મેના રોજ ઈ-હરાજી થશે. નોંધપાત્ર બાબત એ છે કે, આ ચાર પ્લોટ વેચવા તળીયાની કિંમત પચાસ ટકા લેખે નકકી કરવામા આવી છે.

થલતેજ વોર્ડમાં ટી.પી.સ્કીમ નંબર-૩૭ના ફાઈનલ પ્લોટ -૧૭૪ એ સ્કૂલ હેતુ માટે ૩૬૬૨ ચોરસમીટર ક્ષેત્રફળ ધરાવે છે. આ પ્લોટ વેચવા તંત્રે પ્રતિ ચોરસ મીટર રુપિયા ૧.૩૯ લાખ રાખવામા આવી છે.ચાંદખેડા વોર્ડમાં ટી.પી.સ્કીમ નંબર-૨૨ના ફાઈનલ પ્લોટ નંબર-૨૮૫ કે જેનુ ક્ષેત્રફળ ૨૨૦૪ ચોરસ મીટર છે. તેના વેચાણ માટે પ્રતિ ચોરસમીટર રુપિયા ૮૫ હજાર તળીયાની કિંમત



નકકી કરવામા આવી છે. હંસપુરા ટી.પી.સ્કીમ નંબર-૧૦૯ના ફાઈનલ પ્લોટ નંબર-૧૧૭-૧ કે જેનુ ક્ષેત્રફળ ૪૪૨૭ ચોરસમીટર છે તેના વેચાણ માટે પ્રતિ ચોરસમીટર ૩૫ હજાર તળીયાની કિંમત નકકી કરવામા આવી છે.જયારે નિકોલમાં ટી.પી.સ્કીમ નંબર-૧૦૨ના ફાઈનલ પ્લોટ નંબર-૯૫ ,જેનુ ક્ષેત્રફળ ૨૦૮૩ ચોરસમીટર છે.તેના વેચાણ માટે પ્રતિ ચોરસમીટર રુપિયા ૨૮ હજાર તળીયાની કિંમત નકકી કરવામા આવી છે.આ પ્લોટ વેચાણથી લેવા ઈન્સટીટયુટસ,સંસ્થા,ટ્રસ્ટ ,એજયુકેશન સોસાયટી, ધાર્મિક ટ્રસ્ટ અને કંપનીઓ જ અરજી કરી શકશે એ પ્રકારે ટેન્ડરમા શરત મુકવામા આવી છે.

# માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગુજરાતમાં 891 કરોડની મહત્વપૂર્ણ રેલવે પરિયોજનાઓનું રાષ્ટ્રને લોકાર્પણ અને નવી રેલવે સેવાનો શુભારંભ

## ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ ક્ષેત્રોમાં સુદ્રઢ કનેક્ટિવિટીથી આર્થિક અને સામાજિક વિકાસને નવી ગતિ







## આધુનિક, સમાવેશી અને સશક્ત રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર મારફતે વિકસિત ગુજરાતની દિશામાં ઐતિહાસિક સિદ્ધિ

**અમદાવાદ, તા.31**

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ તેમના ગુજરાત પ્રવાસ દરમિયાન તારીખ 31 માર્ચ 2026 ના રોજ રાજ્યમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા માટે 891 કરોડ ની મહત્વપૂર્ણ રેલવે પરિયોજનાઓનું લોકાર્પણ અને રાષ્ટ્રને સમર્પણ કર્યું. આ પરિયોજનાઓમાં ખેડબ્રહ્મા-હિંમતનગર રેલવે લાઇનનું લોકાર્પણ તથા ખેડબ્રહ્મા-હિંમતનગર-અમદાવાદ (અસારવા) નવી રેલવે સેવાનો શુભારંભ, ગાંધીધામ-આદિપુર રેલવે લાઇનનું મલ્ટી-ટ્રેકિંગ તેમજ કાનાલુસ-જામનગર રેલવે લાઇનના ડબલિંગનું રાષ્ટ્રને સમર્પણ સામેલ છે. આ તમામ પરિયોજનાઓ ગુજરાત રાજ્યના વિવિધ વિસ્તારો - ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છને સશક્ત કનેક્ટિવિટી પૂરી પાડીને રાજ્યના સર્વાંગી વિકાસને નવી ગતિ આપી રહી છે.

આ અવસરે ખેડબ્રહ્મા સ્ટેશન પર યોજાયેલ કાર્યક્રમમાં શ્રીમતી શોભનાબેન બારૈયા - માનનીય સંસદ સભ્ય-સાબરકાંઠા, શ્રીમતી રમીલાબેન બારા - માનનીય સંસદ સભ્ય- રાજ્યસભા, શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા - માનનીય ધારાસભ્ય-હિંમતનગર સહિત અન્ય ગણમાન્ય વ્યક્તિઓ હાજર રહ્યા હતા. તે જ રીતે ઈડર સ્ટેશન પર યોજાયેલા કાર્યક્રમમાં શ્રી રમણલાલ વોરા - માનનીય ધારાસભ્ય-ઈડર તથા અન્ય ગણમાન્ય અતિથિ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત ગાંધીધામ સ્ટેશન પર યોજાયેલા કાર્યક્રમમાં શ્રી ત્રિકમભાઈ છાંગા - માનનીય રાજ્યમંત્રી ઉચ્ચ અને તકનીકી શિક્ષણ, ગુજરાત, શ્રી કાંતિલાલ અમૃતિયા - માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી, ગુજરાત અને શ્રી અનિરુદ્ધભાઈ દવે - માનનીય ધારાસભ્ય-માંડવી સહિત અન્ય ગણમાન્ય અતિથિ ઉપસ્થિત રહ્યા હતા.

ખેડબ્રહ્મા-હિંમતનગર રેલવે લાઇન અને ખેડબ્રહ્મા-હિંમતનગર-અમદાવાદ નવી રેલવે સેવા: ઉત્તર ગુજરાતના સમાવેશી વિકાસની દિશામાં ઐતિહાસિક પગલું સાબરકાંઠા જિલ્લા માં 55 કિલોમીટર લાંબી ખેડબ્રહ્મા-હિંમતનગર બ્રોડગેજ રેલવે લાઇનનું નિર્માણ કામ પૂર્ણ થઈને જનતાને સમર્પિત કરવામાં આવ્યું છે. અંદાજે 482 કરોડ રૂપિયાના ખર્ચે નિર્મિત આ રેલવે લાઇને ઉત્તર ગુજરાત ના દૂરના, આદિવાસી અને સરહદી વિસ્તારોને સીધા રેલવે નેટવર્ક સાથે જોડીને વિકાસની નવી રાહ ખોલી દીધી છે. આની સાથે જ ખેડબ્રહ્મા-હિંમતનગર-અમદાવાદ (અસારવા) વચ્ચે નવી રેલવે સેવાના શુભારંભથી આ વિસ્તારની કનેક્ટિવિટી વધુ મજબૂત બની છે.

હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર જેવા વિસ્તારોને ઝડપી, સુરક્ષિત અને સુલભ રેલવે કનેક્ટિવિટી પ્રાપ્ત થશે.

ખેડબ્રહ્મા થી પ્રસિદ્ધ અંબાજી ધામ સુધીની યાત્રા હવે વધુ સરળ અને સુગમ બનશે, જેનાથી શ્રદ્ધાળુઓને એક જ માર્ગમાં મુખ્ય તીર્થસ્થાનોના દર્શનનો લાભ મળી શકશે. ખેડબ્રહ્મા, જેને પ્રાચીન "બ્રહ્મક્ષેત્ર" તરીકે ઓળખવામાં આવે છે, હવે રેલવે કનેક્ટિવિટીથી જોડાઈને એક મહત્વપૂર્ણ ધાર્મિક સ્થળ તરીકે ઉભરી રહ્યું છે. બ્રહ્મા મંદિર અને આસપાસના આદિવાસી ધાર્મિક સ્થળોને કારણે આ વિસ્તાર એક મુખ્ય આસ્થા કેન્દ્ર છે, જ્યાં પહોંચવું હવે વધુ સરળ અને અનુકૂળ રહેશે, જેનાથી ધાર્મિક પ્રવાસનને પ્રોત્સાહન મળશે.

ઈડર, જે તેના ઐતિહાસિક કિલ્લા, પ્રાચીન મંદિરો અને કુદરતી સૌંદર્ય માટે પ્રખ્યાત છે. બહેતર રેલવે કનેક્ટિવિટી દ્વારા ઈડર વિસ્તારમાં પ્રવાસન પ્રવૃત્તિઓને વેગ મળશે તેમજ સ્થાનિક ધાર્મિક અને સાંસ્કૃતિક સ્થળો સુધી યાત્રીઓની પહોંચ વધુ સુગમ અને સુવિધાજનક બનશે.

હિંમતનગર, જે એક મુખ્ય સિરામિક અને ઔદ્યોગિક કેન્દ્ર છે, જ્યાં એશિયન ગ્રેનિટો, એડિસન સેનિટો, ઓરેકલ, કેથોસ, એક્સારો, સોનાટા અને સેન્ચુરી ટાઈલ્સ જેવી એકમો કાર્યરત છે તેમજ આ શહેર વજનકાંટા ઉદ્યોગ માટે પણ પ્રખ્યાત છે, સાથે જ શિક્ષણનું એક મહત્વપૂર્ણ કેન્દ્ર હોવાને કારણે આ પરિયોજનાથી ઔદ્યોગિક પરિવહન અને જનતા-અવરજવર બંનેને લાભ મળશે, જેનાથી વિસ્તારના આર્થિક અને સામાજિક વિકાસ ને ગતિ મળશે.

સાબરકાંઠા જિલ્લાના રહેવાસીઓને અમદાવાદ અને ઉદયપુર સુધી સીધી રેલવે કનેક્ટિવિટી પ્રાપ્ત થશે, જેનાથી યાત્રા વધુ સુગમ બનશે.

ખેડૂતો, વેપારીઓ અને સ્થાનિક ઉદ્યોગોને બજાર સાથે બહેતર જોડાણ મળશે, જેનાથી વેપાર અને આર્થિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળશે તેમજ રોજગારીની તકોનું પણ સર્જન થશે.

આ 55 કિલોમીટર લાંબા રેલવે માર્ગ પર ટ્રેનોના સંચાલનથી મુસાફરો, વેપારીઓ અને શ્રદ્ધાળુઓને અવરજવરમાં એકંદરે સુવિધા પ્રાપ્ત થશે.

ગાંધીધામ-આદિપુર રેલવે લાઇન મલ્ટી-ટ્રેકિંગ : કચ્છ વિસ્તારમાં વેપાર, પોર્ટ અને લોજિસ્ટિક પ્રવૃત્તિઓને મજબૂત સમર્થન કચ્છ જિલ્લામાં આવેલ ગાંધીધામ-આદિપુર રેલવે સેક્શનનું મલ્ટી-ટ્રેકિંગ કામ પૂર્ણ કરી રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું છે. અંદાજે 11 કિલોમીટર લાંબી આ પરિયોજના પર લગભગ 152 કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે.

દીનદયાળ પોર્ટ (કંડલા પોર્ટ) સાથે જોડાયેલા આ વ્યસ્ત રેલવે માર્ગ પર ક્ષમતા વધવાથી ભીડ ઓછી થશે અને ટ્રેનોનું સંચાલન ઝડપી અને વધુ ભરોસાપાત્ર બનશે.

ગાંધીધામ-આદિપુર વિસ્તારના ઉદ્યોગો, લોજિસ્ટિક પાર્ક અને વિશેષ આર્થિક ક્ષેત્રો (SEZ) સુધી બહેતર રેલવે કનેક્ટિવિટી મળશે.

પોર્ટથી આયાત-નિકાસનો માલ ઝડપથી બહાર મોકલી શકાશે, જેનાથી સમય અને ખર્ચ બંને ઓછા થશે.

કચ્છના ખેડૂતો અને ખેતી સાથે જોડાયેલા ઉદ્યોગોને તેમની ઉપજ, મીઠું વગેરે ઓછા ખર્ચે અને ઝડપથી બજાર સુધી પહોંચાડવામાં મદદ મળશે.

વધુ ટ્રેનો ચલાવી શકાશે, જેનાથી વિસ્તારનો વિકાસ વધશે અને ગુજરાતની સાથે-સાથે દેશની અર્થવ્યવસ્થાને પણ ફાયદો થશે.

કન્ટેનર, મીઠું, પેટ્રોલિયમ, ઓઈલ અને લુબ્રિકન્ટ્સ (POL), ખાતર, કોલસો, બેન્ટોનાઈટ અને અન્ય વસ્તુઓ નું લોડિંગ હવે વધુ કુશળતાથી, ઝડપી અને સુવ્યવસ્થિત રીતે સુનિશ્ચિત કરી શકાશે.

ગાંધીધામ, કચ્છ વિસ્તારનું એક મુખ્ય માલ પરિવહન કેન્દ્ર છે, જે સમગ્ર દેશમાં વ્યાપારી પ્રવૃત્તિઓને ગતિ આપે છે. આદિપુર આ વિસ્તારનું એક મહત્વપૂર્ણ યાત્રી કેન્દ્ર છે, જે સ્થાનિક લોકોના દૈનિક જીવનને સુગમ બનાવે છે.

કાનાલુસ-જામનગર રેલવે લાઇનનું ડબલિંગ: સૌરાષ્ટ્રના ઔદ્યોગિક અને પ્રવાસન વિકાસને નવી ગતિ

કાનાલુસ-જામનગર રેલવે લાઈનના ડબલિંગનું કામ સફળતાપૂર્વક પૂર્ણ કરી રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું છે. અંદાજે 27 કિલોમીટર લાંબી આ પરિયોજના પર લગભગ 257 કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે.

રેલવે માર્ગની ક્ષમતામાં વધારો થશે અને બંને દિશાઓમાં ટ્રેનોનું સંચાલન વધુ સુગમ બનશે.

જામનગરના ઔદ્યોગિક ક્ષેત્રો, વિશેષરૂપે રિફાઈનરી અને પેટ્રોકેમિકલ ઉદ્યોગો ને ઉત્તમ પરિવહન સુવિધા મળશે.

દ્વારકા જેવા ધાર્મિક સ્થળો સુધી પહોંચ સરળ બનવાથી પ્રવાસનને વેગ મળશે.

ખેતી આધારિત ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે અને ખેડૂતોને પોતાની ઉપજ ઝડપથી બજાર સુધી પહોંચાડવામાં મદદ મળશે.

જામનગર, જે સૌરાષ્ટ્ર વિસ્તાર નું એક મુખ્ય ઔદ્યોગિક કેન્દ્ર છે, તે રાજ્યની અર્થવ્યવસ્થામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. જ્યારે કાનાલુસ જંકશન, જે વિવિધ રેલવે માર્ગોને જોડતું એક વ્યૂહાત્મક પોઈન્ટ છે, તે હવે વધુ સક્ષમ બનીને સમગ્ર વિસ્તારમાં રેલવે સંચાલનને સુગમ બનાવી રહ્યું છે.

સશક્ત રેલવે કનેક્ટિવિટીથી વિકસિત ગુજરાત તરફ અગ્રેસર ભારત

આ તમામ પરિયોજનાઓ અને નવી રેલવે સેવા મારફતે ગુજરાત રાજ્યમાં રેલવે નેટવર્ક વધુ મજબૂત, આધુનિક અને સક્ષમ બન્યું છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ જેવા વિસ્તારોમાં બહેતર કનેક્ટિવિટીથી ઔદ્યોગિક વિકાસ, કૃષિ પ્રગતિ, પ્રવાસન પ્રોત્સાહન અને સામાજિક સમાવેશીકરણને નવી ગતિ મળી છે.

ભારતીય રેલવેની આ પહેલ "જનસુવિધા, પ્રાદેશિક સંતુલન અને આર્થિક સશક્તિકરણ" ના લક્ષ્યને સાકાર કરતા ગુજરાતને એક વિકસિત, સશક્ત અને આત્મનિર્ભર રાજ્ય બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે.

આ સિદ્ધિ માત્ર ગુજરાત જ નહીં, પરંતુ સમગ્ર રાષ્ટ્રના વિકાસની દિશામાં એક મહત્વપૂર્ણ અને પ્રેરણાદાયક પગલું છે.

# સંજુ સેમસન ફ્લોપ અને રવિન્દ્ર જાડેજા હિટ, CSKને એક જ મેચમાં 2.58 કરોડનું નુકસાન!

**નવી દિલ્હી, તા.31**

IPL 2026માં સોમવારે ચેન્નાઈ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે મુકાબલો થયો હતો. બધાની નજર યુવા ક્રિકેટર વૈભવ સૂર્યવંશી પર તો હતી જ, પરંતુ તેની સાથે-સાથે સંજુ સેમસન અને રવિન્દ્ર જાડેજા કેવું પ્રદર્શન કરશે તે અંગે પણ વધુ રુચિ હતી. રાજસ્થાન રોયલ્સે CSK ને એકતરફી અંદાજમાં હરાવી દીધું હતું. પહેલી વાર પીળી જર્સીમાં રમી રહેલ સંજુ ફ્લોપ રહ્યો, પરંતુ જાડેજા ગુલાબી જર્સીમાં પણ હિટ રહ્યો. હવે એક અખબારે પોતાને રિપોર્ટમાં પોતાના ઈમ્પેક્ટ લેજર મોડેલ દ્વારા સમજાવ્યું કે, સંજુના ફ્લોપ થવાથી આ મેચમાં CSKને 1.81 કરોડનું 'કાલ્પનિક નુકસાન' થયું છે, જ્યારે જાડેજાની ઈમ્પેક્ટના કારણે રાજસ્થાન રોયલ્સને 77 લાખ રૂપિયાનો ફાયદો થયો છે. આનો અર્થ એ થયો કે CSKને આ એક જ મેચથી આ બંને ખેલાડીઓના કારણે 1.81 કરોડ + 0.77 કરોડ એટલે કે, 2.58 કરોડનું નુકસાન થયું છે.

આ સીઝન પહેલા સંજુ રાજસ્થાન રોયલ્સનો અને જાડેજા ચેન્નાઈ સુપર કિંગ્સના પર્યાય તરીકે જાણીતા હતા. આ વખતે સંજુ CSKમાં છે અને જાડેજા RRમાં છે. બંને ફ્રેન્ચાઈઝીઓએ ટ્રેડિંગ દ્વારા આ દિગ્ગજોની અદલાબદલી કરી હતી. આઈપીએલમાં ટ્રેડિંગ એટલે કે ખેલાડીઓની અદલાબદલી ફક્ત કાગળ પર જ નહીં પરંતુ દરેક મેદાન પર દરેક બોલ અને રન સાથે પોતાની અસર દેખાડે છે. ગત વર્ષે નવેમ્બરમાં ચેન્નાઈ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે એક હાઈ-પ્રોફાઈલ ટ્રેડિંગ ડીલ થઈ હતી. ધાકડ બેટ્સમેન સંજુ સેમસન 18 કરોડ રૂપિયામાં CSKમાં ગયો હતો, જ્યારે સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા 14 કરોડ રૂપિયાની સુધારેલી ફી સાથે રાજસ્થાન રોયલ્સ સાથે જોડાયો હતો.



IPL 2026માં 30 માર્ચે જ્યારે બંને ખેલાડીઓનો ગુવાહાટીના મેદાનમાં સામનો થયો ત્યારે સ્કોરકાર્ડ કરતાં પણ ઊંડી અસર તેના 'ઈમ્પેક્ટ લેજર' એટલે કે મેચની હાર-જીત પર તેમના પ્રદર્શનની અસર પર પડી. ફ્રેન્ચાઈઝીઓ ખેલાડી પર કરોડો રૂપિયા ખર્ચ કરે છે તો એટલા માટે નહીં કે તે ખેલાડી તેમના માટે રન બનાવશે અથવા વિકેટ લેશે, પરંતુ એટલા માટે પાણીની જેમ પૈસા ખર્ચે છે કે ખેલાડી જરૂર પડ્યે પોતાના દમ પર મેચનું પરિણામ પલટી શકે છે.

લીગ તબક્કામાં દરેક ટીમ 14-14 મેચ રમશે. ધારો કે સંજુ સેમસન CSK અને રવિન્દ્ર જાડેજા રાજસ્થાનની દરેક લીગ મેચ માટે પ્લેઈંગ ઈલેવનનો હિસ્સો રહેશે તો સંજુનો પ્રતિ મેચ ખર્ચ તેના 18 કરોડ કિંમતના હિસાબે આશરે લગભગ 1.286 કરોડ રૂપિયા પડશે. રવિન્દ્ર જાડેજા માટે આ 1 કરોડ રૂપિયા પ્રતિ મેચ થશે.

હવે મેચમાં તેમની અપેક્ષિત ભૂમિકાની સાથે-સાથે પ્રદર્શન પર એક નજર કરીએ. ચેન્નાઈ સુપર કિંગ્સને એક એવા ઓપનિંગ બેટ્સમેનની જરૂર હતી જે પાવરપ્લેમાં ટીમને મજબૂતી આપે, ખાસ કરીને ત્યારે જ્યારે એમએસ ધોની ઈજાને કારણે ઉપલબ્ધ નહોતો. આ જરૂરિયાત પૂરી કરવા માટે સંજુ સેમસનને ટીમમાં લાવવામાં આવ્યો. બીજી તરફ રાજસ્થાન રોયલ્સને એક એવા ખેલાડીની જરૂર હતી જે બેટ અને બોલ બંનેથી સારું પ્રદર્શન કરી શકે. જરૂર પડ્યે વિકેટ લઈ શકે અને બેટિંગ કરતી વખતે ટીમ માટે ઉપયોગી ઈનિંગ્સ પણ રમી શકે. તેથી, ટીમે ટ્રેડિંગ ડીલ દ્વારા જાડેજાને સામેલ કર્યો.

સંજુ સેમસન પાસે એવી આશા હતી કે, તે CSKના નબળા ટોપ-ઓર્ડરને સંભાળશે, પરંતુ તે 7 બોલમાં ફક્ત 6 રન જ બનાવી શક્યો. પાવર પ્લેમાં જ્યારે ટીમને ઝડપી શરૂઆતની જરૂર હતી ત્યારે તે સસ્તામાં આઉટ થઈ ગયો. સેમસનને નાન્દ્રે બર્ગર દ્વારા આઉટ કરવામાં આવ્યો ત્યારે CSKનો સ્કોર ફક્ત 14 રન હતો. તેના આઉટ થવાથી CSKની બેટિંગ એટલી દબાણમાં આવી ગઈ કે તે અંત સુધી તેમાંથી બહાર ન નીકળી શકી. ગયા સીઝનમાં ચેન્નાઈની નબળાઈ ઓપનિંગ પાર્ટનરશિપનો અભાવ અને પાવરપ્લેનો લાભ ઉઠાવવામાં અસમર્થતા હતી. સંજુ સેમસનના આવ્યા બાદ એવી આશા હતી કે આ નબળાઈઓ દૂર થશે, પરંતુ IPL 2026 ની પહેલી મેચમાં તો જૂની સમસ્યાઓ હતી એવી જ રહી.

એક અખબારે પોતાને રિપોર્ટમાં પોતાના ઈમ્પેક્ટ લેજર મોડેલ દ્વારા જણાવ્યું કે સંજુ સેમસનના 7 બોલમાં 6 રનની ઈનિંગની CSKની મેચ પર નેગેટિવ ઈમ્પેક્ટ પડી. અહેવાલ પ્રમાણે સંજુ સેમસનની આ ઈનિંગથી CSKને લગભગ 1.81 કરોડનું નુકસાન થયું છે. CSKએ મેચ માટે સંજુ પર ફક્ત 1.286 કરોડ નો દાવ લગાવ્યો હતો, પરંતુ નેગેટિવ ઈમ્પેક્ટના કારણે નુકસાન પોણા બે કરોડથી પણ વધુ રહ્યું.

હવે જો આપણે રવીન્દ્ર જાડેજાના પ્રદર્શન પર નજર કરીએ તો તેણે રાજસ્થાન રોયલ્સ માટે પણ એવું જ કર્યું જેના માટે તે જાણીતો છે. જ્યારે ચેન્નાઈ સુપર કિંગ્સ 38 રનમાં 4 વિકેટ ગુમાવ્યા બાદ દબાણમાં હતી, ત્યારે જાડેજાએ તેને એવો ઝટકો આપ્યો કે તે તેમાંથી બહાર જ નીકળી શકી. સરફરાઝ ખાન અને શિવમ દુબે CSKની ઈનિંગ સંભળી શક્યા હોત, પરંતુ જાડેજાએ બંનેને આઉટ કર્યા. તેણે મેચમાં 3 ઓવર ફેંકી અને 18 રન આપીને 2 મહત્વપૂર્ણ વિકેટ ખેરવી. ઈમ્પેક્ટ લેજર મોડેલ પ્રમાણે જાડેજાએ આ મેચમાં પોતાની 1 કરોડ રૂપિયાની પ્રતિ મેચ ફી ના મુકાબલે રાજસ્થાન રોયલ્સને લગભગ 77 લાખ રૂપિયાનો વધારાનો ફાયદો પહોંચાડ્યો છે.

આ અહેવાલમાં આ જ મોડેલના આધારે સંજુ સેમસન અને રવિન્દ્ર જાડેજાના પ્રદર્શન અને તેમની ફીની તુલના કરતા જણાવ્યું કે, આ એક મેચથી જ ચેન્નાઈને રાજસ્થાન રોયલ્સના મુકાબલે લગભગ 2.58 કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. આમાં સંજુ સેમસનના કારણે 1.81 કરોડ રૂપિયા અને RRના જાડેજાના કારણે 77 લાખ રૂપિયા (RRનો ફાયદો, જે CSK માટે નુકસાન છે)નો ઝટકો લાગ્યો. બંનેને ભેગી કરવાથી આ રકમ 2.58 કરોડ રૂપિયા થાય છે.

# 15 બોલમાં ફિફ્ટી છતાં વૈભવ સૂર્યવંશીને ન મળ્યો પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ

**નવી દિલ્હી, તા.31**

IPL 2026માં રાજસ્થાન રોયલ્સ માટે પોતાની પહેલી જ મેચમાં વૈભવ સૂર્યવંશીએ ધમાકો કરી દીધો હતો. ચેન્નાઈ સુપર કિંગ્સ સામે વૈભવે વિસ્ફોટક અંદાજમાં બેટિંગ કરતા માત્ર 17 બોલમાં 52 રનોની ધમાકેદાર ઈનિંગ રમી અને માત્ર 15 બોલમાં જ ફિફ્ટી ફટકારી દીધી હતી. પોતાની આ ઈનિંગમાં વૈભવે 5 છગ્ગા અને 4 ચોગ્ગા પણ ફટકાર્યા, પરંતુ તેમ છતાં તેને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ ન મળ્યો. જોકે, પ્લેયર ઓફ ધ મેચ છોડીને વૈભવને સુપર સ્ટ્રાઈકર ઓફ ધ મેચ, સુપર સિક્સ ઓફ ધ મેચ અને સુપર ફોર ઓફ ધ મેચની ટ્રોફી ચોક્કસ મળી.




CSK સામેની મેચમાં રાજસ્થાનના ફાસ્ટ બોલર નાંદ્રે બર્ગરને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ મળ્યો. તેણે પોતાની ચાર ઓવરમાં 26 રન આપીને સંજુ સેમસન અને આયુષ મ્હાત્રેની વિકેટ ખેરવી હતી. નાંદ્રે બર્ગરની આ શરૂઆતની સફળતાના કારણે જ CSKની ટીમ પાવર પ્લેમાં જ બેકફૂટ પર આવી ગઈ, જેના કારણે તેઓ વાપસી ન કરી શક્યા. આ જ કારણ છે કે વૈભવ સૂર્યવંશીને બદલે નાંદ્રે બર્ગરને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.


બીજી તરફ CSK સામેની મેચની વાત કરીએ તો રાજસ્થાન રોયલ્સે 8 વિકેટથી જીત હાંસલ કરી છે. રાજસ્થાનના કેપ્ટન રિયાન પરાગે ટોસ જીતીને CSKને પહેલા બેટિંગ માટે આમંત્રણ આપ્યું હતું. CSKની શરૂઆત ખૂબ જ ખરાબ રહી અને પાવર પ્લેમાં જ તેણે પોતાની 4 વિકેટ ગુમાવી દીધી.

ત્યારબાદ રાજસ્થાનની ટીમે CSKને વાપસીની એક તક ન આપી. જોકે, ખરાબ શરૂઆત છતાં નંબર 8ના બેટ્સમેન જેમી ઓવરટનની 43 રનોની સંઘર્ષપૂર્ણ ઈનિંગના કારણે CSK 127 રન સુધી પહોંચવામાં સફળ રહી. CSKના આ સ્કોરના જવાબમાં રાજસ્થાને માત્ર 12.1 ઓવરમાં 128 રન બનાવીને ટાર્ગેટ ચેઝ કરી લીધો. રાજસ્થાન માટે વૈભવ ઉપરાંત યશસ્વી જયસ્વાલે પણ 36 બોલમાં અણનમ 38 રનની ઈનિંગ રમી.

# BCCIના બ્રોડકાસ્ટ એન્જિનિયરનું મુંબઈમાં રહસ્યમય મોત, હોટલના રૂમમાંથી મળી આવ્યો મૃતદેહ.....

**મુંબઈ, તા.31**

IPL 2026નો રોમાંચ ચાલી રહ્યો છે. પરંતુ આ વચ્ચે એક ખરાબ સમાચાર સામે આવ્યા છે. IPL મેચો માટે BCCI સાથે બ્રોડકાસ્ટ એન્જિનિયર તરીકે કામ કરતા એક બ્રિટિશ નાગરિક મુંબઈની ટ્રાઈડેન્ટ હોટલના રૂમમાં મૃત હાલતમાં મળી આવ્યા છે. મૃતકની ઓળખ ઈયાન વિલિયમ્સ લેંગફોર્ડ તરીકે થઈ છે.




પ્રાપ્ત માહિતી પ્રમાણે ઈયાન 24 માર્ચથી મુંબઈની ટ્રાઈડેન્ટ હોટલમાં રોકાયા હતા અને IPL મેચ કવરેજ સાથે સબંધિત કામ કરી રહ્યા હતા. 29 માર્ચે મેચ સમાપ્ત થયા પછી તેઓ પોતાના રૂમમાં પરત ફર્યા હતા. બીજા દિવસે 30 માર્ચે હોટલ રિસેપ્શન તરફથી તેમને ફોન કરવામાં આવ્યો, પરંતુ તેમના રૂમમાંથી કોઈ જવાબ ન મળ્યો. ત્યારબાદ હોટેલ સ્ટાફ તેમના રૂમમાં ગયો. જ્યારે અંદરથી કોઈ જવાબ ન મળ્યો ત્યારે તેઓએ માસ્ટર કીનો ઉપયોગ કરીને રૂમ ખોલ્યો. રૂમની અંદર ઈયાન ફ્લોર પર પડેલા મળા આવ્યા. તાત્કાલિક હોટલના ઈન-હાઉસ ડૉક્ટરને બોલાવવામાં આવ્યા, જેમણે તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યો. ઘટનાની માહિતી મળતાં જ મરીન ડ્રાઈવ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ. પોલીસે કેસ નોંધી લીધો છે અને મોતના કારણોની તપાસ કરી રહી છે. પોલીસ હાલમાં પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોઈ રહી છે, ત્યારબાદ મૃત્યુનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે. તમને જણાવી દઈએ કે,29 માર્ચે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે મુંબઈ ઈન્ડિયન્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મેચ રમાઈ હતી. મુંબઈ ઈન્ડિયન્સે આ મેચમાં શાનદાર જીત હાંસલ કરી હતી. આ મેદાન પર આ સીઝનની પહેલી IPL મેચ હતી. જ્યાં મોટી સંખ્યામાં દર્શકો પહોંચ્યા હતા.

# ઓડિયન્સ હવે રાજ અને રાહુલને ભુલીને એંગ્રી યંગ મેનની પાછળ







**મુંબઈ, તા.31**

વર્ષો સુધી હિન્દી સિનેમાએ આપણને સપનાઓ વેચ્યા છે. 1990ના દાયકામાં, તે સ્પનાં પ્રેમનાં હતાં. રાજ હાથ લંબાવે છે, સિમરન ટ્રેન પકડવા દોડે છે. ભવ્ય લાગણીઓ, થોડો બળવો અને પ્રતિકાર અને વિરોધ. કલ્પના એવી હતી કે પ્રેમ દુનિયાને જીતે શકે છે.

પછી આવ્યા 2000ના વર્ષો, જ્યારે આકાંક્ષાઓનું સ્વરૂપ બદલાયું. મલ્ટિપ્લેક્સ સિનેમાએ આપણને કૂલનેસ, મિત્રતા, શહેરી યુવાનોનું દિલ તૂટવું, ડિઝાઈનર કપડાં સાથે પણ પીડામાં જીવતા યુવાનો અને પોલિશ્ડ મુશ્કેલીઓ આપી. હીરો હવે સિસ્ટમ સામે ગુસ્સે નહોતો. તે આ સીસ્ટમ સાથે કામ લેવા સક્ષમ છે, ફ્લર્ટ કરી જાણે છે, નાચી ગાઈને મજા કરે છે. પણ આજે ભારતીય સિનેમામાં એવું પરિવર્તન આવ્યું છે, જેને નકારવું કે અવગણવું બંને મુશ્કેલ છે, ફિલ્મોનો મુખ્ય વિષય હવે પ્રેમ નથી, શક્તિ છે. હવેના સમયની સૌથી મોટી અને સફળ ફિલ્મો નરમાઈ, સંવેદનશીલતા અથવા ભાવનાત્મક તરસ પર આધારિત નથી. તે ગુસ્સા પર આધારિત છે. એનિમલ, KGF, પુષ્પા, ધુરંધર, ધુરંધર ધ રિવેન્જ કે પછી ઓ રોમિયો, આ બધાની ભવ્યતા, સ્ટાઈલ, સ્લો-મોશન એન્ટ્રી અને કાન ફાડી નાખે એવો બેકગ્રાઉન્ડ સ્કોરને દૂર કરો, તો તમને એક જ ચહેરો કેન્દ્રમાં દેખાશે: એંગ્રી યંગ મેન. આપણે થોડી વાર અટકીને આ અંગે વિચારવું જોઈએ. કારણ કે એંગ્રી યંગ મેન માત્ર એક મસાલેદાર સિનેમેટિક વાર્તા નથી જેનો દોર ફરી પાછો આવ્યો છે. તે એક સાંસ્કૃતિક સંકેત છે, એક ચેતવણી, દર્શકોના મનમાં શું ચાલી રહ્યું છે તેનું પ્રતિબિંબ. અમિતાભ બચ્ચને 1970 અને 1980ના દાયકામાં આ પાત્રને અમર બનાવ્યું હતું, જ્યારે સરકાર અને વહીવટ પર અવિશ્વાસ, આર્થિક નિરાશા અને સામાજિક અસંતોષે એવો હીરો બનાવ્યો હતો જે શિસ્ત રાખી શકતો નહોતો. તે અન્યાય સામે ગીત ગાતો નહોતો. તે તેને તોડી નાખતો હતો. આજનો બ્લોકબસ્ટર હીરો ગુસ્સે ભરેલો, ઘાયલ, અતિ-પુરુષત્વ ધરાવતો, નૈતિક રીતે ધૂંધળો અને કોઈ પણ સ્થિતિ સ્વીકારી લેવામાં રસ ન ધરાવે એવો છે. તે સિસ્ટમ પાસેથી ન્યાય માંગતો નથી. તે તેને પાર કરી જાય છે. તે તેને તોડી નાંખે છે. કડવી હકીકત એ છે કે આ ફિલ્મો ગુસ્સો બનાવતી નથી, તે પહેલાંથી લોકોનાં મનમાં રહેલા ગુસ્સાને દિશા આપે છે. દેશભરમાં લાખો યુવાનો છે જેમના સપનાઓ અને હકીકત વચ્ચે અંતર વધી રહ્યું છે. તેમને સતત સપના જોવાનું, મહેનત કરવાનું, સરખામણી કરવાનું અને રાહ જોવાનું કહેવામાં આવ્યું છે. પણ પરિણામ વચન જેટલી ઝડપથી મળતું નથી. જ્યારે પ્રેમ મોંઘો લાગે, લોકો શક્તિ ખરીદે છે. જ્યારે ન્યાય અશક્ય લાગે, લોકો બળની પૂજા કરે છે. જ્યારે સિસ્ટમ તમને અદશ્ય બનાવે, ત્યારે તમે એવા માણસને પ્રોત્સાહન આપો છો જે સિસ્ટમને જ રક્ત રંજિત કરી દે છે. જો એક પછી એક ફિલ્મો હિંસક, ગુસ્સાભરેલી, સિસ્ટમ વિરોધી પુરૂષ ઊર્જા સાથે હિટ બની રહી છે, તો કદાચ સાચો પ્રશ્ન "ફિલ્મમેકર્સ આ ફિલ્મો કેમ બનાવી રહ્યા છે?" એવો નથી. સાચો પ્રશ્ન છે, "એટલા બધા લોકો પોતાને આ પાત્રોમાં કેમ જુએ છે?" અહીં ઘણા સમીક્ષકો ભૂલ કરે છે. તેઓ આ ફિલ્મોને એવા વાયરસ તરીકે જુએ છે જે સમાજને પ્રભાવિત કરે છે. પણ સિનેમા, ખાસ કરીને લોકપ્રિય સિનેમા, એટલું સરળ નથી. તે ઘણી વખત વિનાશક બનતા પહેલાં ઈશારો કરે છે. તે જાહેર મનોભાવને પકડી લે છે, તે પહેલાં કે શિક્ષણ, નીતિ અને મીડિયા તેને કોઈ નામ આપે. ઘણીવાર બોક્સ ઓફિસ દેશને આપણા વિશ્લેષણ કરતાં ઝડપથી વાંચે છે.

# મિમીએ મારા માટે બધું બદલી નાખ્યું : ક્રિતિ સેનન

## ક્રિતિએ એક કાર્યક્રમમાં તેની ટીકા કરતાં લોકો વિશે વાત કરી

**મુંબઈ, તા.31**

દેશની ટોચની અભિનેત્રીઓમાંની એક, ક્રિતિ સેનન દરેક પ્રોજેક્ટ સાથે એક બહુમુખી કલાકાર તરીકે પોતાની સ્થિતિ મજબૂત કરતી રહે છે. જ્યારે તેની ફિલ્મોગ્રાફી સતત વિકાસ દર્શાવે છે, ત્યારે મિમી તેની એવી ફિલ્મ છે જેને તે પોતાની સફરની એક મહત્વની ક્ષણ તરીકે માને છે.



તાજેતરમાં એક ઈવેન્ટમાં વાત કરતાં, ક્રિતિએ ખુલાસો કર્યો કે આ ફિલ્મે અભિનેત્રી તરીકે તેની દૃષ્ટિ કેવી રીતે બદલી. "મને લાગે છે કે આ મારા જીવનનો એક મહત્વપૂર્ણ વળાંક હતો. એ ફિલ્મે મને અભિનેત્રી તરીકે ઊંચે ઉડવાની તક આપી. મિમીએ મને વિશ્વાસ આપ્યો કે હું મારા વિચાર કરતાં ઘણું વધુ મેળવી શકું છું. મારે ફક્ત મારી જાત પર થોડો વધુ વિશ્વાસ રાખવો અને પડકારોને સ્વીકારવા જોઈએ." તેણે કહ્યું.

તેનામાં વિશ્વાસ હોવા છતાં, આ ભુમિકા સ્વીકારવાનો નિર્ણય અન્ય લોકોની દ્રષ્ટિએ સરળ નહોતો. ક્રિતિએ જણાવ્યું કે જ્યારે તેણે સરોગસી પર આધારિત ફિલ્મમાં કામ કરવાનો નિર્ણય લીધો ત્યારે તેને ઘણો વિરોધ સહન કરવો પડ્યો હતો. "ઘણાએ મારા નિર્ણય પર પ્રશ્ન ઉઠાવ્યા. તેમણે મને ચેતવણી આપી, 'તું માતાનું પાત્ર ભજવી રહી છે. તને એક જ પ્રકારના રોલમાં બાંધી દેવામાં આવશે. તું વધુ ઉંમરની લાગશે. સરોગસી જેવા વિષય પરની ફિલ્મ કદાચ એક ચોક્કસ પ્રકારની બીબાંઢાળ ફિલ્મ હશે.' મને ઘણાં પ્રતિભાવો મળ્યા અને મને લાગે છે કે એ સમયે તમારી અંદરના અવાજને સાંભળવો ખૂબ જ મહત્વનો છે. તે ક્યારેય તમને ભ્રમિત કરતો નથી." તેણે શેર કર્યું.

ક્રિતિ માટે, આ ફિલ્મ તેની સીમાઓને આગળ ધપાવવાની અને પોતાની ક્ષમતાનો પુરાવો આપવાની તક બની. પોતાને "ઈન્સ્પાયરિંગ અભિનેત્રી" ગણાવતાં, તેણે સ્વીકાર્યું કે આ ભૂમિકામાં તેણે જે પ્રાપ્ત કર્યું તેનાથી તે પોતે પણ આશ્ચર્યચકિત થઈ ગઈ હતી. તેણે ઉમેર્યું, "મને આ ફિલ્મ શું કહે છે તે ગમે છે અને મને ગમે છે કે આટલો મજબુત વિષય હાસ્ય અને મનોરંજન સાથે રજૂ કરવામાં આવ્યો છે, જે તેને દર્શકો સાથે જોડે છે. મેં તેમાં મારું દિલ મૂકી દીધું અને મને લાગે છે કે ફિલ્મે પણ તે પ્રયત્નનો પ્રતિસાદ આપ્યો."

# એક્ટ્રેસ સૈયાની ગુપ્તાનું ડિરેક્શન ક્ષેત્રે પદાર્પણ

**મુંબઈ, તા.31**

સૈયાની ગુપ્તા હવે નવી સર્જનાત્મક દિશામાં આગળ વધી રહી છે, કારણ કે તે તેની ડિરેક્ટોરિયલ ડેબ્યૂ શોર્ટ ફિલ્મ આસમાની સાથે આવી રહી છે. આ પ્રોજેક્ટમાં તે માત્ર ડિરેક્શન જ નહીં પરંતુ લેખન અને પ્રોડક્શન પણ સંભાળી રહી છે, જેને કારણે આ ફિલ્મ તેના માટે વ્યક્તિગત રીતે પણ ઘણી મહત્વની છે. ફિલ્મમાં પીઢ એક્ટ્રેસ રેવતી મુખ્ય ભૂમિકામાં છે, સાથે જ ન્યૂકમર ડેરિયા બેદીને આ ફિલ્મ દ્વારા લોંચ કરવામાં આવી રહી છે. આસમાની એક ઈન્ટિમેટ અને કેરેક્ટર-ડ્રિવન સ્ટોરી છે, જે સંબંધો, સ્વતંત્રતા અને વ્યક્તિગત ઓળખ જેવા



વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.


સૈયાનીએ જણાવ્યું કે ફિલ્મ બનાવવાનું તેનું સપનું છેલ્લા 17 વર્ષથી હતું, જે સમયે તેણે ફિલ્મ સ્કૂલમાં પ્રવેશ લીધો હતો. તેણે કહ્યું કે એક્ટર તરીકે દરેક સેટ પર કામ કરતી વખતે આ ઈચ્છા વધુ મજબુત બની હતી. તેના શબ્દોમાં, "આસમાની પ્રેમ, ભાગીદારી અને સ્વતંત્રતા વિશેની ફિલ્મ છે, જેમાં જીવનના મૂલ્યો, નુકસાન અને બદલાતા સંબંધો જેવા મુદ્દાઓને સ્પર્શવામાં આવ્યા છે. આ અલગ-અલગ ઉંમરની મહિલાઓની કહાની છે, જે પોતાની ઓળખ અને મૂલ્યને સારી રીતે સમજે છે."

ફિલ્મનું નિર્માણ સૈયાની ગુપ્તા મુવીઝ હેઠળ થયું છે, સાથે સુમિત્રા ગુપ્તા ફાઉન્ડેશન ફોર આર્ટ્સ અને વન ઈન્ડિયા સ્ટોરીઝનો પણ સહયોગ મળ્યો છે. પ્રોજેક્ટને નિકખિલ આડવાણી, દિયા મિર્ઝા અને અનન્યા રાણે જેવા એક્ઝિક્યુટિવ ડિરેક્ટર્સનો સપોર્ટ પણ મળ્યો છે. વર્લ્ડ પ્રીમિયર પહેલા જ ફિલ્મની સ્ક્રિપ્ટ અનેક આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર પ્રશંસા મેળવી ચુકી છે, જેના કારણે ફિલ્મ માટે ઉત્સુકતા વધતી જઈ રહી છે.

# અક્ષય ખન્નાનો મહાકાલીમાં શુક્રાચાર્ય લૂક વાયરલ

**મુંબઈ, તા.31**

અક્ષય ખન્ના હાલમાં આદિત્ય ધરની ધુરંધરમાં રહમાન ડાકૈત તરીકેના તેના અભિનય માટે મળેલી પ્રશંસાને માણી રહ્યો છે, જે રીતે એનિમલ પછી બોબી દેઓલ છવાયો હતો એ રીતે રહેમાન ડકૈત તરીકે અક્ષય ખન્ના પણ છવાઈ ગયો હતો. હવે તેનો આગામી પ્રોજેક્ટ પણ ચર્ચામાં છે. 28 માર્ચે અક્ષયના જન્મદિવસના અવસરે, ફિલ્મ મેકર પ્રશાંત વર્માએ અક્ષયના આગામી પ્રોજેક્ટ મહાકાલીની એક ઝલક આપી, જેમાં તેણે શુક્રાચાર્ય તરીકેનો અભિનેતાનો આકર્ષક નવો લૂક દર્શાવતો બેહાઈન્ડ-ધ-સીન્સ ફોટો શેર કર્યો હતો.



એક્સ (ટ્વીટર) પર, પ્રશાંતે જન્મદિવસની શુભેચ્છા પણ આપી હતી, જેમાં તેણે અક્ષયની શાંત પરંતુ શક્તિશાળી સ્ક્રીન પ્રેઝન્સની પ્રશંસા કરી. તેણે અક્ષયને એવો વ્યક્તિ ગણવ્યો, જે સાબિત કરે છે કે સાચી પ્રતિભાને શોરની જરૂર નથી અને તેના સતત પ્રભાવશાળી અભિનયને સહજ ક્લાસ સાથે રજૂ કરવાની ક્ષમતાના વખાણ કર્યા હતા. ફિલ્મના ડિરેક્ટર પુજા કુલ્લુરુએ તેની સાથે કામ કરવા અંગે ઉત્સાહ પણ વ્યક્ત કર્યો અને કહ્યું કે ફિલ્મમાંથી દર્શકોએ કંઈક ખાસ અપેક્ષા રાખવી જોઈએ, સાથે જ ટૂંક સમયમાં વધુ અપડેટ્સ આપવાનું વચન આપ્યું.

તેમણે પોતાની પોસ્ટની કેપ્શનમાં લખ્યું, "હેપ્પી બર્થડે અક્ષયખન્ના સર, એક સાચા અભિનેતા જે સાબિત કરે છે કે સાચી પ્રતિભાને શોરની જરૂર નથી. સહજ સ્ક્રીન પ્રેઝન્સ, શક્તિશાળી અભિનય અને અનમેચ્ડ ક્લાસ હંમેશા અલગ દેખાય છે. તમારી સાથે કામ કરવું એ સન્માનની વાત છે. અમે સાથે મળીને શું બનાવ્યું છે તે દુનિયાને બતાવવા માટે રાહ નથી જોઈ શકતો! અપડેટ્સ જલ્દી આવશે! મહાકાલી અધીરા જયહનુમાન."

મહાકાલીમાં, અક્ષય શુક્રાચાર્યનું પાત્ર ભજવશે, જેમને હિંદુ પુરાણો મુજબ અસુરોના ગુરુ માનવામાં આવે છે અને આ પાત્ર કથાને ઊંડાણ અને વજનદાર બનાવશે એવી અપેક્ષા છે. ફિલ્મનું ડિરેક્શનન પૂજા કોલ્લુરુ કરી રહ્યાં છે અને તે પ્રશાંત વર્મા સિનેમેટિક યુનિવર્સ (PVCU)નો એક ભાગ છે. આ શેર્ડ યુનિવર્સમાં પહેલેથી જ સફળ સુપરહીરો ફિલ્મ હનુ-માન (2024) સામેલ છે અને ભવિષ્યમાં જય હનુમાન અને અધીરા જેવી ફિલ્મો પણ વિકસાવવામાં આવી રહી છે.

# માર્ચમાં રોકાણકારોની સંપતિમાં ₹51 લાખ કરોડનું ધોવાણ

## સેન્સેક્સ 1635 પોઈન્ટ ખાબકી 71947: નિફ્ટી સ્પોટ 488 પોઈન્ટ ગબડીને 22331 : ભયાવહ યુદ્ધના ભણકારાં : માર્ચ મહિનામાં ઐતિહાસિક કડાકા: શેરોમાં રોકાણકારોનો વિશ્વાસ તળીયે



**મુંબઈ, તા.31**

ઈરાન વિરૂધ્ધ ઈઝરાયેલ-અમેરિકાએ છેડેલું યુદ્ધ હવે જાણે ત્રીજા વિશ્વ યુદ્ધમાં પરિણમી રહ્યું હોય એમ ઈરાનની ઓઈલ એસેટ પર કબજો જમાવવા અમેરિકા અને ઈઝરાયેલ ખતરનાર ભૂમિ યુદ્ધની તૈયારી કરી રહ્યું હોઈ ઈરાનના વળતાં હુમલાએ રેડિયેશનના વધતાં ખતરાં સાથે યુદ્ધ ભયાવહ બની રહ્યું હોઈ આજે ભારતીય શેર બજારોમાં માર્ચ મહિનાના અને નાણા વર્ષ ૨૦૨૫-૨૬ના અંતિમ દિવસે સાર્વત્રિક નવો કડાકો બોલાઈ ગયો હતો. ઈંધણની કટોકટી સર્જાવાના ભણકારાં અને બીજી તરફ દરેક ઉદ્યોગો પર સંકટના વાદળો ઘેરાવા લાગતાં વગર જાહેર કર્યે દેશમાં લોકડાઉન જેવી પરિસ્થિતિ સર્જાવા લાગતાં ઘણા ઉદ્યોગો અને અનેક કંપનીઓની માઠી દશા બેસતાં આજે શેરોમાં રોકાણકારોનો વિશ્વાસ પણ તળીયે ગયો હતો. માર્ચ મહિનો ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની ઐતિહાસિક વેચવાલી સાથે વિક્રમી કડાકાનો નીવડી અત્ર, તત્ર, સર્વત્ર મંદી મંદી મંદીની બૂમરાળ મચી ગઈ હતી.

રિઝર્વ બેંકે ૧૦ કરોડ ડોલરની ફોરેક્સ મર્યાદા નક્કી કરતા બંકીંગ શેરોમાં કડાકો બોલાયો હતો. બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં ધબડકા સાથે ઓટોમોબાઈલ, કેપિટલ ગુડઝ-પાવર, કન્ઝયુમર ડયુરેબલ્સ, હેલ્થકેર-ફાર્મા, આઈટી-સોફ્ટવેર શેરોમાં મોટું ધોવાણ થયું હતું. સેન્સેક્સ ૧૬૩૫.૬૭ પોઈન્ટ તૂટીને ૭૧૯૪૭.૫૫ અને નિફ્ટી ૫૦ સ્પોટ ૪૮૮.૨૦ પોઈન્ટ તૂટીને ૨૨૩૩૧.૪૦ બંધ રહ્યા હતા. માર્ચ મહિનો ઐતિહાસિક કડાકાનો નીવડયો છે. માર્ચ મહિનામાં રોકાણકારોની સંપતિ-એક્ત્રિત માર્કેટ કેપિટલાઈઝેશનમાં રૂ.૫૧.૦૯ લાખ કરોડનું જંગી ધોવાણ થયું છે.

મંગળવાર ૩૧, માર્ચ ૨૦૨૬ના મહાવીર જયંતી નિમિતે ભારતીય શેર બજારો બોમ્બે સ્ટોક એક્સચેન્જ-બીએસઈ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ-એનએસઈ ટ્રેડિંગ માટે બંધ રહેશે.

બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં ફંડોએ મોટાપાયે વેચવાલી કરતાં વ્યાપક ગાબડાં પડયા હતા. યુનિયન બેંક ઓફ ઈન્ડિયા રૂ.૧૧.૬૦ ઘટીને રૂ.૧૬૪.૧૫, કેનેરા બેંક રૂ.૬.૮૦ ઘટીને રૂ.૧૨૩.૫૫, ઈન્ડસઈન્ડ બેંક રૂ.૩૯.૦૫ ઘટીને રૂ.૭૫૨.૮૦, બેંક ઓફ બરોડા રૂ.૧૨.૪૫ ઘટીને રૂ.૨૪૭.૫૦, પીએનબી રૂ.૪.૫૫ ઘટીને રૂ.૧૦૦.૫૫, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા રૂ.૪૦.૨૫ તૂટીને રૂ.૯૭૯.૮૦, ફેડરલ બેંક રૂ.૯.૪૦ ઘટીને રૂ.૨૫૯.૮૦, એચડીએફસી બેંક રૂ.૨૪.૪૫ ઘટીને રૂ.૭૩૧.૮૦, આઈસીઆઈસીઆઈ બેંક રૂ.૨૯ ઘટીને રૂ.૧૨૦૫.૨૦ રહ્યા હતા. બીએસઈ બેંકેક્સ ઈન્ડેક્સ ૨૨૩૬.૧૯ પોઈન્ટ તૂટીને ૫૬૫૮૦.૭૪ બંધ રહ્યો હતો.

ઈરાન યુદ્વના પરિણામે વિશ્વમાં ઈંધણની અછત સર્જાવા લાગી હોઈ ઘરઆંગણે પણ પુરવઠો અત્યારે પર્યાપ્ત હોવાના સરકારના આશ્વાસન છતાં યુદ્ધ લાંબું ચાલવાના સંજોગોમાં પરિસ્થિતિ વણસવાના ફફડાટે વાહનોની ખરીદીમાં મોટા ઘટાડાની આશંકાએ ફંડોએ ઓટોમોબાઈલ શેરોમાં ફરી મોટો કડાકો બોલાવી દીધા હતો. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૫૩.૮૪.૭૫ તૂટીને રૂ.૨૯૫૬.૧૫, મારૂતી સુઝુકી રૂ.૧૨૭.૯૦ ઘટીને રૂ.૧૨,૨૬૦, બજાજ ઓટો રૂ.૧૨૬.૦૫ ઘટીને રૂ.૮૭૭૬.૬૫, એમઆરએફ રૂ.૨૮૦૭.૫૫ ઘટીને રૂ.૧,૨૬,૬૬૬, ટીવીએસ મોટર રૂ.૭૭.૯૫ ઘટીને રૂ.૩૩૬૫.૮૦, હ્યુન્ડાઈ મોટર રૂ.૩૩.૩૦ ઘટીને રૂ.૧૭૮૧.૪૦ રહ્યા હતા. બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૧૨૫૭.૦૮ પોઈન્ટ તૂટીને ૫૨૬૧૩.૯૮ બંધ રહ્યો હતો.

પાવર-કેપિટલ ગુડઝ શેરોમાં ફરી મોટું ભંગાણ પડી આજે કડાકો બોલાઈ ગયો હતો. અપાર ઈન્ડસ્ટ્રીઝ રૂ.૭૧૩.૭૫ તૂટીને રૂ.૯૮૭૫.૩૫, ડાટાપેટર્નસ રૂ.૧૧૬.૭૫ તૂટીને રૂ.૩૦૩૪.૩૦, ભેલ રૂ.૯.૩૦ ઘટીને રૂ.૨૪૫.૫૫, કમિન્સ ઈન્ડિયા રૂ.૧૩૬.૮૫ તૂટીને રૂ.૪૫૦૦.૩૫ રહ્યા હતા. બીએસઈ કેપિટલ ગુડઝ ઈન્ડેક્સ ૧૪૫૯.૨૧ પોઈન્ટ તૂટીને ૬૪૨૪૩.૩૮ બંધ રહ્યો હતો.

કન્ઝયુમર ડયુરેબલ્સ કંપનીઓના શેરોમાં પણ ફંડોએ આજે ખપતાં શેરો વેચવા હેમરિંગ કરતાં મોટું ધોવાણ થયું હતું. વોલ્ટાસ રૂ.૫૧.૭૫ તૂટીને રૂ.૧૨૭૦.૨૫, બ્લુ સ્ટાર રૂ.૬૪.૫૫ ઘટીને રૂ.૧૬૧૦.૭૫, એશીયન પેઈન્ટ રૂ.૪૨.૭૫ ઘટીને રૂ.૨૧૬૪.૫૦, બર્જર પેઈન્ટ રૂ.૪.૭૫ ઘટીને રૂ.૪૧૦.૨૦ રહ્યા હતા. બીએસઈ કન્ઝયુમર ડયુરેબલ્સ ઈન્ડેક્સ ૧૦૯૨.૪૭ પોઈન્ટ તૂટીને ૫૨૬૧૯.૦૨ બંધ રહ્યો હતો.

ફંડોએ આજે આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી કંપનીઓના શેરોમાં પેનીક સેલિંગ કર્યું હતું. વૈશ્વિક મંદીના માહોલ વચ્ચે બિઝનેસ તકો ઘટી રહ્યાના અહેવાલોએ આજે ફંડોએ વેચીને હળવા થવાનું પસંદ કર્યું હતું. હેપ્પિએસ્ટ માઈન્ડ રૂ.૨૮.૩૫ ઘટીને રૂ.૩૬૧.૦૫, નેલ્કો રૂ.૩૦.૫૫ ઘટીને રૂ.૫૦૫.૭૫, ટાટા ટેકનોલોજી રૂ.૩૦.૦૫ ઘટીને રૂ.૫૦૯.૪૫, ઓરિઓનપ્રો સોલ્યુશન રૂ.૪૦.૫૦ ઘટીને રૂ.૭૨૨.૭૫ રહ્યા હતા. બીએસઈ આઈટી ઈન્ડેક્સ ૫૨૧.૨૪ પોઈન્ટ ઘટીને ૨૭૯૨૬.૩૨ બંધ રહ્યો હતો. ફાર્માસ્યુટિકલ્સ-હેલ્થકેર કંપનીઓના શેરોમાં ફંડોએ આજે ફરી હળવા થવાનું પસંદ કર્યું હતું. ટારન્સ રૂ.૧૧.૪૫ ઘટીને રૂ.૧૬૬.૭૫, સિન્જેન રૂ.૨૩.૮૦ ઘટીને રૂ.૩૯૦.૨૫, થેમીસ મેડી રૂ.૩.૮૫ ઘટીને રૂ.૬૫.૮૭ રહ્યા હતા. બીએસઈ હેલ્થકેર ઈન્ડેક્સ ૬૪૯.૫૮ પોઈન્ટ ગબડીને ૪૧૭૭૮.૩૮ બંધ રહ્યો હતો.

દેશમાં પેટ્રોલના ભાવ વધારા અને એલપીજી સહિતનો પુરવઠો ઓછો થવા લાગતાં મોંઘવારી વધતાં એફએમસીજી કંપનીઓના વેચાણ પર અસરની શકયતાએ ફંડો શેરોમાં વેચવાલ રહ્યા હતા. પરાગ મિલ્ક રૂ.૧૦.૫૫ ઘટીને રૂ.૧૭૯.૬૫, વાડીલાલા ઈન્ડસ્ટ્રીઝ રૂ.૧૯૫.૨૦ ઘટીને રૂ.૪૦૯૦.૮૫, ઈન્ડિયા ગ્લાયકોલ રૂ.૩૭.૫૫ ઘટીને રૂ.૮૪૯ રહ્યા હતા. બીએસઈ એફએમસીજી ઈન્ડેક્સ ૩૨૧.૦૭ પોઈન્ટ ઘટીને ૧૯૭૭૪.૨૭ બંધ રહ્યો હતો. રિયલ એસ્ટેટ ક્ષેત્રે દેશભરમાં પ્રોપર્ટીની માંગમાં મોટો ઘટાડો થઈ રહ્યાના અને આ ક્ષેત્રે મંદીની આશંકાએ ફંડોએ આજે રિયાલ્ટી કંપનીઓના શેરોમાં ફરી કડાકો બોલાવ્યો હતો. અનંતરાજ ઈન્ડસ્ટ્રીઝ રૂ.૩૧.૬૫ ઘટીને રૂ.૪૦૫.૬૦, બ્રિગેડ રૂ.૩૮.૧૦ ઘટીને રૂ.૬૫૦.૮૫, પ્રેસ્ટિજ એસ્ટેટ રૂ.૪૬.૫૦ ઘટીને રૂ.૧૧૨૬.૨૦, ડિએલએફ રૂ.૨૦.૬૦ ઘટીને રૂ.૫૦૩.૭૦ રહ્યા હતા. બીએસઈ રિયાલ્ટી ઈન્ડેક્સ ૧૫૭.૫૨ પોઈન્ટ તૂટીને ૫૦૪૬.૩૧ બંધ રહ્યો હતો.

સપ્તાહના પહેલા દિવસે અને માર્ચના અંતિમ દિવસે સેન્સેક્સ, નિફ્ટીમાં આજે નવો કડાકો બોલાઈ જવા સાથે એ ગુરૂપ, સ્મોલ, મિડ કેપ શેરોમાં ખરીદદાર ગાયબ થઈ જવા લાગી અનેક વેચવાલ રહેતાં વ્યાપક ગાબડાં પડતાં માર્કેટબ્રેડથ અત્યંત ખરાબ બની હતી. બીએસઈમાં કુલ ટ્રેડિંગ થયેલી ૪૬૦૦ સ્ક્રિપોમાંથી વધનારની સંખ્યા માત્ર ૮૩૫ અને ઘટનારની સંખ્યા ૩૬૧૮ રહી હતી. માર્ચના અંતિમ દિવસે શેરોમાં અવિરત ઓલ રાઉન્ડ સાર્વત્રિક ધૂમ વેચવાલીએ ધબડકો બોલાઈ જતાં બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન એટલે કે રોકાણકારોની એક્ત્રિત સંપતિ આજે એક દિવસમાં રૂ.૯.૭૪ લાખ કરોડ ધોવાઈને રૂ.૪૧૨.૪૧ લાખ કરોડ રહી હતી. માર્ચ મહિનામાં સેન્સેક્સ ૯૩૩૯.૬૪ પોઈન્ટ તૂટયો છે. જ્યારે નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૨૩૫૯.૦૫ પોઈન્ટ ગબડયા છે. આમ માર્ચ ૨૦૨૬ મહિનામાં રોકાણકારોની સંપતિ એટલે કે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૫૧.૦૯ લાખ કરોડ ધોવાયું છે. નાણા વર્ષ ૨૦૨૫-૨૬માં નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૧૧૮૭.૯૫ પોઈન્ટ ઘટયો છે. જે ૨૮ માર્ચ ૨૦૨૫ના ૨૩૫૧૯.૩૫ની સપાટીએ હતો. જ્યારે સેન્સેક્સ ૫૪૬૭.૩૭ પોઈન્ટ ઘટયો છે. ૨૮, માર્ચ ૨૦૨૫ના સેન્સેક્સ ૭૭૪૧૪.૯૨ની સપાટીએ હતો. એક વર્ષમાં માર્કેટ કેપિટલાઈઝેશન પણ હતું, ત્યાંને ત્યાં જે ૨૮, માર્ચ ૨૦૨૫ના ૪૧૨.૮૭ લાખ કરોડ રહ્યું હતું. જે આજે ૩૦, માર્ચ ૨૦૨૬ના રૂ.૪૧૨.૪૧ લાખ કરોડ રહ્યું છે.

# રિલાયન્સ જિયોએ અસાધારણ નેટવર્ક અને ડાઉનલોડ સ્પીડ સાથે અમદાવાદ અને ગાંધીનગરમાં સીમાચિન્હો સ્થાપિત કર્યાં

**અમદાવાદ, તા.31**

રિલાયન્સ જિયોએ અમદાવાદ અને ગાંધીનગરમાં વોઈસ અને ડેટા પરફોર્મન્સના મુખ્ય માપદંડોમાં અન્ય સ્પર્ધકોને પાછળ છોડીને શ્રેષ્ઠ ટેલિકોમ ઓપરેટર તરીકે પોતાનું સ્થાન મજબૂત કર્યું છે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ટ્રાઈ) દ્વારા ફેબ્રુઆરી 2026 દરમિયાન લેવામાં આવેલા લેટેસ્ટ ઈન્ડિપેન્ડન્ટ ડ્રાઈવ ટેસ્ટ (આઈ.ડી.ટી.) મુજબ જિયો સૌથી વધુ 5G ડાઉનલોડ સ્પીડ, સૌથી ઝડપી 5G અપલોડ સ્પીડ, શ્રેષ્ઠ વોઈસ કોલ ગુણવત્તા અને સૌથી ઓછી લેટન્સી આપે છે.

ટ્રાઈના આ તારણો જિયોના અત્યાધુનિક અને ભવિષ્ય માટે તૈયાર મોબાઈલ નેટવર્ક થકી ગ્રાહકોને શ્રેષ્ઠ ડિજિટલ અનુભવ આપવાની તેની પ્રતિબદ્ધતા પર મહોર મારે છે.

ટ્રાઈનો અહેવાલ દર્શાવે છે કે જિયોએ 258.16 એમબીપીએસની સરેરાશ 5G ડાઉનલોડ સ્પીડ પૂરી પાડી છે-જે આ શહેરોમાં તમામ ઓપરેટરોમાં સૌથી વધુ છે. આ શાનદાર પ્રદર્શન વધુ ઝડપી વીડિયો સ્ટ્રીમિંગ, લેગ-ફ્રી ઓનલાઈન ગેમિંગ, ઝડપી એપ ડાઉનલોડ અને પીક અવર્સ દરમિયાન પણ અવિરત બ્રાઉઝિંગની ખાતરી આપે છે. જિયોએ 39.19 એમબીપીએસની સરેરાશ 5G અપલોડ સ્પીડ પણ આપી છે-જે ફરીથી તમામ ઓપરેટરોમાં સૌથી વધુ છે. આવી સ્પીડ માત્ર ટેકનિકલ શ્રેષ્ઠતા જ નહીં, પરંતુ કનેક્ટિવિટી પ્રત્યે જિયોનો કસ્ટમર-ફર્સ્ટ અભિગમ પણ દર્શાવે છે, જે તેને ડિજિટલ-પ્રેમી વપરાશકર્તાઓ માટે પ્રથમ પસંદગીનું નેટવર્ક બનાવે છે.




જિયો લો લેટન્સીમાં પણ શ્રેષ્ઠ પ્રદર્શન કરે છે, જે વીડિયો કોલ્સ, વર્ચ્યુઅલ મીટિંગ્સ અને ઓનલાઈન ગેમિંગ જેવી એપ્લિકેશન્સ માટે એક નિર્ણાયક પરિબળ છે. ડેટા પેકેટ્સની ઝડપી ડિલિવરી સુનિશ્ચિત કરીને જિયો વપરાશકર્તાઓને વધુ સુગમ અને પ્રતિભાવશીલ અનુભવ પૂરો પાડે છે - જે ન્યૂનતમ વિલંબ સાથે રિયલ ટાઈમ ઈન્ટરેક્શનને મજબૂત બનાવે છે.

ડેટાની મજબૂતી ઉપરાંત જિયોનું વોઈસ સર્વિસીઝનું પર્ફોર્મન્સ પણ અલગ તરી આવે છે. આઈ.ડી.ટી. અસાધારણ કોલ સેટઅપ સફળતા દર, અત્યંત ઝડપી કોલ કનેક્શન સમય, લગભગ શૂન્ય કોલ ડ્રોપ્સ અને સ્પષ્ટ, ઉચ્ચ ગુણવત્તાવાળી વોઈસ ક્લેરિટી પર ભાર મૂકે છે. આ તમામ પરિબળો મળીને એ સુનિશ્ચિત કરે છે કે જિયો ગ્રાહકો ભલે ઘરે હોય, મુસાફરીમાં હોય કે વધુ ટ્રાફિક ધરાવતા શહેરી વિસ્તારોમાં હોય તેઓ અવિરત અને ભરોસાપાત્ર વોઈસ કોમ્યુનિકેશનનો આનંદ માણી શકે છે.

ડ્રાઈવ ટેસ્ટ અમદાવાદ અને ગાંધીનગરના તમામ મુખ્ય વિસ્તારોમાં હાથ ધરવામાં આવ્યો હતો - જેમાં સેન્ટ્રલ બિઝનેસ ડિસ્ટ્રિક્ટ્સ અને રહેણાંક વિસ્તારોથી લઈને વધુ ટ્રાફિક ધરાવતા કોરિડોર અને પેડેસ્ટ્રિયન ઝોનનો સમાવેશ થાય છે. જિયોના જટીલ અને સુવ્યવસ્થિત નેટવર્ક આર્કિટેક્ચરે આ તમામ ક્ષેત્રોમાં હાઈ પર્ફોર્મન્સ સુનિશ્ચિત કર્યું છે, જે પડકારજનક પરિસ્થિતિઓમાં પણ સતત ગુણવત્તા જાળવી રાખવાની તેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

બફર-ફ્રી સ્ટ્રીમિંગ અને એચ.ડી. વોઈસ કોલ્સથી લઈને રિયલ ટાઈમ ગેમિંગ અને કોલેબરેશન સુધી, રિલાયન્સ જિયો અમદાવાદ અને ગાંધીનગરમાં મોબાઈલ વપરાશકર્તાઓ માટે પસંદગીના નેટવર્ક તરીકે અગ્રેસર રહ્યું છે. ભવિષ્યને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ગ્રાહક કેન્દ્રીત નવીનતા સાથે જિયો માત્ર ભારતના ડિજિટલ લક્ષ્યો સાથે તાલ નથી મિલાવી રહ્યું - તે તેને આગળ ધપાવી રહ્યું છે.

# ભારતીય મસાલાની નિકાસમાં 74 ટકાનો મોટો કડાકો! ચીનની ડિમાન્ડ ઘટતાં વેપારીઓ ચિંતામાં



**મુંબઈ, તા.31**

ભારતના મસાલા નિકાસ ક્ષેત્રે ફેબ્રુઆરી 2026માં મોટો આંચકો જોવા મળ્યો છે. મિનિસ્ટ્રી ઑફ કોમર્સ ઍન્ડ ઈન્ડસ્ટ્રી(DGCI&S)ના હાલના આંકડા મુજબ, ગત વર્ષના સમાન ગાળાની સરખામણીએ મસાલાની નિકાસમાં વોલ્યુમની દ્રષ્ટિએ 41% અને કિંમતની દ્રષ્ટિએ લગભગ 74%નો જંગી ઘટાડો નોંધાયો છે. ફેબ્રુઆરી 2025માં 1.90 લાખ મેટ્રિક ટનની નિકાસ થઈ હતી. જે ફેબ્રુઆરી 2026માં ઘટીને માત્ર 1.12 લાખ મેટ્રિક ટન રહી ગઈ છે.

નિકાસમાં આ જંગી ઘટાડા પાછળનું મુખ્ય કારણ ચીન તરફથી માગમાં આવેલો તીવ્ર ઘટાડો છે. ફેબ્રુઆરી 2025માં ચીન 130 મિલિયન ડૉલરના મસાલાની આયાત કરતું હતું, જે આ વર્ષે ઘટીને માત્ર 28 મિલિયન ડૉલર રહી ગઈ છે. એટલે કે ચીન તરફથી થતી નિકાસમાં 78%નો ઘટાડો થયો છે. આ ઉપરાંત થાઈલૅન્ડમાં 35% અને અમેરિકામાં 10%નો સાધારણ ઘટાડો જોવા મળ્યો છે. નોંધનીય છે કે, ભારતીય રૂપિયો નબળો હોવા છતાં (83થી ઘટીને 87 પ્રતિ ડૉલર), આ ઘટાડો અટકાવી શકાયો નથી. એક તરફ મોટા દેશોમાં માગ ઘટી છે, ત્યારે કેટલાક પાડોશી અને ખાડી દેશોમાં ભારતની પકડ મજબૂત થઈ છે. શ્રીલંકન મસાલાની નિકાસમાં 137%નો સૌથી વધુ ગ્રોથ નોંધાયો. આ ઉપરાંત સાઉદી અરેબિયા નિકાસ 12 મિલિયન ડૉલરથી વધીને 21 મિલિયન ડૉલર(75% વધારો) થઈ છે. UAE અને બાંગ્લાદેશ પણ સંયુક્ત આરબ અમીરાતમાં 18% અને બાંગ્લાદેશમાં 4%ની વૃદ્ધિ જોવા મળી છે. ફેડરેશન ઓફ ઈન્ડિયન સ્પાઈસ સ્ટેકહોલ્ડર્સ(FISS)ના ચેરમેન તેજસ ગાંધીએ ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું કે, મિડલ ઈસ્ટ અને પશ્ચિમ એશિયામાં ઈરાન સાથે જોડાયેલી તાજેતરની ભૌગોલિક તણાવની સ્થિતિ માર્ચ મહિનાથી વૈશ્વિક વેપાર પર વધુ માઠી અસર કરી શકે છે. શિપિંગ રૂટ અને ફ્રેટ કોસ્ટમાં વધારો થવાને કારણે મસાલા સહિત તમામ કૃષિ ઉત્પાદનોની નિકાસ પર અસર થવાની ભીતિ છે.

# આજથી ટેક્સના નિયમોમાં થશે મોટો ફેરફાર: ટોલ પ્લાઝા કેશલેસ થશે, બદલાશે આ 10 નિયમ, તમારા ખિસ્સાં પર પડશે સીધી અસર

**નવી દિલ્હી, તા.31**

આજથી દેશના તમામ ટોલ પ્લાઝા કેશલેસ થઈ જશે. વાહનચાલકો માત્ર ફાસ્ટેગ અથવા UPI પેમેન્ટ દ્વારા જ ટોલ ટેક્સ ચૂકવી શકશે.

આ ઉપરાંત, આજે રાત્રે 12 વાગ્યા પછી દેશમાં ટેક્સ અને બેંકિંગ સંબંધિત 3 મોટા કામોની ડેડલાઈન પૂરી થઈ રહી છે. આવતીકાલથી ટેક્સ, રેલવે અને બજાર સંબંધિત 10 નિયમો પણ બદલાઈ જશે.

પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (PPF), નેશનલ પેન્શન સ્કીમ (NPS) અથવા સુકન્યા સમૃદ્ધિ યોજના (SSY) ને ચાલુ રાખવા માટે દર વર્ષે 250 થી 500 સુધીની ન્યૂનતમ રકમ જમા કરવી ફરજિયાત છે. જો ખાતું બંધ થઈ ગયું હોય તો તેને ફરીથી ચાલુ કરાવવા માટે પેનલ્ટી લાગશે અને બેંકના ધક્કા ખાવા પડશે.




જૂની ટેક્સ રિજીમમાં ટેક્સ બચાવવા માટે રોકાણ કરવાનો આવતીકાલે છેલ્લો દિવસ છે. કલમ 80C હેઠળ 1.5 લાખ સુધીની છૂટ મેળવવા માટે તમે PPF, લાઈફ ઈન્શ્યોરન્સમાં રોકાણ કરી શકો છો.

આ ઉપરાંત, 80D હેઠળ હેલ્થ ઈન્શ્યોરન્સ પ્રીમિયમ અને મેડિકલ ખર્ચાઓ પર 1 લાખ સુધીની છૂટ મળે છે. 1 એપ્રિલ કે તે પછી કરવામાં આવેલું રોકાણ આવતા વર્ષના ખાતામાં ગણવામાં આવશે.

જો તમે નોકરીયાત છો, તો તમારે તમારી ઓફિસમાં રોકાણના પુરાવા જમા કરાવવા પડશે. આમાં ઘરના ભાડાની રસીદો, વીમા પ્રીમિયમની રસીદ, હોમ લોનના વ્યાજનું પ્રમાણપત્ર શામેલ છે.

જો તમે આ દસ્તાવેજો સમયસર જમા નહીં કરાવો, તો કંપની તમારા છેલ્લા પગારમાંથી વધુ TDS કાપી લેશે. તેને પાછું મેળવવા માટે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવા સુધી રાહ જોવી પડશે.

જો તમારી પાસે ગાડી છે તો આજે જ તમારી ગાડીમાં ફાસ્ટેગ એકાઉન્ટ એક્ટિવ કરી લો. જો તમે ફાસ્ટેગનો ઉપયોગ નથી કરતા, તો ખાતરી કરો કે તમારા સ્માર્ટફોનમાં UPI પેમેન્ટની સુવિધા ચાલુ હોય.

કાલથી ડિજિટલ પેમેન્ટ વિના ટોલ પ્લાઝા પર પહોંચવા પર તમારે દંડ ભરવો પડી શકે છે અથવા તમને પાછા મોકલી શકાય છે. કારણ કે, બધા ટોલ પર ફક્ત ફાસ્ટેગ અથવા UPI થી જ ટેક્સ ચૂકવી શકાશે.

# ધોનીએ AI સ્ટોરીટેલિંગ પ્લેટફોર્મ કુકુમાં રોકાણ કર્યું: શોર્ટ્સ-ડ્રામા એપના બ્રાન્ડ એમ્બેસેડર બન્યા, કહ્યું- નાના શહેરોમાંથી આવેલા ફાઉન્ડર્સનું વિઝન ગમ્યું

**મુંબઈ, તા.31**

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન MS ધોનીએ AI-ઓપરેટેડ સ્ટોરીટેલિંગ પ્લેટફોર્મ કુકુ (Kuku) માં રોકાણ કર્યું છે. આ સાથે તેઓ તેના શોર્ટ-ફોર્મ વીડિયો અને ડ્રામા એપ કુકુ ટીવીના બ્રાન્ડ એમ્બેસેડર પણ બન્યા છે. ધોનીનું માનવું છે કે આ પ્લેટફોર્મ ભારતની સાથે-સાથે ગ્લોબલ ઓડિયન્સ માટે પણ એક અલગ પ્રકારનો એન્ટરટેઈનમેન્ટ અનુભવ તૈયાર કરી રહ્યું છે. ધોનીએ કહ્યું, 'મેં કુકુમાં રોકાણ કરવાનો અને કુકુ ટીવીનો બ્રાન્ડ એમ્બેસેડર બનવાનો નિર્ણય એટલા માટે કર્યો, કારણ કે આ પ્લેટફોર્મ બીજાઓથી અલગ છે. તેમણે ઘણી ભાષાઓ અને ફોર્મેટ્સમાં ભારતીય દર્શકો માટે એક શાનદાર અનુભવ તૈયાર કર્યો છે. સૌથી મોટી વાત એ છે કે હું તેના ફાઉન્ડર્સ સાથે જોડાણ



અનુભવું છું, કારણ કે તેઓ પણ મારા જેવા નાના શહેરોમાંથી આવે છે અને તેમણે આ લેવલનો બિઝનેસ ઊભો કર્યો છે.' ધોનીએ આગળ કહ્યું કે તેઓ ભારત માટે બનાવવામાં આવી રહેલા આ AI-ઓપરેટેડ સ્ટોરીટેલિંગ પ્લેટફોર્મના વિઝન પર વિશ્વાસ કરે છે. તેમનું માનવું છે કે આ ટેકનોલોજી માત્ર દેશમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં મનોરંજનની રીત બદલી શકે છે.

કુકુના કો-ફાઉન્ડર અને COO વિનોદ કુમાર મીણાએ જણાવ્યું કે ધોનીને સાથે જોડવા તેમના માટે ગર્વની વાત છે. તેમણે કહ્યું, 'અમારા થાલા (ધોની) તે પસંદગીની હસ્તીઓમાંથી એક છે જેમની પહોંચ સમગ્ર દેશમાં છે. કારણ કે અમે સમગ્ર ભારત માટે કુકુ બનાવી રહ્યા છીએ, તેથી તેઓ અમારા માટે એકદમ યોગ્ય છે.'

જ્યારે કંપનીના CTO વિકાસ ગોયલે કહ્યું કે ધોનીને લોકોની સમજ છે. જ્યારે અમે ક્રિએટર્સ અને કન્ઝ્યુમર્સ માટે AI-આધારિત સ્ટોરીટેલિંગ સ્ટેક બનાવી રહ્યા છીએ, ત્યારે ધોનીનો અનુભવ અને દ્રષ્ટિકોણ અમારા માટે ખૂબ મૂલ્યવાન સાબિત થશે. કુકુના કો-ફાઉન્ડર અને CEO લાલચંદ બિસ્સુએ કહ્યું, 'ધોની તેમના બોલ્ડ નિર્ણયો માટે જાણીતા છે, જે લેવામાં અન્ય લોકો ખચકાટ અનુભવે છે. કુકુમાં અમે પણ આવા જ સાહસિક દાવ લગાવી રહ્યા છીએ. ધોનીની આ અનકન્વેન્શનલ વિચારસરણી અમારી કંપનીના મૂલ્યો સાથે સુસંગત છે.' કુકુના રોકાણકારોમાં સામેલ પેન્થેરા પીક કેપિટલના મેનેજિંગ ડિરેક્ટર નિખિલ ભંડારકરે કહ્યું કે કુકુની કાર્યશૈલી અને તેમની સ્પષ્ટતા બિલકુલ એમએસ ધોનીના અભિગમ જેવી જ છે. તેઓ આ પ્લેટફોર્મને એક ગ્લોબલ એન્ટરટેઈનમેન્ટ બ્રાન્ડ બનતા જોવા માંગે છે. કુકુની સ્થાપના 2018માં લાલચંદ બિસ્સુ, વિકાસ ગોયલ અને વિનોદ કુમાર મીણાએ કરી હતી.

# નફાના ચક્કરમાં ગ્રાહકોને ભૂલી ગયેલી કંપની: ક્રાફ્ટ હાઈન્ઝને તોડવાને બદલે નવા સીઈઓ કૈહિલેન તેને સુધારશે

**ન્યૂયોર્ક, તા.31**

જ્યારે સ્ટીવ કેહિલેનને ક્રાફ્ટ હાઈન્ઝના સીઈઓ બનાવવામાં આવ્યા, ત્યારે કામ સ્પષ્ટ હતું - કંપનીને બે ભાગમાં તોડવાનું. પરંતુ માત્ર છ અઠવાડિયામાં તેમણે તે નિર્ણય બદલી નાખ્યો. તેમણે બોર્ડને સમજાવ્યું, વોરેન બફેટના ઉત્તરાધિકારી ગ્રેગ એબેલને ફોન કર્યો અને કહ્યું, 'આ કંપની સુધરી શકે છે, તોડવાની જરૂર નથી.' આ કોઈ નાનો નિર્ણય નહોતો. સતત 9 ત્રિમાસિકથી ઘટતું વેચાણ, શેરમાં ઘટાડો અને ગ્રાહકોનું સસ્તા બ્રાન્ડ્સ તરફ જવું, બધું જ ક્રાફ્ટ હાઈન્ઝની વિરુદ્ધ હતું. ઓસ્કર મેયર, ફિલાડેલ્ફિયા ક્રીચ ચીઝ, જેલ-ઓ, કૂલ-એડ જેવા દાયકાઓ જૂના બ્રાન્ડ્સની ઓળખ તો છે, પરંતુ જેમ કેહિલેન પોતે કહે છે, 'લોકો ટી-શર્ટ ખરીદવા માંગે છે, પ્રોડક્ટ નહીં. આપણે બંને વેચાવવાના છે.' 60 વર્ષના કેહિલેન ફૂડ ઈન્ડસ્ટ્રીના જૂના ખેલાડી છે. આ પહેલા તેઓ કેલોગ કંપનીને બે ભાગમાં વહેંચી ચૂક્યા હતા. સ્નેક્સનો ભાગ કેલાનોવા બન્યો અને માર્સે તેને 36 અબજ ડોલર (હાલના હિસાબે 3.4 લાખ કરોડ રૂપિયા)માં ખરીદી લીધો. એટલે કે



કંપની તોડવાનો અનુભવ તેમની પાસે હતો, પરંતુ આ વખતે તેમણે તે ન કર્યું જેની તેમની પાસેથી અપેક્ષા હતી. તેમનો તર્ક સીધો હતો - જો અત્યારે તોડવામાં આવે, તો બંને ભાગ નબળા પડશે. પહેલા કંપનીને મજબૂત કરો, પછી વિકલ્પો ખુલ્લા રહેશે.

પડકારો ઓછા નથી. વજન ઘટાડતી દવાઓએ લોકોની ખાવાની આદતો બદલી નાખી છે. અમેરિકામાં 'અલ્ટ્રા-પ્રોસેસ્ડ ફૂડ' પર રાજકીય ચર્ચા ચાલી રહી છે. ઈરાન યુદ્ધથી તેલની કિંમતો વધી રહી છે, જે સપ્લાય ચેઈનને અસર કરી શકે છે. કેહિલેન માને છે કે છેલ્લા 10 વર્ષમાં કંપનીએ ગ્રાહકોને અવગણ્યા અને માત્ર નફા પર ધ્યાન આપ્યું. આ જ સૌથી મોટી ભૂલ હતી. પરંતુ કેહિલેન આત્મવિશ્વાસથી ભરપૂર દેખાય છે. 35,000 કર્મચારીઓને નવી દિશા આપવામાં આવી છે.

સંશોધન ટીમો પ્રોટીન-સમૃદ્ધ વિકલ્પો પર કામ કરી રહી છે. કૃત્રિમ રંગો અને સામગ્રી દૂર કરવાની પ્રક્રિયા પહેલેથી જ ચાલી રહી હતી. કેહિલેનની માતા આયર્લેન્ડથી હતી અને ચાર બાળકોનો ઉછેર કરતી વખતે કોલેજની ડિગ્રી મેળવી હતી. સંભવતઃ આ જ જીદ તેમને વારસામાં મળી છે.

ક્રાફ્ટ હાઈન્ઝ વિશ્વની પાંચમી સૌથી મોટી ફૂડ એન્ડ બેવરેજ કંપની છે. વોરેન બફેની ફર્મ બર્કશાયર હેથવે અને રોકાણ ફર્મ 3જી કેપિટલે 2015માં હાઈન્ઝ અને ક્રાફ્ટ ફૂડ્સનું વિલિનીકરણ કરાવ્યું હતું.

# કયા કારણે રૂપિયો 95ને પાર કરી ગયો?

**મુંબઈ, તા.31**

ઈરાન-ઈઝરાયલ યુદ્ધ અને મધ્ય-પૂર્વના દેશોમાં વધી રહેલા તણાવની સીધી અસર ભારતીય રૂપિયા પર જોવા મળી રહી છે. સોમવારે ભારતીય રૂપિયાના મૂલ્યમાં ઐતિહાસિક કડાકો બોલાયો હતો અને ઈતિહાસમાં પહેલીવાર રૂપિયો પ્રતિ ડૉલર 95ના ઓલ-ટાઈમ લો લેવલને પાર કરી ગયો હતો. જોકે, દિવસના અંતે 15 પૈસાની મજબૂતી સાથે તે 94.70 પર બંધ રહ્યો હતો. ફોરેન એક્સચેન્જ માર્કેટમાં મચેલા આ હાહાકાર વચ્ચે દેશની સૌથી મોટી બૅન્ક, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા(SBI)નો એક મહત્ત્વનો રિપોર્ટ સામે આવ્યો છે, જેમાં રિઝર્વ



બૅન્ક ઑફ ઈન્ડિયા(RBI)ને રૂપિયાના મૂલ્યને બચાવવા માટે તાત્કાલિક પગલાં લેવાની સલાહ આપવામાં આવી છે.

SBIના ઈકોનોમિક રિસર્ચ રિપોર્ટમાં સૂચન કરવામાં આવ્યું છે કે ભારત પાસે હાલમાં 700 અબજ ડૉલરથી વધુનું વિદેશી મુદ્રા ભંડાર(Forex Reserve) છે, જે આગામી 10 મહિનાથી વધુના આયાત ખર્ચને પહોંચી વળવા માટે પૂરતું છે. બૅન્કનું કહેવું છે કે RBIએ આ ભંડારનો ઉપયોગ બજારમાં દખલગીરી કરવા અને રૂપિયાને વધુ પડતો ઘટતો અટકાવવા માટે કરવો જોઈએ. રિપોર્ટ અનુસાર, આટલું મજબૂત વિદેશી મુદ્રા ભંડાર સટ્ટાખોરોને ડરાવવા માટે પૂરતું છે અને જો કેન્દ્રીય બૅન્ક બજારમાં ડૉલર વેચવાનું શરૂ કરે, તો રૂપિયામાં જોવા મળી રહેલો આ ઘટાડો તાત્કાલિક અટકી શકે છે.

SBI દ્વારા એવું પણ સૂચવવામાં આવ્યું છે કે ઓઈલ કંપનીઓ માટે ડૉલરની ખરીદી અર્થે એક અલગ 'સ્પેશિયલ વિન્ડો'ની સુવિધા હોવી જોઈએ. અત્યારે ભારતની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ(OMCs) દરરોજ બજારમાંથી અંદાજે 250થી 300 મિલિયન ડૉલર ખરીદે છે.

# છોટા ઉદેપુરમાં ₹200 કરોડના રોડના કામો પર સંકટ, ડામરના ભાવવધારા અને અછતે કોન્ટ્રાક્ટરોની કમર તોડી!



**અમદાવાદ, તા.31**

છોટા ઉદેપુર જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) તથા જિલ્લા પંચાયત હસ્તકના અંદાજે 200 કરોડ રૂપિયાના ડામરના રસ્તાની કામગીરી બંધ થઈ જાય તેવી કપરી સ્થિતિનું નિર્માણ થયું છે. મિડલ ઈસ્ટમાં યુદ્ધ જેવી વૈશ્વિક પરિસ્થિતિની અસર હવે સ્થાનિક વિકાસ કામો પર જોવા મળી રહી છે, જેમાં ડામર અને ક્રુડ ઓઈલના ભાવમાં થયેલા તોતિંગ વધારાએ કોન્ટ્રાક્ટરોની હાલત કફોડી કરી દીધી છે.

મળતી માહિતી અનુસાર, ડામરના ભાવ જે અગાઉ પ્રતિ ટન 53,000 રૂપિયા હતા, તે વધીને 62,000 રૂપિયા થઈ ગયા છે. આમ, સીધો 9,000 રૂપિયાનો વધારો ઝીંકાયો છે. આ ઉપરાંત ડામર મિશ્રણમાં વપરાતા L.D.O. (લાઈટ ડીઝલ ઓઈલ) ના ભાવ 53 રૂપિયાથી વધીને 63 રૂપિયા પ્રતિ લિટર થઈ ગયા છે. રિફાઈનરીઓમાંથી ડામરનો પૂરતો જથ્થો ન મળતા કામગીરી ઠપ્પ થવાના આરે છે. પહેલી તારીખથી હજુ પણ ભાવ વધવાની શક્યતાએ કોન્ટ્રાક્ટરોની ચિંતામાં વધારો કર્યો છે.

છોટા ઉદેપુર જિલ્લાના નસવાડી, બોડેલી, સંખેડા, કવાંટ, પાવીજેતપુર, છોટા ઉદેપુર અને કદવાલ એમ સાતેય તાલુકાઓમાં હાલમાં 10 જેટલી એજન્સીઓ ડામર રોડનું કામ કરી રહી છે. હોળીના વેકેશન બાદ માંડ કામ શરૂ થયા હતા ત્યાં જ આર્થિક સંકટ આવી પડ્યું છે. સ્થાનિક કોન્ટ્રાક્ટરનું કહેવું છે કે, એસ્ટિમેન્ટ વખતે ડામરના ભાવ ઓછા હતા, પરંતુ હાલમાં આસમાને પહોંચેલા ભાવને કારણે કામ ચાલુ રાખવું અશક્ય બન્યું છે. જો આ જ સ્થિતિ રહી તો અમારે કામ બંધ કરવાની ફરજ પડશે.

જો આ કામગીરી બંધ થશે તો તેની માઠી અસર માત્ર રસ્તાઓ પર જ નહીં, પણ અન્ય ક્ષેત્રો પર પણ પડશે. હજારો મજૂરોની રોજીરોટી છીનવાઈ જશે. કપચી અને મેટલ બનાવતા પ્લાન્ટ્સને ઓર્ડર મળતા બંધ થશે, જેનાથી તે ઉદ્યોગોને પણ તાળા વાગવાની નોબત આવશે. રોડના કામો અટકવાથી સરકારને મળતી મોટી રકમની રોયલ્ટીની આવકમાં પણ મોટું નુકસાન જશે. સમય મર્યાદામાં કામ પૂરું ન થાય તો કોન્ટ્રાક્ટરોને પેનલ્ટી (દંડ) ભરવાનો પણ ભય સતાવી રહ્યો છે. હાલ તો જિલ્લાના વિકાસના પૈડાં ડામરના ભાવવધારામાં અટવાયા છે, ત્યારે સરકાર આ બાબતે કોઈ રાહત આપે છે કે કેમ તે જોવું રહ્યું.

# એક તરફ લાખો યુવાનો બેકાર બીજી તરફ બીજે નોકરી હોવા છતાં AMC માં નોકરી મેળવી રાજીનામાનો ખેલ....

## પહેલેથી સરકારી નોકરી કરનારા ઉમેદવારોના ડોકયુમેન્ટ સેન્ટ્રલ ઓફિસ ચકાસણી સમયે કરતી હોય તો રાજીનામા જ ના પડે

**અમદાવાદ, તા.31**

એક તરફ લાખો યુવાનો બેકાર છે.બીજી તરફ બીજે સરકારી કે અર્ધ સરકારી સંસ્થાનમાં નોકરી હોવા છતાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નોકરી મેળવી માત્ર ત્રણ મહિનામા ૨૯ જુનીયર કલાર્કે રાજીનામા ધરી દેતા કોર્પોરેશન તંત્રને આ રાજીનામા મંજુર કરવા પડયા છે.મ્યુનિસિપલ કોર્પોરેશનની સેન્ટ્રલ ઓફિસ તમામ ઉમેદવારોના ડોકયુમેન્ટનુ વેરીફિકેશન કરવામા આવતુ હોય છે.ડોકયુમેન્ટ વેરીફિકેશનની પ્રક્રીયામાં પહેલેથી અન્ય સ્થળે નોકરી કરનારા ઉમેદવારોને અલગ કેટેગરીમા મુકાય તો જેમને ખરેખર નોકરીની જરુર છે તેવા ઉમેદવારોને તક મળી શકે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૨૯ ડિસેમ્બર-૨૦૨૫ના રોજ ૭૩ જેટલા ઉમેદવારોની જુનીયર કલાર્ક તરીકે



જુદા જુદા વિભાગોમાં નિમણૂંક કરવામા આવી હતી.નિમણૂંકના માત્ર ત્રણ મહિનાની અંદર એટલે કે ૨૫ માર્ચ-૨૦૨૬ના રોજ એકસાથે ૨૯ જુનીયર કલાર્કના રાજીનામા મ્યુનિસિપલ કમિશનરની સહીથી સેન્ટ્રલ ઓફિસ દ્વારા મંજુર કરવામા આવ્યા છે. ખેલ કેવો ખેલાય છે કે, પહેલા સત્તાધારી પક્ષ અમે આટલા લોકોને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નોકરી આપી એવી જાહેરાત કરી ઉમેદવારોને નિમણૂંકપત્ર આપતા ફોટા પડાવીને સોશિયલ મિડીયામા વાઈરલ કરી વાહવાહ મેળવે છે. ગણતરીના મહિનામા જ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જુનીયર કલાર્ક તરીકે નોકરી મેળવનારા ઉમેદવારો સેન્ટ્રલ ઓફિસને કહે છે, સોરી અમે પહેલેથી બીજી જગ્યાએ નોકરી કરતા હોવાથી અમારી કરવામા આવેલી નિમણૂંક રદ કરશો.અમે હાજર થઈ શકીશુ નહીં.સમય અને નાણાંની બરબાદી પછી પણ આ ૨૯ જગ્યાના ઉમેદવારોના ડોકયુમેન્ટ યોગ્ય રીતે તપાસ કરવામા આવ્યા હોત તો બીજા લાયક ઉમેદવારોને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નોકરી મળી શકી હોત.

# ગાયકવાડ હવેલી વિસ્તારમાં યુવકે પ્રેમ પ્રકરણમાં રિક્ષા સળગાવી, સમગ્ર ઘટના CCTVમાં કેદ.....

**અમદાવાદ, તા.31**

અમદાવાદના ગાયકવાડ હવેલી વિસ્તારમાં પ્રેમ પ્રકરણની અદાવતમાં એક શખસે રિક્ષા સળગાવી આતંક મચાવ્યો હોવાની ઘટના સામે આવી છે. રિક્ષાચાલક પ્રદીપ ચૌધરીએ સાળીને હેરાન કરવાની ના પાડતા ઉશ્કેરાયેલા શખસે આજીવિકાના સાધન સમાન રિક્ષાને આગ ચાંપી દીધી હતી. આ સમગ્ર ઘટના નજીકના CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે.

મળતી માહિતી અનુસાર,, ભોગ બનનાર રિક્ષાચાલક પ્રદીપ ચૌધરીની સાળીને મિલન કહાર નામનો શખસ અવારનવાર હેરાન કરતો હતો. આ બાબતની જાણ પ્રદીપભાઈને થતા તેમણે મિલન કહારને અટકાવ્યો હતો અને સાળીનો પીછો ન કરવા તથા હેરાન ન કરવા માટે સમજાવ્યો હતો. પોતાને ટોકવામાં આવતા મિલન કહાર ઉશ્કેરાઈ ગયો હતો અને તેણે બદલો લેવાની ફિરાકમાં રાત્રિના સમયે પ્રદીપ ચૌધરીની રિક્ષાને આગ ચાંપી દીધી હતી. આગ એટલી ભયાનક હતી કે જોતજોતામાં આખી રિક્ષા બળીને ખાખ થઈ ગઈ હતી.

રિક્ષા સળગાવવાની આ ઘટનાના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે. વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે આરોપી મિલન કહાર રિક્ષા પાસે પહોંચે છે અને જ્વલનશીલ પદાર્થ છાંટી રિક્ષાને સળગાવીને ત્યાંથી ભાગી જાય છે. આ ફૂટેજ હવે પોલીસ તપાસમાં મુખ્ય પુરાવો સાબિત થશે. પોતાની આજીવિકાનું એકમાત્ર સાધન છીનવાઈ જતા રિક્ષાચાલક પ્રદીપ ચૌધરીએ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં મિલન કહાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધી આરોપીની અટકાયત કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# બાપુનગરમાં અસામાજિક તત્ત્વોનો આતંક, ભાજપ કોર્પોરેટરની ઓફિસ અને વાહનોમાં તોડફોડ

**અમદાવાદ, તા.31**

અમદાવાદના બાપુનગર વિસ્તારમાં અસામાજિક તત્ત્વોએ જાહેરમાં આતંક મચાવી ભયનું વાતાવરણ ઊભું કર્યું છે. પેરોલ પર બહાર આવેલા રીઢા ગુનેગારે તેના સાગરીતો સાથે મળીને ભાજપના કોર્પોરેટરની ઓફિસમાં તોડફોડ કરી હતી અને એક વૃદ્ધને લોખંડની પાઈપ વડે ફટકારી ગંભીર ઈજા પહોંચાડી હતી. મળતી માહિતી અનુસાર, આ હિંસક હુમલા પાછળ જેલની મિત્રતા અને પૈસાની લેતીદેતી હોવાનું સામે આવ્યું છે. ફરિયાદી નલીન મિસ્ત્રીનો પુત્ર દેવાંગ અગાઉ સાબરમતી જેલમાં હતો, જ્યાં તેની મુલાકાત આરોપી જીગર પટેલ ઉર્ફે જીગર કાઠીયાવાડી સાથે થઈ હતી. પેરોલ પર બહાર આવેલા જીગરે ગત 28મી માર્ચના



રોજ દેવાંગ પાસે 'ખર્ચા'ના પૈસાની માંગણી કરી હતી, જે બાબતે બંને વચ્ચે નિકોલમાં ઘર્ષણ થયું હતું.

આ જૂની અદાવત રાખીને 30મી માર્ચની મોડી રાત્રે જીગર કાઠીયાવાડી, તેનો ભાઈ સેવુલ પટેલ અને અન્ય સાગરીતો હથિયારો સાથે નલીનભાઈના ઘરે પહોંચ્યા હતા. આરોપીઓએ ત્યાં તોડફોડ શરૂ કરી હતી. ગુજરાત હાઉસિંગ બોર્ડ પાસે આવેલી ભાજપ કોર્પોરેટર પ્રકાશ ગુર્જરની ઓફિસની બહાર રાખેલી તિજોરી, બોર્ડ અને શેડના પંખામાં તોડફોડ કરી હતી. અસામાજિક તત્ત્વોએ આસપાસ પાર્ક કરેલા રહીશોના વાહનોના કાચ તોડી નાખ્યા હતા. દેવાંગ ન મળતા આરોપીઓએ તેના પિતા નલીનભાઈને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને લોખંડની પાઈપ વડે હુમલો કરી ઈજા પહોંચાડી હતી. ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. બાપુનગર પોલીસે નલીનભાઈની ફરિયાદના આધારે ગુનો દાખલ કર્યો છે. પોલીસે કોર્પોરેટરની ઓફિસની બહાર લાગેલા સીસીટીવી ફૂટેજ કબજે કર્યા છે, જેમાં આરોપીઓ તોડફોડ કરતા કેદ થયા છે. હાલમાં ફરાર આરોપીઓને ઝડપી પાડવા પોલીસે અલગ-અલગ ટીમો બનાવી ચક્રો ગતિમાન કર્યા છે.


# અમદાવાદના નારણપુરામાં વહેલી સવારે સિલિન્ડર બ્લાસ્ટ, 5 લોકો દાઝ્યાં, આસપાસના મકાનોના કાચ તૂટ્યાં.....

**અમદાવાદ, તા.31**

અમદાવાદના નારણપુરા વિસ્તારમાં આવેલી ચામુંડાનગર વસાહતમાં મંગળવારે (31 માર્ચ) વહેલી સવારે એક ગંભીર દુર્ઘટના ઘટી હતી. એક મકાનમાં એલપીજી ગેસ સિલિન્ડર ફાટતા ભયાનક આગ લાગી હતી, જેમાં ઘરમાં સૂતેલા પાંચ લોકો ગંભીર રીતે દાઝી ગયા છે. વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે આજુબાજુના બે મકાનોના બારી-બારણાના કાચ પણ ફૂટી ગયા હતા.

મળતી માહિતી અનુસાર, વહેલી સવારે અંદાજે 5:30 વાગ્યે નારણપુરાના ચામુંડાનગરમાં ગેસ લીકેજ અંગેનો ફાયર વિભાગને કોલ મળ્યો હતો. ફાયરની ટીમ ઘટનાસ્થળે પહોંચે તે પહેલા જ મકાનમાં ભરાયેલા ગેસને કારણે સિલિન્ડર બ્લાસ્ટ થયો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ગેસ લીકેજને કારણે આખા ઘરમાં ગેસ ફેલાયેલો હતો અને કોઈ કારણોસર તણખલો કે આગ મળતા આ મોટો ધડાકો થયો હતો.

બ્લાસ્ટ સમયે મકાનમાં હાજર 35 વર્ષીય રાજુભાઈ, 45 વર્ષીય



હીરાભાઈ, 46 વર્ષીય મણિલાલ, 50 વર્ષીય સોહનભાઈ અને અન્ય એક વ્યક્તિ આગની ઝપેટમાં આવી જતાં ગંભીર રીતે દાઝી ગયા હતા. સ્થાનિક લોકોએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ બોલાવી તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે સોલા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યા છે.

સિલિન્ડર બ્લાસ્ટને કારણે મકાનનો સામાન અને ગાદલા બળીને ખાખ થઈ ગયા હતા. ધડાકો એટલો જોરદાર હતો કે મકાનના છત અને દીવાલોના પોપડા ઉખડી ગયા હતા. આસપાસ રહેતા લોકોમાં પણ ફાળ પડી હતી અને લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. ફાયર ફાઈટરોએ ઘટનાસ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી છે.

# સિંધુથી સાબરમતીની સફર: અમદાવાદમાં 9 વર્ષમાં 1295 પાકિસ્તાનીઓ બન્યા ભારતીય નાગરિક

**અમદાવાદ, તા.31**

ભારત-પાકિસ્તાનના ભાગલા સમયે મોટી સંખ્યામાં પાકિસ્તાનમાં રહેતા હિન્દુઓ સિંધુથી સાબરમતીની સફર ખેડી અમદાવાદ આવ્યા હતા. જો કે, 78 વર્ષથી સતત આ સફર ચાલતી આવી છે. ભારતના નાગરિક બનવા માટે દર વર્ષે અમદાવાદમાં રહેતા 150 જેટલા પાકિસ્તાની લઘુમતીઓ દ્વારા અરજી કરવામાં આવે છે. આમ છેલ્લાં 9 વર્ષમાં અમદાવાદમાં 1295 પાકિસ્તાની લઘુમતીઓ ભારતની નાગરિકતા મેળવી સત્તાવાર રીતે દેશના નાગરિક બન્યા છે. આઝાદીના 78 વર્ષ બાદ આજે પણ કેટલાક પાકિસ્તાનીઓ લગ્ન કરીને તથા સતામણીથી બચવા અને ઉજ્જવળ ભવિષ્ય માટે ભારતમાં આવીને સ્થાયી થઈ રહ્યા છે. ત્યારે મળતી વિગતો અનુસાર, છેલ્લાં દસેક વર્ષમાં પાકિસ્તાન છોડી અમદાવાદમાં સ્થાયી થયેલા 2049 લોકો દ્વારા ભારતના નાગરિક





બનવા માટે અરજી કરાઈ હતી. જેમાંથી અત્યાર સુધી 1295 પાકિસ્તાની હિન્દુ, શીખ, જૈન, બૌદ્ધ, પારસી અને ખ્રિસ્તીઓને અમદાવાદ જિલ્લા કલેક્ટર દ્વારા નાગરિકતા આપવામાં આવી છે. હાલ મેઘાણીનગર, સરદારનગર, બાપુનગર, નરોડા વગેરે વિસ્તારોમાં મુખ્યત્વે આવા પાકિસ્તાની હિન્દુ પરિવારો વસવાટ કરી રહ્યા છે. આ સિવાય 500થી 700 જેટલી અરજી પેન્ડિંગ તથા પ્રોસેસમાં છે. અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશના લઘુમતીઓ દ્વારા અમદાવાદમાં નહિવત અરજી કરાય છે. ઓનલાઈન અરજી કર્યા બાદ પુરાવા રજૂ કરી કલેક્ટર દ્વારા અરજદારને રાજનિષ્ઠાના શપથ લેવડાવવામાં આવે છે. તેમજ કેન્દ્ર અને રાજ્ય આઈબી (ઈન્ટેલિજન્સ બ્યુરો) દ્વારા અરજદારની તપાસ કરાય છે. આ સમગ્ર પ્રક્રિયામાં 6-8મહિના લાગી જાય છે.

સામાન્ય રીતે ગૃહ વિભાગ દ્વારા વિદેશી નાગરિકોને ભારતીય નાગરિકતા આપવાની પ્રક્રિયા કરાય છે. જો કે, વર્ષ 2016 અને 2018માં કેન્દ્ર સરકાર દ્વારા અમદાવાદ, ગાંધીનગર અને કચ્છ જિલ્લાના કલેક્ટરને અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના લઘુમતી જૂથના લોકોને ભારતીય નાગરિકતા આપવાની સત્તા અપાઈ હતી. તેમજ વર્ષ 2019માં નાગરિકતા સુધારા કાયદા (સીએએ) દ્વારા આ ત્રણેય દેશના વર્ષ 2014 પહેલાં ભારતમાં આવેલા હિન્દુ, જૈન, શીખ, પારસી, ખ્રિસ્તી અને બૌદ્ધ ધર્મના લોકો માટે નાગરિકતાના નિયમોમાં ફેરફાર કરી રેસિડેન્સી પીરિયડ 11 વર્ષથી ઘટાડી પાંચ વર્ષ કરી દેવાયો હતો.

# શેઠના નામે આવેલી APK ફાઈલ ડાઉનલોડ કરવી ભારે પડી, આધેડના ખાતામાંથી રૂ.10 લાખ સાફ

**અમદાવાદ, તા.31**

અમદાવાદમાં સાયબર ક્રાઈમના કિસ્સાઓ દિન-પ્રતિદિન વધી રહ્યા છે. તાજેતરમાં નિકોલ વિસ્તારમાં રહેતા અને વટવા GIDCની એક કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતા 50 વર્ષીય વિપુલ પટેલ સાથે 10.70 લાખ રૂપિયાની ડિજિટલ છેતરપિંડી થઈ હોવાની ઘટના સામે આવી છે. ઠગોએ ફરિયાદીના શેઠનો મોબાઈલ હેક કરી, તેમના જ વોટ્સઅપ પરથી એક જોખમી ફાઈલ મોકલી આ કાંડને અંજામ આપ્યો હતો.

મળતી માહિતી અનુસાર, 19મી ફેબ્રુઆરીના રોજ વિપુલભાઈ પોતાની નોકરી પર હતા, ત્યારે તેમના શેઠ જયંતિભાઈ પટેલના મોબાઈલ નંબર પરથી વોટ્સઅપમાં 'RTO E challan.apk' નામની એક ફાઈલ આવી હતી. શેઠના નંબર પરથી મેસેજ હોવાથી વિપુલભાઈએ કોઈ પણ શંકા વગર



RTO મેમોની વિગતો તપાસવા માટે આ ફાઈલ ડાઉનલોડ કરી હતી.

ફાઈલ ઓપન કરતાની સાથે જ તેમાં નામ અને માતાનું નામ જેવી ખાનગી વિગતો માંગવામાં આવી હતી. વિપુલભાઈને શંકા જતાં તેમણે તુરંત ફાઈલ ડિલીટ કરી દીધી હતી, પરંતુ ત્યાં સુધીમાં ઠગોએ તેમના મોબાઈલનો રિમોટ એક્સેસ મેળવી લીધો હતો. આ એક્સેસની મદદથી ઠગોએ વિપુલભાઈના ઈન્ટરનેટ બેન્કિંગના આઈડી અને પાસવર્ડ ચોરી લીધા હતા.

20મી ફેબ્રુઆરીના રોજ જ્યારે આધેડ ઘરે જઈ રહ્યા હતા, ત્યારે તેમના મોબાઈલ પર બેન્કમાંથી નાણાં કપાયા હોવાના મેસેજ આવવા લાગ્યા હતા. તપાસ કરતા માલુમ પડ્યું કે ઠગોએ તેમના ખાતા પર 5.31 લાખ રૂપિયાની ઈન્સ્ટા જમ્બો લોન મેળવી લીધી હતી. 4.50 લાખ રૂપિયાની ઈન્સ્ટા લોન મંજૂર કરાવી હતી. ખાતામાં રહેલી બચત અને લોનની રકમ મળી કુલ 10.70 રૂપિયા લાખ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી લીધા હતા.

પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું સમજાતા જ વિપુલભાઈએ તાત્કાલિક સાયબર હેલ્પલાઈન 1930 પર સંપર્ક કર્યો હતો અને ત્યારબાદ અમદાવાદ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ નોંધાવી હતી. હાલ પોલીસ આ મામલે ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસ કરી રહી છે.

ઉલ્લેખનીય છેકે, કોઈ પણ અજાણી વ્યક્તિ કે જાણીતી વ્યક્તિના નંબર પરથી પણ જો apk

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**
**આપે છે તક...**
**બનો સોશિયલ જર્નાલિસ્ટ**
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
**વોટ્સએપ નંબર - 8980070599**





